સંસ્થાપક · રવિશંકર રાવળ

સ્વપ્નશીલ

ફોટો · અશ્વિન મહેતા




કુમાર

આવતી કાલનાં નાગરિકોનાં સાહિત્ય, કલા, જ્ઞાન અને સંસ્કારઘડતરનું એકમાત્ર માસિક

તંત્રી · બચુભાઈ રાવત

માર્ચ ૧૯૬૬

અંક ૫૦૭



મેઘલી રાત ૧૭મી સદીની મોગલ શૈલીનું એક ચિત્રરત્ન

('બ્લૉક' 'એસ્સો સ્ટાન્ડર્ડ-ઇન્ડિયા'ના સૌજન્યથી)

વાચકો લખે છે

'શેક્સપીઅરની નાટ્યકથાઓ' અને 'વીજળી' મળી. બંને કૃતિઓ કિશોરો તેમ જ પ્રૌઢોએ વાંચવા જેવી છે. તેમાં ય આ 'નાટ્યકથાઓ'ને આ વર્ષના સાહિત્યનો એક બનાવ ગણી શકાય. એમાં વાર્તા છે, નાટક છે, સાહિત્યરસ છે. એ દ્વારા શેક્સપીઅરની પ્રતિભાનો ગુણાકાર કરી શકાય એવી, સમગ્ર ચિત્તને આસ્વાદ સાથે ઉત્તેજે, આનંદ આપી જીવનની ગહનતા વિષે વિચાર કરતું કરી મૂકે એવી સામગ્રી છે. 'મૅકબેથ' જેવા નાટકનું ઉમાશંકરભાઈનું પૂરું ભાષાંતર મળશે ત્યારે ખરું; ઉમાશંકરભાઈની 'શેક્સપીઅર'ની પુસ્તિકા અને શ્રી પારેખની આ 'નાટ્યકથાઓ' આપણી એ મહાન કવિને—કવિ, નાટકકાર, જીવનચિન્તકને—શ્રદ્ધાંજલિરૂપ છે...

ગઈ સાલ પ્રિ. સંતપ્રસાદ ભટ્ટે શેક્સપીઅર વિષે 'સંસ્કૃતિ'માં લેખમાળા આપી એમાં લેખકનું પાંડિત્ય, વિવેચકશક્તિ, કલ્પના અને ગુજરાતી ભાષાને કેળવીને વાપર્યાનો પ્રભાવ પ્રસન્ન કરે એવાં જણાય છે. એ લેખો પણ ગ્રંથ રૂપે બહાર પડશે. કદાચ પ્રિ. ભટ્ટનો અંગ્રેજી ગ્રંથ પણ પડવામાં છે... ગુજરાત યુનિવર્સિટીના 'વિદ્યા' સામયિકમાં પણ બેચાર ગુજરાતના વિદ્વાનોના (પ્રિ. કાલિદાસ દેસાઈ, પ્રો. ઈલાબહેન વર્મા વગેરેના) સુંદર લેખો આવ્યા છે. પ્રો. રમણ ઉમરવાડિયાનો શેક્સપીઅર ઉપરનો મહાનિબંધ વડોદરા યુનિ.એ પીએચ. ડી. માટે સ્વીકાર્યો છે.

હમણાં એક વિદ્વાનની કલ્પના, અટકળ તરફ ધ્યાન ગયું: યાજ્ઞવલ્ક્ય ગુજરાતના હતા અને એમનું વતન વડનગર હતું! મને ખબર નહોતી. યાજ્ઞવલ્ક્ય વિશ્વામિત્રના કુટુમ્બના હતા...

(સૂરત) —વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

આ (જાન્યુ.) અંકથી એક મિત્રનું લવાજમ મેં ભર્યું છે. એને મેં જણાવ્યું ત્યારે એના તરફથી ખબર મળેલા કે એવા ખોટા ખર્ચ પોસાય નહિ. 'કુમાર'ના આદર્શ વિષે મેં લખેલું એનો જવાબ મળ્યો કે મોટા માણસો આદર્શની વાતો કરી આપણને ફસાવે છે અને અંતે આપણે ક્યાંયના રહેતા નથી! પણ જાન્યુ. અંક એના હાથમાં આવ્યો, ને મારા પર પત્ર આવ્યો: 'ફાધર વાલેસના વ્યક્તિઘડતરના અગાઉના ૧ થી ૬ લેખો વાંચવાની ઇચ્છા થઈ છે. ૭મો લેખ રૂ. ૧૫ વસૂલ કરે તેવો વાંચ્યો છે!'

આ અંકમાં નાનકડી બેબીના નાનકડા મનની નાનકડી વાત ખૂબ ગમી. ડૉ. પરીખને અભિનંદન. શાસ્ત્રીજીની વાત ગમી ખરી, પણ લલિતાદેવીનો ખાસ ઉલ્લેખ જરૂરી હતો. એના વિના લેખ ઊણો રહી ગયો.

વડાં પ્રધાનના લેખમાં ઘણી બધી તસ્વીરો છાપી. કેટલીક તો પ્રથમ વાર જ જોવા મળી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી 'કુમાર'માં નવાનવા વિભાગો શરૂ થયા છે, જેમાંના મોટા ભાગના જરાક ઝબકીને વિલાઇ ગયા છે. પણ 'કલાવાર્તા' વિભાગ હમેશાં આકર્ષક અને વધુ ખીલતો ગયો છે. બધા લેખો સાથે રાખતાં ચિત્ર-સભર કલાકોષ બની જાય! સાહિત્ય-સંપર્ક પણ ઠીકઠીક ઉપયોગી છે.

બહુ જ ટૂંકાં પ્રતીકો ઠેકઠેકાણે વાપરવાની 'કુમાર'ની ટેવ મઝાની છે. જેમકે 'લોહીનું એક બિંદુ'ની બાજુમાં મોટું ટપકું મૂકી દીધું છે. એવું દરેક અંકમાં ક્યાંક જડી જ આવે છે. એટલી જ ચીવટ પૂઠાના સંયોજનની છે. આ વખતે પણ ત્રણ પટ્ટામાં ત્રણ પાત્રો સહુને અનુરૂપ રંગોમાં ભરી દીધા છે.

જાતીય જ્ઞાન બાબત ને સ્ત્રી-પુરુષના સંબંધ બાબત ગયા અંકમાં મારું સૂચન આપે છાપ્યું છે. મારી પાસે દાદા ધર્માધિકારીની પુસ્તિકા 'સ્ત્રી-પુરુષ સહજીવન'(યજ્ઞ પ્રકાશન વડોદરા) છે. ત્રણ-ચાર વખત મેં વાંચી છે. કદાચ બીજા કોઇએ આ વિષય પર આટલું સચોટ નહિ લખ્યું હોય. એમની વાતો રૂઢિચુસ્ત નથી પણ ક્રાંતિકારી છે. કોઈ વિદેશી જ્ઞાતાને પણ ગળે ઊતરી જાય એવી વાતો લખી છે. એના આધારે અથવા એમાંથી જ ઘણી વાતો 'કુમાર'માં આપી એક અઘરા વિષયનું સરળ માર્ગદર્શન આપી શકાશે. અમેરિકામાં આ વિષય શીખવવો એવું સહુ કબૂલે છે પણ કઈ રીતે શીખવવો એનું ભાન નથી. એમના હોબાળા વચ્ચે આવડી અમથી પુસ્તિકાનું ડિમડિમ ચાલે નહિ, પણ જોરદાર આધાર મળે તો આ વિષયમાં દિશાદર્શન કરાવી ઘણાને નવા વિચારો આપી શકાય.●

(મુલુંદ) —રમેશ બી. શાહ

[● પોતાની ચાલુ લેખમાળા ચારેક માસમાં પૂરી કર્યા પછી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી આ વિષય હાથમાં લેવાનું વિચારી રહ્યા છે.]

ઘણી ઘણી વ્યક્તિઓના જીવનઘડતરમાં 'કુમારે' પોતાનો ફાળો આપ્યો છે. મને હજી યે સ્પષ્ટરીતે યાદ છે કે બાળપણમાં ગુજરાતી પાંચમા ધોરણમાંથી પાસ થઇને છઠ્ઠા ધોરણમાં ગયાનું પરિણામ દર્શાવતા દિને 'વૅકેશન' માટે વાર્તાની ચોપડીને બદલે મારા હાથમાં સ્કૂલમાંથી પ્રથમ વાર 'કુમાર'ના છ અંકોની એક ફાઈલ આવેલી અને તેમાંથી 'હાથીના શિકાર'ની વાર્તા વાંચ્યા બાદ હું 'કુમાર'નો વાચક બન્યો હતો. તે ઉમરે હું સાહિત્યના અન્ય વિભાગોથી આકર્ષાએલો નહિ, પરંતુ વાર્તાસાહિત્યનો તથા અન્ય જીવનોપયોગી સામગ્રીનો રસાસ્વાદ સારી પેઠે માણેલો.

'કુમાર'ના આ સંસ્કાર-વારસાએ મારામાં તથા મારા કુટુંબમાં તેની સુવાસ હજી પણ મઘમઘતી રાખી છે. મારા બીજા પુત્ર રાહુલે 'કુમાર'નું રસપૂર્વક પાન કરી પ્રેરણાઓ મેળવી છે. સૌથી નાનો દસેક વરસનો પુત્ર યોગેન ત્રણ માસ પર અત્રે મારી સાથે સિલોનમાં હતો ત્યારે તેણે મારી સાથમાં લાવેલા 'કુમાર'ના જૂના અંકો વાંચી સમય પસાર કરવા સાથોસાથ ચિત્રોની આવડે તેવી નકલો કરી તેમાંથી પ્રેરણાઓ લીધી હતી. કવિતા સિવાયની બીજી સામગ્રી તે રસપૂર્વક વાંચીને વાગોળતો ત્યારે મને તેનું વય જોતાં આશ્ચર્ય થએલું કે 'કુમાર'નું ભારેખમ ગણાતું લખાણ આ બાળકને કેવી રીતે આકર્ષી શક્યું? 'કુમાર'ની આ જ મહત્તા છે કે બાળકની સુષુપ્ત જ્ઞાનપિપાસાને તે ઢંઢોળીને જાગ્રત કરે છે અને ભવિષ્યમાં જેનો વિકાસ થવાનો છે તે વસ્તુની પ્રેરણાનાં બીજ વાવે છે.

(વેયાનગોડા-સિલોન) —લક્ષ્મીપ્રસાદ સેવક

'કુમાર' અંક ૫૦૫માં ૩૯મા પાને 'જમને તેડું નહિ ને બાવળને ખેડૂ નહિ'નો ભાવાર્થ સમજાવતાં ભૂલ થઇ લાગે છે. 'બાવળને ખેડૂ (ખેડૂત) ક્યારે કાપીને કામમાં લેશે તે કહેવું મુશ્કેલ છે' (ખેતીમાં બાવળ ખૂબ ઉપયોગી હોય છે) એમ લખાવું જોઇએ. વળી ખેડવાથી કોઈ ચીજ ઊગતી નથી, વાવવાથી ઊગે છે.

(દુર્ગાપુર) —નવનીતરાય મહેતા

ડિસેમ્બર 'કુમાર'માં 'ધીરે વહે છે દોન'ના કથાતંતુમાં 'મેલેખૉવ કુટુંબનો 'સૌથી મોટો પુત્ર ગ્રેગોર છે' તે ખોટું છે. હકીકતમાં ગ્રેગોર એના પિતાનો બીજો પુત્ર છે, પહેલો પુત્ર તે Pyotr. ગ્રેગોર નવલકથાનું મહત્ત્વનું પાત્ર છે પણ તેથી તે પિતાનો (સૌથી મોટો નહિ) બીજો પુત્ર છે એ હકીકત મરી જતી નથી.

(મુંબાઈ) —નીલમ દીવાન

'કુમાર'માંનાટકોની ગ્રણુપવર્તાઇ આવે છે. આ માટે વર્ષમાં ચાર જેટલાં નાટકો તો પીરસવાં જ.જૂના અંકોનાં 'વહીવટનો વારસો', 'નરસિંહ મહેતાની હુંડી' 'મ માને ઘેર' જેવાં નાટકો ચિરસ્મરણીય છે. ઉક્ત નાટકો મ સફળતાપૂર્વક તખ્તા પર રજૂ કયા છે.

(વાપી) —ધીરુભાઈ આર. નાયક

'ચીતરવું સહેલ છે' એ વિભાગ મને લાગે છે કે બંધ થઈ ગયો છે. હું તો ધારતો હતો કે રંગકામ કેમ કરવું ત્યાં સુધીની આ વિભાગમાં સમજણ અપાશે. આશા છે, આ વિભાગમાં આગળ સમજણ અપાય.

(નાની વાવડી) —ચંદુભાઈ

[● રંગકામ સિવાયના હપતા આવશે.]

દર અંકે 'કુમાર' એક જીવનચરિત્ર આપે છે જે વ્યક્તિ-ઘડતરના કાર્યમાં ખૂબ પ્રેરણા અને હિંમત આપનાર નીવડયાં છે. કદાચ મને ખયાલ ન પણ હોય, પરંતુ મારું માનવું છે કે સ્વર્ગનાં પુસ્તકો લખી જનાર સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયારની જીવનકથા હજુ નથી આવી. વાચકોમાંના તેમના પરિચયમાં આવનાર સૌકોઈને વિનતિ છે કે હું તેમના જીવન અને સાહિત્ય વિષે Ph. D. કરતો હોઈ મને લેખો, સંસ્મરણો, ચિત્રો, જે કાંઈ સામગ્રી મોકલાશે તે માટે આભારી થઇશ.

(૧૯લક્ષ્મીવાડી;રાજકોટ) સામંતસિંહ બારડ

સુરત શહેરની પૂર્વમાં દસેક માઈલની અંદર એવાં ઘણાં ગામ છે જેના અંત્યે 'દરા' પ્રત્યય આવે છે. દા.ત. કઠોદરા, કાપદરા, કડોદરા, પાસોદરા, પીલુદરા વગેરે. આ બધાં ગામ કઈ સદીમાં વસ્યાં હશે? કોણે વસાવ્યાં હશે? 'દરા' પ્રત્યય ક્યારથી શરૂ થયો? આ ગામોમાં મુસલમાનોની વસ્તી ખાસ નથી, પણ અટોદરા એક્લેરા ગામોમાં મોટે ભાગે મુસલમાનો રહે છે.એમ તો 'વડોદરા'માં પણ 'દરા' આવે છે અને ગુજરાતમાં બીજે પણ 'દરા' પ્રત્યયવાળાં ગામો હશે જ. ઇતિહાસને આવાં ગામો સાથે ચોક્કસ કંઈક સંબંધ હશે?

(સુરત) —ભગુભાઈ લાડ

આરંભથી હું 'કુમાર'નો ઋણી છું. આજે પણ મારી પુત્રી અને બીજા વિદ્યાર્થીઓમાં એના જ વાચન માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા કરું છું. મારા જીવનના ઘડતર માટેની પ્રેરણા અને સહાય આપનારી વ્યક્તિઓ અને વસ્તુઓમાં 'કુમારે' ખૂબ જ અગત્યનો અને અગ્રતમ ભાગ લીધો છે.

૫૦૦મા અંકમાં પૃ. ૩૩૬ પર આપેલાં ત્રણ ચિત્રો પૈકીનાં બે (ડાબી અને જમણી બાજુની પ્રતિમાઓ) ઓરિસ્સાના ભુવનેશ્વરના કોઈ મંદિરની છે, જ્યારે અહીં એ ખજુરાહોની શિલ્પકૃતિઓ તરીકે મુકાઇ છે. મને લાગે છે કે ખજુરાહોની શૈલી બલિષ્ઠ છે, જ્યારે ઓરિસ્સાનું મૂર્તિવિધાન સુકુમાર અને વધુ વિગતવાળું છે. મૂર્તિઓની ગોઠવણી પણ ખજુરાહોની માફક નથી, પણ થાંભલા કે ટેકા રૂપે એનો ઉપયોગ થયો છે.

(મુંબાઇ) —યુસુફઅલી ધાલાભાઈ મર્ચન્ટ

મારે ત્યાં તો આજે લગભગ વીસ-બાવીસ વર્ષથી 'કુમાર' આવે છે. આખા વર્ષના અંક સાચવી રાખ્યા છે. પણ જ્યારે કોઈક અમુક ખાસ ભાવ માટે કે પ્રસંગ માટે અમુક પ્રકારનું ચિત્ર જોઈતું હોય ત્યારે બધા અંક ઉથલાવવા પડે છે. જો ચિત્રોની બે નકલો આપી હોત તો એક નકલ કાઢી લઈ એક સુંદર આલ્બમ તૈયાર કર્યું હોત અને જરૂર પડયે જોઇતું ચિત્ર લેવાત. હવેથી દરેક અંકમાં ચિત્રોની બે નકલો આપો તો સારું,જેથી એક જુદું સુંદર આલ્બમ બનાવી શકાય. ઉપરાંત કોઈ ચિત્ર દીવાલ ઉપર લગાવવું હોય તો તે પણ થઇ શકે. તેમ ન બને તો વર્ષ આખરે સર્વે ચિત્રનો સંપુટ ભેગો કરી બહાર પાડશો. બીજું, આજ સુધી જેટલાં ચિત્રો રજૂ કર્યાં છે તે બધાંનો એક સંપુટ બહાર પાડશો તો પાછલાં વર્ષોનાં ચિત્રોનો લાભ મળી શકશે.

(અંકલેશ્વર) —કૃષ્ણકાન્ત દેસાઇ

'ગજ કાતરણી લઇને બેઠા પ્રભુજી દીનદયાળ'ની પેઠે 'ઇંચ અને ઇંચના અંશનું માપ લઇને બેઠા કુમાર-સંપાદક' સૂત્ર બરાબર બંધબેસતું આવે છે. આકર્ષક અને કલાત્મક ગોઠવણી ખરે જ આંખને ગમી જતાં વાચકને તે વાંચવાને પ્રેરે છે. સુઘડતા કોને ન ગમે? 'ગાગરમાં સાગર' સમાવવાની 'કુમાર'ની પ્રથા અજોડ છે. શાબ્દિક શુદ્ધિ પણ ધ્યાન ખેંચે તેવી જ હોય છે. 'કુમાર' ઉમરલાયક થયું (૪૨ વર્ષનું) છતાં ય એ કુમાર રહ્યુ છે જ એ એની ખાસિયત છે. એમાં વૃદ્ધત્વ નથી આવ્યું એ એના સંચાલકોની કુનેહ છે.

(આણંદ) —ઉમિયાશંકર ઠાકર

'કુમાર'માં મૉડર્ન આર્ટના લેખો હવે બંધ કરીને બીજું કંઈક ઉપયોગી સાહિત્ય આપો તો સારું, કારણ મૉડર્ન આર્ટ એ 'આર્ટ'જ નથી. ચિત્રોમાં પણ કંઈ ઢંગધડા નથી હોતા. ચિત્રકલા માટે વિભાગ શરૂ કર્યો છે તે સારું છે. મૉડર્નઆર્ટ સિવાય દરેક અંગ મને ગમે છે.

(બંગલોર-૨) —આર. જી. રામદાસ



સાંકળિયું

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

માર્ચ ૧૯૬૬
તંત્રી · બચુભાઈ રાવત

વસંત-સ્ફોટ

જયન્ત પાઠક

· શિખરિણી ·

હવે ફાટયું કાલું નભનું,
તડકાના હું'ફભર્યા
સુંવાળા ને ધોળા
અહીંતહીંરૂનાપોલઊડતા;
નવેલા રોમાંચે
દ્રુમરુધિરકોશો ઊઘડતા;
ઊંચે પર્ણે પર્ણે
જયધ્વજ ધરાના ફરફર્યા.

કળી કોઈ ફૂટી ફટ,
દલદલે રક્ત પુલક્યું;
ટહુકાથી તૂટયું તડ
કવચ કાઠું શિશિરનું;
હિમે ફાટી ફૂટી
નમનીય ધર્યું રૂપ નીરનું;
વનોનું, ગુંજારે,
ફરી ઠરીગયું મૌન મલક્યું.

અહો અંગેઅંગે
અણુઅણુકશોસ્ફોટનવલ!
લઇને નિદ્રાથી
મધુરશમણું આંખ ઊઘડી;
શિયાળે પાડેલી
ઊકલી ગઇ સંકોચની ગડી;
અને હૈયે પાછો
રુધિરરવ ગાજયો છલછલ.

નિમંત્રે ખોલીને દલ
શું ગલગોટો સમયનો!
કશો વક્ષસ્ફોટે તવ
પ્રકટ ગૂઢાર્થ વચનો!

પુરાતન વડને / રાજેન્દ્ર શાહ

· હરિણી ·

૧

હજી ય તવ આ ઘેરી છાયા છવાઇ રહી અહીં!
જનપદની સીમે ઊભેલા વડીલ સમા વડ!
વસતિ અહીંની પાંખી પાંખી અમે પળતાં બની:
ઘરઘરવીંટયું જોઉં જામી રહ્યું ખડજંગલ.

દડબડ ચડી હિંદોલંતો જ્યહીં વડવાઈ તે
બથમહીં સમાતાં ના એવાં બની નવલાં થડ.
નિકટ હતી તે કેડી કયાં યે જણાય ન, છાંયડે
રમતી ખિસકોલીથી વાજે પીળે રવ મર્મર.

વિહગ હરખી ચૂગે રાતાં ઝીણાં ફલ ટહૌકતાં,
કપિલધવલા ગાયો બે કે નિરાંત જીવે ચરે:
તદપિ ઉરમાં ઊંડે ઊંડે શી રિંખત શૂન્યતા!
નહિ મનુજનો હોકારો, ના દિશા ધ્વનિને ધરે.

અરવ ક્ષણ: હું ભૂલું 'હું', ને નિસર્ગમહીં ભળું:
ગતિ અચરની નીલા છંદે વહી રહી તે કળું.

૨

ગતિ અચરની નીલા છંદે વહી અવકાશમાં,
ગગન અડતી ડાળે દેખી શકાય સુદૂરનું.
ત્યહીં જલધિને તીરે, મોજાં સમાન જુવાળનાં,
લખની ભીડને ઠેલે કોલાહલે પુર વિસ્તર્યું.

થળસમયની ઇંટો ઢાળી રચેલ મહાલયો,
પથ ઉપરનાં વૃક્ષો, શ્રેણી નિબદ્ધ નિયોજને.
ગતિ સકલની પ્રેરે કાંટો સદા ઘડિયાળનો,
અસર મયની માયાવી કો છવાઈ રહી બધે.

ત્યહીં અતલ પાતાળે જાવું, ઊંચે નભ ઊડવું:
મધરજનિની નિદ્રા આંજે પ્રકાશ ઝળાંઝળાં.
નજર વસ્યું તે માથા સાટે કરી નિજ હીંચવું,
પણ, વડ! ન પ્રોવાવું જાણે તમાલ છૂટાં છડાં.

તરલ ગતિને યે ન્યાળું હું સ્વકેન્દ્રિત નિશ્ચલ:
અચર ચરનું આભાસી આ કશું નમણું છલ!

દર્દ / રઘુવીર ચૌધરી

· ગઝલ ·

આ દર્દ મૌનમાં જ છવાતું ભલે હવે,
મેં તો કહ્યું હતું મને ને સાંભળ્યું તમે.

આ સાંજની હવાને યાદ સૌમ્ય ઉદાસી,
ચાલી ગયાં એ સંગ સમયની, ઊભા અમે.

સૌના સમયમાં કયાંક કોઈ હોય છે વળાંક
સારું જો એ ન જાણે–કર્યાં આજ યાદ મેં.

ભૂલી જવાય તો ય ગુમા'વાનું કૈં નથી,
એ ભૂતકાળ તો જગતમાં સર્વદા ભમે.

મેં મિત્રને જુદા ગણીને ઓળખ્યા નથી,
જોયું કે એમને જ અજાણ્યા થવું ગમે.

મેં તો વિદાયનો જ અનુભવ સદા કર્યો,
ખાલી બતાવ્યું આભ જનારાં વિહગમે.

વ્યક્તિઘડતર: ૯

પરિપક્વ વ્યક્તિત્વ

ફાધર વાલેસ

તમારી ઉંમર કેટલી છે? જવાબ આપતાં પહેલાં જરા વિચાર કરો; કારણ કે ઉંમર તો અનેક પ્રકારની હોય છે: શરીરની, મનની, વ્યક્તિત્વની. જન્મદિવસથી આજ સુધી કેટલાં વર્ષ, મહિના, દિવસ વીત્યા એનો હિસાબ તે શારીરિક ઉંમર છે. મોટર કેટલા કિલોમીટર દોડી તેની ગણતરી જેવું એ છે. બીજી કોઇ માહિતી એમાંથી મળતી નથી. એક જ વર્ગમાં જુદીજુદી ઉંમરવાળા વિદ્યાર્થીઓ બેસે છે. પણ જેની ઉંમર વધારે એની બુદ્ધિ પણ વધુ ને એના ગુણ પણ વધારે એમ હોતું નથી.

માટે દેહની ઉંમર કરતાં માનસિક ઉંમર એ જુદી વસ્તુ છે, અને વધુ મહત્ત્વની પણ છે. માણસ વિષે એ વધારે કહી દે છે. મોટર કેટલું ચાલી એટલું જ નહિ, પણ કેટલું ચાલવાની એનામાં શક્તિ છે એ તે બતાવી શકે છે. પ્રતિભાશાળી—તેમ જ બીજે છેડે માનસિક ઊણપવાળી—વ્યક્તિઓમાં આ બૌદ્ધિક ને શારીરિક ઉંમર વચ્ચે મોટો ફેર હોય છે. અગિયાર વરસના એક કિશોરને એક અમેરિકનયુનિવર્સિટીમાં બી.એસસી.ના વર્ગમાં બેસાડયાના સમાચાર છાપામાં હતા. અને આપણે ત્યાં પણ પ્રિ-યુનિવર્સિટીના કોઇકોઇ વિદ્યાર્થી-

ઓને ખાનગીમાં એમ. એસસી.નું ગણિત ભણાવવાનો મારો પોતાનો અનુભવ છે.

શરીર કેટલું મોટું થયું, બુદ્ધિ કેટલી વિકસી એ આ બે ઉંમર બતાવી આપે છે. પણ હજી માણસ માણસ તરીકે કેટલો ખીલ્યો તેનો એમાં નિર્દેશ નથી. પુખ્ત વયના માણસોમાં પણ 'છોકરવાદ' જોવા મળે છે ને? દેહ ને મનના વિકાસ સાથે વિવેક ને વર્તન, સહજ વૃત્તિઓ ને લાગણીઓ, વ્યવહાર ને સંયમ—એકેએક દિશામાં સર્વાંગી વિકાસ સધાય તો જ માણસનું વ્યક્તિત્વ પરિપક્વ કહેવાય.

એવું પરિપક્વ વ્યક્તિત્વ પ્રાપ્ત કરવું એ વ્યક્તિઘડતરનું લક્ષ્ય છે. બાળકની કચાશ ને છોકરાનું અણઘડપણું મટાડીને તરુણનો હેતુલક્ષી ઉત્સાહ અને ઠરેલ માણસની પ્રૌઢતા મેળવવાનો એ પ્રશ્ન છે. વ્યક્તિત્વની ઉંમર એ જ માણસની ખરી ઉંમર છે. જનરલ મૅક આર્થરનો પ્રખ્યાત મુદ્રાલેખ યાદ આવે છે: 'યુવાની એ કોઇ જિંદગીનો ગાળો નથી, તે એક માનસિક અવસ્થા છે.' અને બીજો એક વિચારકલખે છે: 'પ્રૌઢતાનો સંબંધ સફેદ વાળ સાથે નહિ, પણ હૃદયના ધબકારા સાથે છે.

દેહની ઉંમર ગણવા પંચાંગમાં જોવું પૂરતું છે. મનની ઉંમર માપવા પરીક્ષા-કસોટીઓ હોય છે. વ્યક્તિત્વની ઉંમર આંકવા માનસશાસ્ત્રીય પ્રયોગશાળાઓમાં પણ પરીક્ષણો ચલાવાય છે. અહીં કેટલીક સૂચનાઓ આપીશું, જેની મદદથી દરેક પોતાના વ્યક્તિત્વયનો અંદાજ કાઢી શકશે.

બાળકને વાગ્યું કે તરત ભેંકડો તાણ્યો; લડાઇમાં જવાનનો પગ ગોળીથી વીંધાયો તોયે એના મોંમાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. બાળકને તરસ લાગી એટલે બાની સાડી ખેંચી; કડેટને કલાકોનો શોષ હતો તો યે પરેડના અંત સુધી એણે તરસ દબાવી. બાળકને પોતાની એકેએક વૃત્તિનો ત્વરિત સંતોષ જોઈએ છે; માણસ જે રાહ જોઇ શકે છે એ ધીરજમાં એની પ્રૌઢતાનું માપ છે.

બે વિદ્યાર્થીઓની વાત લઇએ. બંને સ્કૂલમાંથી કૉલેજમાં આવ્યા છે અને નવા વાતાવરણ નવા વિષયો, નવી અભ્યાસપદ્ધતિ, અને વખતે શિક્ષણના નવા માધ્યમથી બંને મૂંઝાયા છે. બંને બુદ્ધિશાળી છે; અને કૉલેજની પહેલી પરીક્ષા નજીક આવતાં બંને વિચારમાં પડે છે. એકને ખૂબ ચિંતા છે: 'આ પરીક્ષામાં જો મારું પરિણામ સારું ન આવે તો ઘેર શું કહેશે અને આખું ગામ શું કહેશે? માર્ક્સ ઓછા આવે એમાં મારો વાંક નથી, અને પછી આપોઆપ આગળ નીકળી જવાશે એ વાત તો એ લોકો સમજવાના નથી. મારી નામોશી થશે?' અને એ વિચારથી એ દુઃખી દુઃખી થાય છે. બીજાની વિચારમાળા કંઇક આવી ચાલે છે: 'આ પરીક્ષા સારી તો નથી જવાની અને ઘેર એનું કારણે ય નથી સમજવાના એ વાત સાચી; પણ થોડી ધીરજ રાખીશું, સંભળાવશે તે સાંભળી લઈશું. અહીં ધીરેધીરે ફાવી જશે, અને વરસને અંતે ખરી પરીક્ષા વખતે હું બરાબર કરી બતાવીશ! બીજાઓની આગળ પોતાની લાયકાત સિદ્ધ કરવાની ઉત્કંઠા બંનેમાં છે. પણ એ સહજ વૃત્તિનો એકને તરતનો સંતોષ જોઈએ છે, જ્યારે બીજો સંજોગવશાત્ રાહ જોઈ શકે છે. આ બે વિદ્યાર્થીઓ ભલે જોડકા ભાઇઓ હોય, પણ આ છેલ્લાની ઉંમર—વ્યક્તિ તરીકેની ઉંમર—પહેલા કરતાં પાકી ગણાય.

મનોભાવના તરંગો છોકરાના દિલમાં તેમ જ આધેડ વયના પુરુષના દિલમાં ઊછળે છે. પણ એમાંયે ફેર છે. નાનો છોકરો એક ક્ષણમાં રૂએ ને એક ક્ષણમાં હસે. આંખમાં હજી આંસુ હતાં ને હોઠ પર સ્મિત આવ્યું. જાણે માવઠાના છાંટાની વચ્ચે જ સૂર્યનાં દર્શન! જ્યારે માણસનું એવું નથી હોતું. ઉદાસ થતાં વાર લાગશે; પણ જો ખરેખર એના હૃદયના આકાશમાં વાદળો છવાયાં તો એ દિવસો સુધી વિખેરાશે નહિ,—ધ્રુવમાં છ મહિનાનો દિવસ ને છ મહિનાની રાત્રી હોય છે તેમ! માટે તમારા ભાવોના ઉછાળા, તમારી ઉદાસીનતા-ઉલ્લાસની ઘટમાળ જો તમે અમુક ગાળામાં નોંધી રાખશો–ઇસ્પિતાલમાં દર્દીના તાવની ચડઊતર આલેખે છે તેમ–તો તમારામાં કેટલી સ્થિરતા-ચંચલતા, કેટલી કચાશ-પરિપક્વતા આવી છે તેનો ખયાલ આવશે.

એક બીજું પરીક્ષણ છે ક્ષોભનું. યુવાનને ક્ષોભ સંકોચ અનેક પ્રસંગોમાં લાગ્યા કરતા હોય છે. ઘેર મહેમાનો આવ્યા એટલે છોકરો ખૂણે ભરાયો. બોલાવ્યો ત્યારે આવ્યો ખરો, પણ જીભ નહિ ઊપડી. વહેલો લાગ જોઈને એ નાઠો—છુટકારાનો દમ ખેંચીને. વર્ગમાં શિક્ષકે છોકરાને ઓચિંતો ઊભો કર્યો તો મોં લાલચોળ બને, કાન ગરમ ગરમ થાય આગળ જતાં પહેલી વાર નાટકમાં ઊતરે કે મંચ ઉપર આવીને સભાની સમક્ષ બોલવા ઊભો થાય ત્યારે પગ ધ્રૂજે, ગળું રૂંધાય ને ગોખેલાં વાક્યો કેમે કરીને યાદ આવે નહિ. અને સહશિક્ષણનો લાભ લઇને કૉલેજનો વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓના ટોળામાં પ્રથમવાર જવાનું સાહસ કરે ત્યારે શી વાત કરવી ને કઇ તરફ જોવું ને હાથ-પગ લઈને શું કરવું એ ભારે પ્રશ્ન થઈ પડે છે! પણ જેમ માણસ મોટો થાય, જેમ ખરી ઉંમર વધે તેમ એનો એ ક્ષોભ ઓછો થતો જાય છે. પછી, ગમે તે વ્યક્તિની સાથે ઓળખાણ થતાં એ સહજ ભાવે વર્તી શકે ને સરળતાથી વાતો કરી શકે, શ્રોતાઓની આગળ વિશ્વાસપૂર્વક ઊભો થઈ શકે ને ભાષણ ચલાવી શકે, સંકોચ વિના સામાજિક પ્રસંગોમાં કે રમત-મસ્તીમાં ભાગ લઈ શકે. એમાં નફ્ફટ થવાની વાત જ નથી. એક જાતનું મૃદુ શરમાળપણું એ તો દિલનું આભૂષણ ને ચારિત્ર્યની ઢાલ હોય છે; તે જીવન પર્યંત રાખવું જોઈએ. પણ ક્ષોભની પકડ અને સંકોચની ભીંસમાંથી જેમ વહેલા છૂટ્યા તેમ પુખ્ત વ્યક્તિત્વ વહેલું ઘડાવાનું.

પરિપક્વ વ્યક્તિત્વનો છેલ્લો માપદંડ વિવેકનો છે. વિવેકનો અર્થ અહીં 'સભ્યતા' નહિ પણ નીરક્ષીરન્યાય કરવાની શક્તિ, માણસોનું પારખું, સમીક્ષાવૃત્તિ, દિશાજ્ઞાન, દીર્ઘદૃષ્ટિ, તર્કશુદ્ધ દલીલનો આગ્રહ, એવો કરવાનો છે. એનું પાઠ્યપુસ્તક તો દુનિયા જ છે. જીવન એની પરીક્ષા છે, ને જાત-અનુભવ એનો શિક્ષક છે. પણ એમાં યે આંખો ઉઘાડી રાખીને, આપણી ભૂલોને બીજાઓની સલાહથી શીખીને બે વર્ષનો કોર્સ એક વર્ષમાં જ કરી શકાય.

છોકરાની દૃષ્ટિ ટૂંકી હોય છે, તેની દુનિયા સાંકડી હોય છે, તેના સૂર્યમંડળમાં થોડા જ ગ્રહો ફરે છે—તેના મિત્રમંડળમાં થોડા જ મિત્રો મળે છે. એ દુનિયા ચારે દિશામાં વિકસાવવી જોઈએ, માણસોમાં ખપવું હોય તો વિશાળ પરિચિત મંડળ, દૂરગામી વિચારો, પરલક્ષી દૃષ્ટિબિંદુ, અને ઉપર કહ્યું તેમ વૃત્તિઓ સંતોષવામાં ધીરજ, મનોભાવની સપાટી ક્ષોભ-નિવારણ અને વિવેકશક્તિ, એવો અભ્યાસક્રમ થયો.

એક જ આંબા પરની બધી કેરીઓ એકીસાથે પાકતી નથી. મૂળિયાંમાંથી જીવનરસ ચૂસીને અને પવન-સૂર્યનો પ્રસાદ લઇને જે કેરીઓ વહેલી પાકે તે વહેલી જ માણસના હાથમાં સમર્પણ થઈ જાય: તેની સેવાને અર્થે. એક જ ઉંમરની વ્યક્તિઓ કે એક જ સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓ એકીસાથે જીવન માટે તૈયાર થતા નથી. માનવતાના મૂળમાંથી પ્રેરણા લઇને, પરિસ્થિતિની ટક્કર ઝીલીને, ને ભગવાનની કૃપા પામીને જે માણસ વહેલું પાકે તે માનવજાતની સેવામાં પોતાની જાતને વહેલી અર્પણ કરી શકશે.

સંપ્રજ્ઞ રાજપુરુષ

વી. પી. મેનન

જેમણે પોતાની દીર્ઘદૃષ્ટિથી ઈ. ૧૯૪૬-'૪૭માં ભારતને બંધારણીય અરાજકતામાંથી ઉગારી લીધું અને ૫૬૨ દેશી રજવાડાંને ભૂંસી નાખવામાં સરદાર વલ્લભભાઈની સહાયતા કરી.



ઈ. ■ ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે ભારતને સ્વાતંત્ર્ય સોંપીને અંગ્રેજો જ્યારે વિદાય થયા ત્યારે દેશી રાજ્યોને 'સૉવરેઈન' (સર્વતંત્ર સ્વતંત્ર)ની કક્ષામાં મૂકીને તેમનું મોટું શૂળ ભારતના અગ્રણીઓ માટે મૂકતા ગયા હતા. દેવાસુર-સંગ્રામના સમુદ્રમંથનમાંથી નીકળેલાં ચૌદ રત્નોમાંના એક 'ઝેર'ના જેવું, સ્વરાજ્ય રત્નાવલિ સાથે નીકળેલું એ વિષ પીવાનું—અને પચાવવાનું વિષમ કામ શંકરની જેમ સરદાર વલ્લભભાઇને ભાગે આવ્યું. અને આપણે સૌ જાણીએ છીએ કે સરદારની કુશાગ્ર બુદ્ધિ, અસાધારણ મુત્સદ્દીગીરી અને લોખંડી નિશ્ચયબળે જ એ ૫૬૨ જેટલાં દેશી રજવાડાંઓનાં શૂળને મીણની માફક ઓગાળી નાખીને સ્વતંત્ર ભારતના પિંડમાં ભેળવી દીધાં.

જગતભરના રાજપુરુષોને મોંમાં આંગળાં પકડાવી દેનારી, અને ઇતિહાસનાં પૃષ્ઠો પર અનન્ય બની રહેલી એ રાજકીય સિદ્ધિ હાંસલ કરવામાં જે માણસની તેજસ્વી બુદ્ધિ ને ઊંડી સમજ, દીર્ઘ દૃષ્ટિ ને નિશ્ચલ નિષ્ઠા તથા અવિશ્રાંત પરિશ્રમ સરદારની સેવામાં કારગત નીવડયાં—જે એ સિદ્ધિમાં સરદારના જમણા હાથ જેવા બની રહ્યા તે શ્રી વી.પી. મેનન, કાંઈક લાંબી માંદગી ભોગવીને આ વર્ષના બેસતા જ દિવસે, પહેલી જાન્યુઆરીએ જબલપુરમાં અવસાન પામ્યા.

અંગ્રેજોના હાથમાંથી ભારતને જ્યારે સત્તા સોંપાઈ રહી હતી એ કાળમાં શાસનતંત્રની ધુરા સંભાળી રાખનાર જે ચાર-પાંચ મુલકી અધિકારીઓ હતા એમાંના એક શ્રી વી. પી. મેનન હતા. આધુનિક ભારતીય સંઘના તેઓ એક અગ્રગણ્ય નિર્માતા હતા. સ્વતંત્ર ભારતની એકતા સિદ્ધ કરવામાં એમણે જે ભાગ ભજવ્યો છે એની પૂરી જાણ કદાચ બહુ ઓછા લોકોને હશે.

એ કાળની એમની કામગીરીનો આછો ખયાલ શ્રી કનૈયાલાલ મુનશીએ પોતાના એ નિકટના મિત્રની અવસાનનોંધમાં આપ્યો છે:

"ઈ. ૧૯૪૬ના ઑગસ્ટમાં મને લાગતું હતું કે કોંગ્રેસ વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે... સૌ કોઈ લૉર્ડ વૅવેલને તેની નિર્બળતા માટે દોષ દેતું હતું. પરંતુ એ પણ પરેશાન હતા. ભારતના કેટલાક ભાગમાં અરાજકતા વર્તી રહી હતી અને તે અસહાય બની ગયા હતા. ઑગસ્ટના આરંભમાં એમણે અંગ્રેજ સરકારને દૃઢતાથી લખી દીધું હતું કે કાં તો ભારતને સત્તા સોંપી દેવી જોઈએ યા તો વ્યાપક સૈનિક કાર્યવાઈથી હિંસાને કાબૂમાં લેવી જોઇએ. વૅવેલ કૉંગ્રેસ અને લીગની સંયુક્ત સરકારને સત્તા સોંપવા ચાહતા હતા, અને એમ શક્ય ન હોય તો એકલી કૉંગ્રેસને પણ કામચલાઉ સત્તા સોંપવા તૈયાર હતા. પરંતુ રીતસરનો સાંસ્થાનિક દરજ્જો ન અપાય ત્યાં સુધી કૉંગ્રેસ સત્તા સ્વીકારશે કે નહિ એ બાબત એમને વિશ્વાસ ન હતો. એ વખતે કદાચ વી. પી. મેનન જ કૉંગ્રેસી નેતાઓને ઓળખતા હતા. લૉર્ડ વૅવેલને વી. પી. મેનનમાં ઘણો વિશ્વાસ હતો. વૅવેલ તથા કોંગ્રેસના નેતાઓ વચ્ચે સમજૂતી સ્થાપવા મેનન ભારે પ્રયાસો કરી રહ્યા હતા. સરદાર ત્યારે દિલ્હીમાં ઘનશ્યામદાસ બિડલાને ત્યાં રહેતા. એક દિવસ સવારે તે ફરવા નીકળ્યા ત્યારે મેનનના ઘર આગળથી પસાર થયા. જોગાનુજોગ મેનન ત્યારે પોતાના ઘરના આંગણામાં જ ઊભા હતા. એમણે સરદારને પોતાના ઘરમાં આવવા નિમંત્ર્યા. આ કદાચ અકસ્માત હશે? એમ હોય તો પણ એ એક ચમત્કાર જ કહેવાશે. એ મુલાકાત ઘણી લાંબી ચાલી એટલું જ નહિ, પણ તે પછી યે અનેક મુલાકાતો ગોઠવાઈ. આ રીતે સરદારના અવસાન સુધી ટકી રહેલી મિત્રતાનાં મૂળ નંખાયાં.

તે પછી ૧૯૪૭ના એપ્રિલમાં લૉર્ડ માઉન્ટબૅટન હિન્દ આવ્યા. થોડા દિવસોમાં જ એમણે જોઈ લીધું કે સરકારે રજૂ કરેલી ૧૬મી મેની યોજના કૉંગ્રેસ અથવા લીગ બેમાંથી કોઈ સ્વીકારે તેમ નથી. એથી તેમણે લૉર્ડ ઈસ્મે સહિત પોતાના ખાસ સલાહકારોનું એક જૂથ રચી એમને વિકલ્પની બીજી યોજના વિચારવા સૂચવ્યું. પોતાના બંધારણીય સલાહકાર વી.પી. મેનનને પણ એ ઈસ્મે જૂથમાં જોડાવા માટે એમણે નિમંત્રણ આપ્યું.

થોડી બેઠકોમાં હાજરી આપ્યા પછી મેનનને લાગ્યું કે આ જૂથ વાસ્તવિક સત્તાબદલી ન થાય ત્યાં સુધી પ્રાન્તીય સ્વાયત્તતા આપવા ધારે છે. વળી પંજાબ અને બંગાળના ભાગલા કરવાનો પણ એ જૂથનો ખયાલ એમને જણાયો. મેનનને આ ન રુચ્યું. પોતે એ જૂથમાંથી છૂટા પડી જઈ એમણે માઉન્ટબૅટનને એ દરખાસ્તોની અનુચિતતા સમજાવવા પ્રયત્ન કર્યો. પણ માઉન્ટબૅટનને એ વખતે તે બરાબર ગળે ન ઊતરી. મેનને એ જૂથમાંથી રાજીનામું આપવાનું પસંદ કર્યું.

સત્તરમી મેના દિવસે પોતે પક્ષના નેતાઓની બેઠક બોલાવી શકે એટલા સારુ માઉન્ટબૅટને ઇસ્મેને લંડન મોકલી બ્રિટિશ પ્રધાનમંડળને ઈસ્મે-યોજનાને બહાલી આપવા વિનતિ કરી; અને ત્યાંથી જવાબ આવે એ દરમિયાન પોતે ટૂંકી રજા લઈ સિમલા જવા વિચાર્યું દરમિયાન લેડી માઉન્ટબૅટન સમક્ષ મેનને રાજીનામું આપવાની ઇચ્છા દર્શાવી. ત્યારે તેમણે એ માટે ઉતાવળ ન કરતાં સિમલા આવીને ત્યાં માઉન્ટબૅટનને પોતાની વાત સમજાવવા સલાહ આપી. સદ્‌ભાગ્યે પંડિત નેહરુ પણ માઉન્ટબૅટનની જોડે સિમલા ગયા. સિમલામાં મેનન લંડન મોકલાએલી ઈસ્મે-યોજનાના અવગુણો માઉન્ટબૅટનને સમજાવી શક્યા. એમણે કહ્યું કે આથી તો અરાજકતા અને આંતરયુદ્ધ

થશે. વધુમાં એમણે લૉર્ડ વૅવેલના સમયમાં પોતે રિયાસતી મંત્રી સમક્ષ રજૂ કરેલી યોજના માઉન્ટબૅટનને સમજાવી.

મેનનની યોજનામાં બંધારણીયરીતે બે રાજ્યો ન રચાય ત્યાં સુધી બે બંધારણીય વિધાનસભાઓને સત્તા આપવા માટે બે સંસ્થાનો રચવાની દરખાસ્ત હતી. જો સત્તાપલટો તત્કાલ આવે તો ભારત રાષ્ટ્રકુળમાં રહેવા તૈયાર છે એવી સરદાર પટેલે ખાતરી આપ્યાનું પણ જણાવ્યું. માઉન્ટબૅટન મેનનની યોજનાથી પ્રભાવિત થયા.

માઉન્ટબૅટને પંડિત નેહરુના સમક્ષ ઈસ્મે-યોજના મૂકી ત્યારે તેમણે તેનો સખત વિરોધ કર્યો. એટલે હવે મેનનની યોજના સ્વીકારવા સિવાય માઉન્ટબૅટન પાસે અન્ય કોઈ વિકલ્પ રહ્યો નહિ. એમણે એ અંગે નેહરુ સાથે ચર્ચા કરી અને પંડિતજી એમાં સૈદ્ધાન્તિક રીતે સંમત થયા. એ જ દિવસે મેનને પોતાની યોજનાને આખરી ઘાટ આપ્યો અને પંડિતજીએ એને બહાલી આપી. માઉન્ટબૅટને એ યોજના જેવી લંડન મોકલી કે લાગલું જ તે સમજાવવા જવા માટેનું એમને તેડું આવ્યું. લંડન જતાં પહેલાં માઉન્ટબૅટને કૉંગ્રેસ, મુસ્લિમ લીગ તથા શીખ નેતાઓની એ યોજના અંગે સંમતિ મેળવી લીધી. બ્રિટિશ સરકારને પણ મેનનની યોજના ગળે ઊતરી..."

ભારત સરકારના એ વેળાના મુલકી અધિકારીઓમાં મેનન ભારે શક્તિશાળી માણસ હતા. ભારતીય દેશી રાજ્યોને એક કરવાની સરદારની નીતિનો અમલ કરવામાં એ ઉત્સાહથી કામે લાગી ગયા હતા અને પોતાના ખભા પર અસંખ્ય રાજાશાહીઓનો ભાર વહેતા હતા. સરદાર અને મેનનની જોડીએ જે આસાનીથી રાજ્યોના એકીકરણનું ભગીરથ કાર્ય સિદ્ધ કર્યું તેને અંગે તો ક્રુશ્ચેવે ૧૯૫૬ની ભારતની મુલાકાત દરમ્યાન આશ્ચર્ય વ્યક્ત કરતાં કહેલું કે 'રાજાઓનું નિકંદન કાઢ્યા વિના આ બધાં રજવાડાંઓને તમે કેવી રીતે નાબૂદ કરી શક્યા!?'

પણ વી.પી. મેનનની ખરી મહાનુભાવના તો એ હતી કે રાજ્યો-ના ભાવિનું નિર્માણ કરતી વખતે એમની પાસે કરોડો રૂપિયાની થાપણો આવી હતી, છતાં એક રાતી પાઈને યે તે અડક્યા ન હતા. અને એવી જ હતી એમની નીડરતા. વિલીનીકરણની એક ચર્ચામાં આવેશમાં આવી જઈ એમની સામે મહારાજા જોધપુરે રિવૉલ્વર તાકીને ધમકી આપી હતી ત્યારે યે એમના પેટનું પાણી નહોતું હલ્યું.


બહુ અદના આરંભથી એમણે જીવનની શરૂઆત કરી હતી. વાપલ પંગુની મેનન એ એમનું પૂરું નામ. ઈ. ૧૮૯૪ની ૩૦મી સપ્ટેમ્બરે એમનો જન્મ થયો. શ્રી સી. સંકુન્ની મેનન અને શ્રીમતી વાપલ કુન્હીકુટ્ટી અમ્માના એ પુત્ર. ઓટ્ટાપલમની હાઈસ્કૂલમાં ભણ્યા એ જ એમનું શાળાજીવન. કૉલેજનું એમણે મોં પણ નહોતું જોયું. ઈ. ૧૯૧૪માં સરકારી દફતરમાં કારકુનીથી એમણે પોતાની કારકિર્દીનો આરંભ કર્યો. ૧૯૧૫માં લગ્ન કર્યું. બીજું લગ્ન ૧૯૨૧માં કર્યું. બે પુત્રો અને એક પુત્રીના તેઓ પિતા હતા. ૧૯૩૩માં હિન્દ સરકારના રીફૉર્મ દફતરમાં મદદનીશ સેક્રેટરી બન્યા; ને પછી ઉત્તરોત્તર આગળ વધી ૧૯૪૦-'૪૨માં ગવર્નર જનરલના ડેપ્યુટી સેક્રેટરી; '૪૨ થી '૪૭ રીફૉર્મ કમિશનર; પછી કૅબિનેટ સેક્રેટરી અને હિન્દ સરકારની સ્ટેઈટ્સ મિનિસ્ટ્રી (દેશી રજવાડાના દફતર)ના સેક્રેટરી, ૧૯૫૧માં ઓરિસ્સાના ગવર્નર અને '૫૧-'૫૨માં નાણાંકીય કમિશનના સભ્ય; આવી ભારે જવાબદારીઓ અદા કરી ૧૯૫૨માં તેઓ સરકારી સેવાઓમાંથી નિવૃત્ત થએલા. એમની સેવાઓની કદરશનાસીમાં બ્રિટિશ સરકારે એમને ૧૯૪૧માં 'સી.આઈ.ઈ.' અને ૧૯૪૬માં 'સી.એસ.આઈ.' બનાવીને નવાજેલા. સખત પરિશ્રમ, અદ્‌ભુત સ્મરણશક્તિ, અસાધારણ બુદ્ધિપ્રતિભા, ઊંડી સમજ અને દૂરદર્શિતા તથા વિપુલ વ્યવહારુ ડહાપણ વડે એમણે પોતાની ઉજ્જવળ કારકિર્દી પોતાને હાથે જ ઘડી હતી. એક અદના કારકુનની પાયરીએથી ચડતા જઈ ભારત જેવા વિશાળ દેશના વાઈસરૉયના બંધારણીય સલાહકારના પદ સુધી પહોંચવું એ કોઈ સામાન્ય સિદ્ધિ નથી. દેશના નકશા પરથી પાંચસો ને બાસઠ જેટલાં પીળાં ધાબાં ભૂંસીને ત્રિરંગા ઝંડાની ત્યાં આણ વર્તાવવામાં સરદાર વલ્લભભાઈ પટેલને જે યશ મળ્યો છે એની પાછળની વી. પી. મેનની કુશળ કામગીરી ભુલાય તેમ નથી જ. એ ઐતિહાસિક બનાવોને મેનને પોતે જ બે દળદાર ગ્રંથો—'ધી ઈન્ટીગ્રેશન ઑવ ઈન્ડિયન સ્ટેઈટ્સ' તથા 'ધી ટ્રાન્સફર ઑવ પાંવર ઈન ઇન્ડિયા'માં વિસ્તારથી આલેખ્યા છે. ઉત્તરાવસ્થામાં રાજકીય ક્ષેત્રે તેઓ સ્વતંત્ર પક્ષમાં માનતા થયા હતા. ગયા વર્ષે મુંબાઈમાં એમણે આધુનિક ભારતના બંધારણીય ઇતિહાસના વિષય પર ત્રણ સુંદર વ્યાખ્યાનો આપ્યાં હતાં જે પુસ્તકાકારે પ્રકટ થઈ રહ્યાં છે. એના પુરોવચનમાં લૉર્ડ માઉન્ટબૅટને શ્રી મેનનને બિરદાવતાં લખ્યું છે કે–

''૧૯૪૭ના માર્ચમાં જ્યારે હું હિન્દુસ્તાન આવ્યો ત્યારે મારું એ સદ્‌ભાગ્ય હતું કે ગવર્નર જનરલના કર્મચારીઓમાં રીફૉર્મ કમિશનર તરીકે વી. પી. મેનન જેવી વ્યક્તિ હતી. અગાઉ હું એમને કદી મળેલો નહિ, પણ થોડા જ વખતમાં મેં જોયું કે એમનું હિન્દના રાજકીય પ્રશ્નો અંગેનું સર્વલક્ષી જ્ઞાન અને અગ્રગણ્ય હિન્દી નેતાઓ સાથેનો એમનો નિકટનો પરિચય મારે માટે અમૂલ્ય હતો. અલબત્ત વી. પી. મેનનની સતત સહાય અને સલાહ વિના ૧૯૪૭ના ઑગસ્ટ જેટલો વહેલો સત્તાબદલો કદાચ અશક્ય જ હતો એમ કહેવું જરા યે ખોટું નથી.

એમની એ કાળની સેવા બદલ આપણે એમના ભારે ઋણી છીએ એમ કહેવામાં જરા યે અતિશયોક્તિ નહિ ગણાય; અને મને તો લાગે છે કે નિકટના મિત્રમંડળમાં 'વી. પી.'ના ટૂંકા નામે ઓળખાતી પોતાના દેશની આ એક મહાન વ્યક્તિના ઋણને હજી યે ઘણા ભારતવાસીઓ કદાચ પૂરેપૂરુ પિછાનતા નથી.''

શતરંજનો કોયડો

O. DURAS



White to play & win

સ્થિતિ: 1k6/1P1k4/1P5B/24/4r1pR/8.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું. ઉકેલની પહેલી બે ચાલ તો સહેલી છે, પણ આગળ કેમ વધવું એ જાણવા માટે હાથી અને પ્યાદાવાળી અંતની પરિસ્થિતિઓના સારા એવા અભ્યાસની જરૂર છે. ઉકેલ માટે જુઓ આ અંકમાં અન્યત્ર.

સુરેશ મોદી

વકીલ ગણાત્રાની

નવી સેક્રેટરી

જેની આસપાસ વકીલને પોતાનો કેસ વધુ ગૂંથાતો લાગે છે

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

ગણાત્રા ઑફિસમાં આવ્યા ત્યારે ચાર વાગ્યા હતા. ચારુ કોઈ પત્ર લખી રહી હતી. 'કોઇનો ફોન હતો? કોઈ આવ્યું હતું?'

'કોઈ આવ્યુ નથી. પણ શ્રીરામ બૅંકના લીગલ ડિપાર્ટમેન્ટમાંથી જાનકીનાથ નામે કોઈ આપની સાથે વાત કરવા માગતું હતું. મેં નંબર નોંધ્યો છે. લો જોડી આપું ' ચારુએ ફોન જોડયો.

વકીલે ફોન હાથમાં લીધો: 'હલ્લો... હું ગણાત્રા... જી, બોલો, બોલો. હું બહાર ગયો હતો... ફુરસદ જ છે...તમારુ કામ હોય ત્યારે ના પડાય? ...કાલે રજા છે...ઘેર મળી જાઉં? ઍગ્રીમેન્ટનો મુસદો જરા જોઈ જવો છે. કોણ પાર્ટી છે?...સુરેન્દ્ર મહેતા? હં. હં. પેઢી ઇન્દુ મહેતા ઍન્ડ કં....એકસપોર્ટ ઈમ્પોર્ટનું?...હા, બરાબર... પણ એનું બૅકગ્રાઉન્ડ તપાસ્યું?... ખોટ કરી? એથી તમારે કાયમી ઍગ્રીમેન્ટમાં ફેર કરવો છે એમ ને?...પણ જોખમ શા માટે લેવું? નવા પાર્ટનર જોડ્યા છે? મોટા માણસ છે? શું નામ? ધીરજલાલ મણિલાલ શાહ? હં. પણ આપ પહેલાં ઇન્દુ મહેતાની કં.નું કામ કરતા હતા?...નહિ? ...તો શા માટે?...ધીરજલાલે કહ્યુ એથી?...હં, એ તમારા મોટા ગ્રાહક છે?...ભલે ભલે...પરમ દિવસે જ તો; બૅંકના સમયમાં... વખત કાઢી આવી જઈશ. જય જય.'

ફોન મૂકતાં વકીલે જોયું કે ચારુ ધ્યાનથી સાંભળતી હતી.

'તમારી આ જ પેઢી કેમ?' 'જી'

'એના ભાગીદારો કોણ કોણ હતા?'

'પહેલાં તો બાપુજી ને ધીરજલાલ શેઠ બે જ જણ હતા. ત્રણેક વર્ષથી સુરેન્દ્રભાઈ એમાં જોડ્યા. શરૂમાં તો સારું ચાલ્યું, પણ પછી સુરેન્દ્રભાઈ ને ધીરજલાલ વચ્ચે અણબનાવ થયો. ધીરજલાલ નીકળી ગયા અને પેઢીએ મોટી ખોટ કરી. અત્યારે પેઢી મારા બાપુજી પાસે સામા પાંચેક હજાર માગે છે... બધું યે ગયું...' ચારુ રડવા જેવી થઈ ગઈ. વકીલે વધુ પૂછવાનું માંડી વાળી ટપાલ જોવા માંડી અને એ પત્યા બાદ જવાબ લખાવવા શરૂ કર્યા.

છ વાગ્યે એ કામ પૂરું કરી વકીલે ચારુ પાસેથી વીમા કંપનીએ આપેલો જવાબ માગીને વાંચ્યો અને કહ્યુ: 'મને લાગે છે કે આપણે વીમા કપની પર બે લાખ રૂપિયાનો દાવો કરવો જોઇએ.'

'પણ મારા પિતાએ આપઘાત કર્યો છે એટલે આપણો દાવો નહિ ચાલે એમ કહે છે ને?'

'એનો વાંધો નહિ, એ વીમા કંપનીએ સાબિત કરવાનું છે. તમને વાંધો ન હોય તો આપણે પ્રયાસ કરીએ.'

'પણ દાવાના ખર્ચના...'

'તમે એની ચિંતા ન કરો. નાદારીથી દાવો કરીશું એટલે ખર્ચ નહિ થાય અને મારી ફી તો દાવો જીતીશું તો વીમા કંપની આપશે, નહિ તો તેની ચિંતા તમે ન કરશો.'

વકીલે જોયું કે ચારુની આંખમાં આંસુ હતાં. 'તમે આ વકીલપત્રમાં સહી કરો અને મને પોલિસી અને બીજી પહોંચો લાવી આપજો. હમણાં નાતાલ છે એટલે આપણે ઊઘડતી કોર્ટે દાવો દાખલ કરી દઈશું.'

એમ કહી વીમા કંપનીનો જવાબ અને ડિમાન્ડ નોટિસ પોર્ટફોલિયોમાં નાખી વકીલ ઊભા થયા અને ચારુને સૂચના આપી: 'હું જાઉં છું. તમે આ કાગળો ફાઇલ કરી નાખજો. કાલે રજા છે, પણ બની શકે તો બપોર પછી જરા આવજો.'

થોડી વારમાં વકીલ ગણાત્રા રાજમહેલ હોટેલમાં આવી અરધા માળે એક ખૂણામાં બેઠા અને ટેબલ પરનું છાપું ઉપાડી વાંચવા લાગ્યા. છાપાના પહેલા પાના પર સમાચાર હતા:

'શહેરમાં વધતી જતી દાણચોરોની પ્રવૃત્તિ. મોટા વેપારીઓ સંડોવાયા હોવાનો સંભવ. પોલીસ તુરતમાં આખી જાળ પકડી પાડશે.' વકીલસાહેબને આ દમ વિનાના સમાચારમાં ખાસ રસ પડયો નહિ. તેમણે નીચે આવનાર-જનાર ઉપર નજર રાખવા માંડી. થોડી વારે ચારુ હોટેલમાં આવી ને ખૂણાની એક ખુરશીમાં બેઠી. દસેક મિનિટમાં સતીશ પણ આવ્યો અને ચારુની બાજુમાં બેસી ગયો.

વકીલ મોં આડે છાપું રાખી અવારનવાર એમને જોઈ લેતા. બંને ખુશમિજાજમાં ને વાતોમાં મશગૂલ હતાં. કયારેક સતીશ ચારુના હાથ પર હાથ ફેરવી લેતો હતો અને ચારુ પણ એનો વિરોધ કરતી નહોતી.

વકીલે આજના કામની તારવણી કરવા માંડી: 'ધીરજલાલ, સુરેન્દ્ર મહેતા ને ઇન્દ્રવદન સંઘવીની કંપનીમાં સુરેન્દ્ર અને ધીરજલાલ વચ્ચે ઝગડો થતાં ધીરજલાલ છૂટા થયા, પરિણામે પૈસા ખેંચાઈ જતાં માલની હૂંડી મોડી છૂટી અને ખોટ ગઈ. એ વાત તો સમજાય છે, પણ હવે ઇન્દ્રવદનના અવસાન પછી ધીરજલાલ ફરી પેઢીમાં શા માટે જોડાય છે? શ્રીરામ બૅંક મારફત પૈસા શા માટે અપાવે છે?' વકીલે માથું ખજવાળ્યું. 'વળી ધીરજલાલ ઇન્દ્રવદનના જૂના દોસ્ત. ચારુસતીશનો વિવાહ થયો છે પણ ધીરજલાલ ગૌતમના બહાને એ તોડવા માગે છે. છતાં ચારુ તો સતીશ પર જ પ્રેમ રાખતી દેખાય છે. અને સતીશ બાપના દાબમાં ભલે બોલતો નથી, પણ એ ય ચારુને ચાહતો લાગે છે. ગૌતમને અને ધીરજલાલના જમાઈ જગદીશ કિનારીવાલાને સંબંધ છે. આ જગદીશ કિનારીવાલા પૂનાથી સસરાથી છાનામાના અહીં શા માટે આવ્યા છે? એમણે ગૌતમ મારફત કૅમેરા સુરેન્દ્ર મહેતાને પહોંચાડયો ને ગૌતમ ટૅક્સીમાં ગયો એનું રહસ્ય શું?' વકીલે વિચારમાં પડી છાપા તરફ જોયું. 'હં... અહીં પણ દાણચોરીનું સર્કલ નહિ હોય? જગદીશ કિનારીવાળા ગૌતમ દ્વારા કોઈ એવી ચીજવસ્તુમાં તો નહિ પડયા હોય?' વકીલને હવે પ્રકાશ પડવા માંડયો. 'આવાં કાર્યો દરમિયાન ગૌતમનું મન ચારુ તરફ ઢળ્યું હોય. ધીરજલાલે ઇન્દ્રવદનને પોલીસની ધમકી શા માટે આપી? શું ઇન્દ્રવદન પણ દાણચોરીમાં સામેલ હશે? ધીરજલાલે એથી જ ધમકી આપી હશે? એથી ઇન્દ્રવદને બાર કર્યા હોય. પણ તો પછી એમણે આપઘાત શા માટે કર્યો?'

આમ અનેક પ્રશ્નોએ વકીલને ગૂંચવી નાખ્યા. એ વિચારતા હતા એ દરમિયાન સતીશ અને ચારુ ચાલ્યાં ગયાં હતાં. વકીલને હવે આ ઇન્દુ મહેતા ઍન્ડ કં. ઉપર નજર રાખવાનું યોગ્ય લાગ્યું. પણ એમાં યે રેડિયો નાટકવાળા વ્રજકાન્ત મહેતાનો ભેદ હજી સમજાતો ન હતો. આખરે એમણે હમણાં તો કોર્ટમાં દાવો દાખલ કરવાનો જ નિશ્ચય કર્યો. એમ કરતાં વધુ પ્રકાશ મળશે એમ એમને લાગ્યું.

કોર્ટમાં આજે પહેલો જ દાવો ચારુબાલાનો નીકળ્યો. વીમા કંપની તરફથી મિ. દેસાઇ વકીલ તરીકે આવ્યા હતા.

ગણાત્રાની નોટિસનો વીમા કંપનીએ આપેલો જવાબ ત્યાં રજૂ થયો. એમાં જણાવ્યું હતું કે મરનારે આપઘાત કર્યો છે અને વીમો

ઉતરાવ્યે ત્રણ વર્ષ પૂરાં થયાં નથી એટલે એના વારસોને પૂરો વીમો કે ભરેલા પૈસા પણ મળે નહિ.

જજે આ વાત નોંધી. ત્યાર બાદ સાક્ષીઓ આવવા શરૂ થયા. પહેલા સાક્ષી હતા પ્રિન્સેસ સ્ટ્રીટ પોલીસ ચોકીના ઇન્સ્પેક્ટર રાઠોડ.

તા. ૧૦મી ડિસેમ્બરે સવારે એમણે આઝાદ મેદાનમાંથી એક લાશનો કબજો લીધો હતો. પંચ સમક્ષ એનાં ખિસ્સાં તપાસતાં અંદરથી પંદરેક રૂપિયાના પરચૂરણ સાથે એમનું કાર્ડ મળ્યું હતું. જેના પરથી તેમજ ચારુબાલા સંઘવી નામની મરનારની પુત્રીએ ઓળખાણ આપતાં તે લાશ ઈન્દ્રવદન સંઘવીની હતી એમ નક્કી થયું. પંચનામા બાદ લાશ પોસ્ટમોર્ટમ માટે ડૉ. બક્ષીને સોંપવામાં આવી હતી. મરનારને ખોપરીમાં ગોળી વાગી હતી. બીજે દિવસે સવારે મરનારના ઘરની તપાસ કરતાં એમની એક ડાયરી મળી હતી, જેના લખાણ પરથી સાબિત થતું હતું કે એમણે આપઘાત કર્યો હતો.

અહીં મિ. દેસાઈએ તે લખાણ કોર્ટ સમક્ષ વાંચી તેને રેકોર્ડ ઉપર લેવડાવી આંક નંખાવ્યો. વકીલ ગણાત્રાએ એના ઉપર ઊલટ તપાસનો હક અનામત રાખ્યો. રાઠોડની જુબાની આગળ ચાલી:

એ લાશ મળી એના આગલા દિવસે વાલકેશ્વર પોલીસ ચોકી પર ધીરજલાલ શાહે એ મતલબની ફરિયાદ નોંધાવી હતી કે એમના એક સમયના ભાગીદાર ઇન્દ્રવદન સંઘવીએ એમના ઉપર હુમલો કર્યો હતો. ધીરજલાલે આ હુમલાનું કારણ આપતાં જણાવ્યું કે ઈન્દ્રવદનની પુત્રી ચારુ સાથેનો એમના પુત્ર સતીશનો વિવાહ તૂટી જતાં અને પોતે ભાગીદારીમાંથી છૂટા થવાને કારણે ઈન્દ્રવદનને ખોટ જવાથી એમણે ઉશ્કેરાઇને હુમલો કર્યો હતો. આ અવિચારી હુમલા બાદ પશ્ચાત્તાપ થતાં ઈન્દ્રવદને આપઘાત કર્યો હતો.

'નામદાર,' મિ. દેસાઈ બોલ્યા: 'મિ. રાઠોડે કરેલું પંચનામું, મરનારની પુત્રી ચારુબાળાએ ઓળખનું આપેલું સ્ટેટમેન્ટ, વાલકેશ્વર પોલીસ ચોકીએ કરેલી તપાસનો રિપોર્ટ અને ધીરજલાલનું બયાન હું રેકોર્ડ પર લેવા વિનંતી કરું તો યોગ્ય આંક કરશો.'

'નામદાર,' ગણાત્રા બોલ્યા: 'ધીરજલાલ તો સાક્ષી આપવા આવી શકે એમ છે. એમનું બયાન સાક્ષી અપાયા પહેલાં રેકોર્ડ પર લેવામાં મારો વિરોધ છે. એમણે ઇન્દ્રવદનને જ હુમલો કરનાર તરીકે કેમ ને કેવા સંજોગોમાં જણાવ્યા એ જાણવું જરૂરી છે.'

'પણ સાહેબ, ધીરજલાલ ઘવાયા હોઇ આવી શકે એમ નથી.'

'તો એ બાબતનું તેઓ ડૉક્ટરી સર્ટિફિકેટ લાવશે. વળી આજે તો હુમલો થયાને મહિના ઉપર થઈ ગયું છે એટલે તેઓ જરૂર સાક્ષી આપવા આવી શકશે.' ગણાત્રાની આ વાત કોર્ટે મંજૂર રાખી, ને ધીરજલાલનું બયાન રેકોર્ડ પર લેવાયું નહિ. ગણાત્રાએ ઊલટ તપાસ શરૂ કરી:

'મિ. રાઠોડ, તમે કેટલાં વર્ષથી ઇન્સ્પેક્ટર છો?'

'નામદાર, આ પ્રશ્નને આ વાત સાથે શો સંબંધ છે?' મિ. દેસાઈ બરાડી ઊઠ્યા, 'મિ. ગણાત્રા કોર્ટનો સમય બગાડી રહ્યા છે.'

'હું એમની તપાસ કરવાની પદ્ધતિ ઉપર શંકા કરું છું. અનુભવ ન હોય તો ભૂલ થઈ જાય.' ઇન્સ્પેક્ટર ગુસ્સાથી લાલચોળ થઈ ગયા. કોર્ટ રૂલિંગ આપે એ પહેલાં એમણે દાંતભીડીને કહ્યું: 'પંદર વર્ષની મારી નોકરીમાં દસ વર્ષથી હું ઇન્સ્પેક્ટર છું.'

'મિ. રાઠોડ, જો વાંધો લેવાયો હોય તો કોર્ટના રૂલિંગ પછી જ તમારે જવાબ આપવો.' મિ. દેસાઈએ કહ્યું.

'જુઓ, આટલી સાદી વાત પણ તેઓ નથી સમજતા.' ગણાત્રાએ રાઠોડને વધારે ગુસ્સે કર્યા અને પછી પૂછ્યું: 'તમે શા પરથી કહી શક્યા કે તેમણે આપઘાત કર્યો છે? આગલે દિવસે છાપાના ખબરપત્રી આગળ તો તમે ખૂનની શંકા વ્યક્ત કરી હતી.'

'પ્રાથમિક તપાસમાં આપઘાત છે એવું ઓછું જ જાણી શકાય? દરેક મૃત્યુ ખૂન છે: કાં તો કુદરતે કર્યું હોય, કાં તો કોઈ માણસે, કે કાં તો જાતે પોતાનું ખૂન કર્યું હોય.' કોર્ટમાં હસાહસ થઈ રહી.

'પાછળથી ડાયરી અને એમની બાજુમાંથી જ પિસ્તોલ મળી આવી ત્યારે આપઘાત છે એમ જણાયું.'

'એ પિસ્તોલમાંથી કેટલી ગોળી ફાયર થએલી હતી?'

'ત્રણ; બે બાર એણે ધીરજલાલ પર કર્યા હતા ને એક પોતા પર.'

'પિસ્તોલ પર કોનાં આંગળાંની છાપ હતી?

'ઇન્દ્રવદનનાં જ. એક્સ્પર્ટનો એ જ અભિપ્રાય હતો.'

'ખોપરીમાં ઘા ત્રાંસો હતો કે સીધો?'

'ત્રાંસો, કારણ કે આપઘાત કરનારનો હાથ હમેશાં નીચો જ રહે છે, તેથી પિસ્તોલ ખોપરીમાં ત્રાંસી ગોળી જ છોડી શકે.' રાઠોડે હવે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી હતી.

'તમે ડરમલ નાઇટ્રેટ ટેસ્ટ લીધો હતો? એ વિષે કંઈ જાણો છો?'

'પિસ્તોલ ફોડતાં હમેશાં ન દેખાય એવા નાઇટ્રેટના બારીક રજકણો હાથ ઉપર લાગે છે. એને ઘટ્ટ કરેલા પૅરેફીન ઉપર ઉઠાવી ડાયફેનીલેમાઈન લગાડતાં બ્લુ રંગની ઝાંય એ ભાગમાં દેખાય છે. માણસે પિસ્તોલ ફોડ્યા પછી હાથ ન ધોયા હોય તો આવો ટેસ્ટ કામયાબ નીવડે છે. ઈન્દ્રવદનના હાથ પર આવો ટેસ્ટ કરતાં જણાયું કે એમણે પિસ્તોલના બાર કર્યા હતા.'

ગણાત્રાને લાગ્યું કે પોતે ફસાયા હતા. એમણે ધીરજ રાખી પૂછ્યું: 'લાશમાંથી મળેલી ગોળી કેટલા કૅલિબરની હતી?'

'૦.૩૮'

'પિસ્તોલ કેટલા કૅલિબરની હતી?'

'૦.૩૮'

પિસ્તોલ કોની માલિકીની હતી?'

'ઈન્દ્રવદનની પોતાની. થોડા સમય પહેલાં જ એમણે લાયસન્સ કઢાવ્યું હતું.' રાઠોડના જવાબમાં હવે વિજયધ્વનિ હતો.

'થેંક્યુ.' ગણાત્રાએ એમને રજા આપી. ડૉ. બક્ષી સ્ટૅન્ડ પર આવ્યા.

એમણે ૧૦મી ડિસેમ્બરે સવારે ૧૦ વાગ્યે સોંપાએલી લાશની તપાસ કરી નક્કી કર્યું હતું કે મૃત્યુ ગોળી વાગતાં તરત જ થયું હતું અને એ સમય રાતના એકની આસપાસનો હતો.

'ગોળી ખોપરીમાંથી આરપાર નીકળી ગઈ હતી કે ખોપરીમાં જ હતી?' વકીલ ગણાત્રાએ પૂછ્યું.

'ખોપરીમાં જ હતી.'

'બાર નજીકથી થયો હોય તો ખોપરી ફાડીને નીકળી ન જાય?'

'એ હું કેમ કહી શકું?' ડૉક્ટરે કહ્યું.

'જ્યાં ગોળી વાગી હતી એ જગ્યાની ચામડી બળી ગઈ હતી?'

'ના'

'તમે જાણો છો, કે જો બાર ખોપરીથી એકાદ ફૂટથી ઓછા અંતરેથી કરવામાં આવે તો ગોળીની સાથે દારૂ નીકળી ચામડીને બાળે છે?'

'હા, ઘાની આસપાસની ચામડી કેટલીક વાર બળી ગએલી જોવા મળે છે, પણ કેટલા દૂરથી બાર કર્યો હોય તો ચામડી ન બળે એ હું જાણતો નથી. હું એનો નિષ્ણાત નથી.'

'થેંક્યું.' ગણાત્રાને લાગ્યું કે ઊલ્ટો પ્રશ્ન ન પૂછ્યો હોત તો સારું.

'નામદાર,' મિ. દેસાઈ બોલ્યા: 'અમારો કેસ પૂરો થયો. ઇ. રાઠોડ-

ની જુબાની, ઇન્દ્રવદનની ડાયરી, વાલકેશ્વર પોલીસ ચોકીના રિપોર્ટ અને મરનારની પુત્રીના બયાન પરથી સાબિત થાય છે કે ઈન્દ્રવદને આપઘાત કર્યો હતો. વળી પૂરા છ હપ્તા એમણે ભર્યા નહોતા, એટલે ભરેલા પૈસા પણ એમને ન મળે. અમારી અરજ છે કે કોર્ટ વીમા કંપનીને થએલો ખર્ચ વાદી પાસેથી અપાવશે.'

'નામદાર,' ગણાત્રા બોલ્યા : 'ગોળી ખોપરીમાં હતી અને ઘા પાસે ચામડી બળી નથી તેથી કહી શકાય કે બાર એક ફૂટ કરતાં વધારે દૂરથી તો થયો જ છે. આપઘાત કરનાર માણસ પિસ્તોલની નળી વધારેમાં વધારે છ ઈંચ જ દૂર રાખી શકે. ઉપરાંત, એટલી નજીકથી બાર થાય તો ગોળી ખોપરીની બહાર નીકળી જાય અને ઘાની આસપાસની ચામડી બળે. વળી ધીરજલાલના રિપોર્ટ અને ચારુબાલાના બયાન મુજબ ફોન આવતાં સાડા દસ વાગ્યે ઘેરથી નીકળેલા. ઇન્દ્રવદને એક વાગ્યે આપઘાત કર્યો. આપઘાત કરવાનો નિશ્ચય કરનાર માણસ બે કલાક વચ્ચે થોભે તો એનો નિર્ણય બદલાઇ જ જાય. આ ત્રણ બાબતો જોતાં ઇન્દ્રવદને આપઘાત કર્યો હોય એમ લાગતું નથી. વળી એમણે જ ધીરજલાલ ઉપર હુમલો કર્યો હતો એ કેમ કહી શકાય? ધીરજલાલ સાક્ષી આપવા ન આવે ત્યાં સુધી તે લોકોનો બચાવ જે મૂળ વાત ઉપર રજૂ થયો છે તે પાયા વિનાની ઠરે છે.'

કોર્ટે રૂલિંગ આપ્યું : 'જ્યાં સુધી ધીરજલાલે આપેલું બયાન સાચું ન ઠરે ત્યાં સુધી ઈન્દ્રવદનના આપઘાતનું કારણ સાબિત થતું નથી. જરા પણ શંકા રહે તો એમણે આપઘાત નથી કર્યો એમ સાબિત થાય; અને એટલે અરો કેસ પાંગળો રહે છે.'

'તો નામદાર, મને મુદત આપો એટલે ખૂટતી કડી જેવી ધીરજલાલની જુબાની હું રજૂ કરીશ.' કોર્ટે મુદત નાખી.

ગણાત્રા કોર્ટના આજના કામથી જરા ય રાજી ન થયા. તરફેણમાં ત્રણ બાબતો હતી તો વિરુદ્ધમાં સાત બાબતો હતી. હવે માત્ર ધીરજલાલની જુબાની પર જ બધો આધાર હતો.

વકીલને લાગ્યું કે આ ઈન્દ્ર મહેતાની કંપની કંઇક અટપટી હતી. એમાં કંઇક વિચિત્રતા તો કંઈક અત્યંત સાવધપણું દેખાતાં હતાં. આ કેસની વિગત ઉપરથી એમને ઇન્દ્રવદનના સ્વભાવનો ખયાલ આવ્યો. ધીરજલાલને તો તેઓ રૂબરૂ મળ્યા હતા, પણ હજી ત્રીજા ભાગીદાર સુરેન્દ્ર મહેતાને મળાયું નહોતું. ઊઠતાં ઊઠતાં એમણે સુરેન્દ્ર મહેતાનું પાણી માપવાનો નિશ્ચય કર્યો.

ભીડ થોડી ઓછી થતાં પોર્ટફોલિયો બગલમાં મારી, જતાં જતાં એમણે ચારુને કહ્યુ : 'કેસ સહેજ નબળો છે, પણ આપણે કશું ગુમાવવાનું નથી. જજ પર આપણી વાતની અસર પડી છે. ધીરજલાલની જુબાની તૂટે તો આશા રહે.' ચારુ આભારની નજરે ગણાત્રા તરફ જોઇ રહી: 'હું બધું બાને કહીશ. એ બહુ ખુશ થશે.'

'તમારે હમણાં જ ઘરે જવું હોય તો હરકત નથી. ચારેક વાગ્યે આવી જજો.' વકીલ ગણાત્રાએ જતાં જતાં કહ્યુ, અને જોયું કે સતીશ ચારુને મળવાની રાહ જોતો ઊભો હતો. પણ જરા દૂર જઈ જ્યારે એમણે પાછળ જોયું ત્યારે એમને જણાયું કે ચારુ ગૌતમ સાથે વાત કરતી હતી અને સતીશ તો હજી એક બાજુએ ઊભો જ હતો. એ જરા વિચારમાં પડી ગયા. એમને ચારુ સમજાઇ નહિ.

વકીલ બસ દ્વારા વીર નરીમાન રોડ પર આવી ઈન્દુ મહેતાની કંપની ઑફિસ આગળ પહોંચ્યા ત્યારે અઢી વાગ્યા હતા. ઑફિસમાં દાખલ થઈ ઇન્કવાયરી ડેસ્ક આગળ બેઠેલી એક યુવતીને એમણે પૂછ્યું : 'સુરેન્દ્રભાઇ અંદર છે?'

'ના, હમણાં આવશે, બેસો.'

'ના, મારે ઉતાવળ છે. હું પછી મળીશ.' એટલું કહી બહાર નીકળી તે ચોથા માળના દાદરે ચડવા લાગ્યા. લિફ્ટ ચાલુ હોવાથી દાદર પર એમને કોઈ જોઈ શકે એમ નહોતું. એથી તેઓ દાદરના વળાંકમાં ઊભા રહી ઑફિસમાં કોણ આવે-જાય છે એની ખબર રાખવા લાગ્યા.

થોડી વારે સ્ટીલ ગ્રે સૂટમાં સજ્જ એક અપટુડેટ ગૃહસ્થને તેમણે ઑફિસમાં જતા જોયા. તેણે કીમતી ગૉગલ્સ પહેર્યાં હતાં ને મોંમાં ચૂંગી હતી. વકીલને લાગ્યું કે આ જ સુરેન્દ્ર મહેતા હોવા જોઇએ. એમની સાથે રેડિયો નાટકોના લેખક વ્રજકાન્ત મહેતા પણ હતા.

દસેક મિનિટમાં તેઓ બંને ઑફિસમાંથી બહાર આવ્યા. થોડી વાર પછી જગદીશ કિનારીવાલા આવ્યા. એમના હાથમાં નાની બૅગ હતી. એ પણ દસેક મિનિટમાં બહાર આવ્યા. થોડીવાર પછી ગૌતમ આવીને અંદર ગયો. એ પાંચ જ મિનિટમાં પાછો આવ્યો ત્યારે એનું મોં સખત થઇ ગયું હતું. એની પાછળ તરત જ પેલી ડેસ્ક ગર્લ નીકળી, જેના હાથમાં કિનારીવાલા લાવ્યા હતા તે બૅગ હતી.

ગણાત્રા સાવધાનીથી એની પાછળ બહાર આવ્યા અને એની ટૅક્સી પાછળ બીજી ટૅક્સી કરીને ઊપડ્યા. આગળની ટૅક્સી વાલકેશ્વર રોડ પર 'રત્નાકર' આગળ આવીને ઊભી રહી. વકીલે પણ પોતાની ટૅક્સી ત્યાં થોભાવી દબાતે પગલે પેલી યુવતી પાછળ ચાલવા માંડ્યું. યુવતી પ્રાઇવેટ લિફ્ટનો ઉપયોગ કરી ઉપર ગઈ. વકીલ બીજી બાજુની લિફ્ટમાં બેસીને ઉપર ગયા અને ૩૧ નંબરના ફ્લૅટ પર 'સુરેન્દ્ર મહેતા બી. એસસી.'નું પાટિયું લટકતું જોઈ કૉલબેલ વગાડ્યો. બારણું ઊઘડતાં વકીલે સામે પેલી યુવતીને જ ઊભેલી જોઈ. 'ઓહો, આપ?' ગણાત્રા બોલ્યા : 'સુરેન્દ્રભાઈ છે ને અંદર? ઑફિસે ના મળ્યા એટલે અહીં આવ્યો. આપ મારા પહેલાં આવી ગયાં?'

'તમારે એમનું શું કામ છે?' એણે જરા તોછડાઈથી કહ્યુ.

'એ તમને હું ઑફિસમાં પણ કહી શકયો હોત. પણ મારે એમનું ખાનગી કામ છે. એમને કહોને......'

'એ અહીં નથી...' પેલીએ વાત કાપી નાખી.

'ક્યારે આવશે?' વકીલે અંદર દાખલ થવા પ્રયત્ન કર્યો.

'અત્યારે એ અહીં નહિ આવે, ઑફિસમાં જ મળી શકે, સાહેબજી.'

'પણ આપ મારો સંદેશો તેમને કહો તો મિસ...અ...' વકીલે બારણાને એ બંધ ન કરી શકે એટલું દબાવી રાખ્યું.

'મારું નામ મિસ પિરોજા.' એ બોલી.

'એમને કહેજો કે શ્રી રામ બૅંકના વકીલ મળવા માગતા હતા.'

'જી. પણ એ માટે તો ઑફિસે મળાય.'

'મારે જરા કૉન્ફિડેન્શ્યલ કામ હતું.' વકીલે કહ્યુ : 'વારુ સાહેબજી.'

વકીલે બહાર આવી પોતાની ટૅક્સી થોડે દૂર લેવડાવી. કોટ કાઢી, 'ઠીક નથી' કહી ટૅક્સીમાં લંબાવ્યું, પણ એમની નજર તો પાછલી બારીમાંથી બહાર જ ફરતી હતી. થોડી વારે મિસ પિરોજા બહાર આવી અને ટૅક્સીમાં બેસી ગઈ. પેલી બૅગ એની પાસે જ હતી. વકીલે ટૅક્સી એની પાછળ લેવડાવી. ડ્રાઈવર હોશિયાર હતો, એણે પેલી ટૅક્સીને ઓવરટેક કરી ને રીઅર વ્યૂમાંથી જોવા લાગ્યો.

પાછળની ટૅક્સી નેપીઅનસી રોડ તરફ વળી ગઈ. વકીલે પોતાની ટૅક્સી એ બાજુ લેવડાવી અને પિરોજાની ટૅક્સી ઊભી હતી ત્યાં ઊતરીને તપાસ કરી. એ બંગલાનું નામ 'દારા' હતું. વકીલને લાગ્યું કે હવે પિરોજા પોતાને જુએ એ ઠીક નહિ. એથી બાકીની તપાસ આગળ ઉપર મુલતવી રાખી તેઓ ઑફિસ બાજુ ઊપડ્યા.

ઑફિસમાં આવી વકીલે ડાયરી જોઈ. આવતી કાલે રજા હતી પણ કાર્યક્રમ ભરચક હતો. એથી એમણે આજ ઑફિસમાં જ રોકાઈ બધું કામ પતાવી લેવાનો નિશ્ચય કર્યો અને કામ શરૂ કર્યું. તેઓ લખી-લખીને આપવા લાગ્યા, ચારુ નકલ કરવા લાગી. લગભગ સાડાસાત થતાં ચારુએ રજા માગી. વકીલે બાકીનું કામ રાત પોતે જ અહીં ગાળી પૂરાં કરી નાખશે એમ કહી ચારુને રજા આપી.

થોડી વારે કામથી કંટાળી વકીલે ટ્રાન્ઝિસ્ટર ચાલુ કર્યું ને ગુજરાતી કાર્યક્રમ સાંભળવા માંડયો. અરે, આજે તો પેલા વ્રજકાન્ત મહેતાનું નાટક આવવાનું હતું. સાડા આઠે નાટક શરૂ થયું. વકીલ તે સાંભળવામાં એવા મશગૂલ થઈ ગયા કે કામ બાજુએ જ રહી ગયું.

પ્રેમની નિષ્ફળતા અને ત્યાગની ભાવના દર્શાવતા એ નાટકમાં નાયકનું પાત્ર સજીવ બન્યું હતું. ત્યાગ સહન ન થતાં અંતે એણે પિસ્તોલના એક બારથી પોતાની જીવનલીલા સંકેલી લીધી. નાટક કરુણાંત ને ભાવવાહી બન્યું હતું. આપઘાત સમયના દર્દજનક શબ્દો વચ્ચે પિસ્તોલનો અવાજ કારી ઘા જેવો લાગતો હતો.

વકીલ ગમગીન થઈ ગયા. તેમણે ટ્રાન્ઝિસ્ટર બંધ કરી કામે ચડવાનો પ્રયાસ કર્યો, પણ કંઇ ચેન ન પડયું. એથી તેઓ નીચે જઇ જમી આવ્યા અને થાકના માર્યા ઑફિસના બાંકડા ઉપર લાંબા થયા. લગભગ અગિયાર વાગ્યે ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. ગણાત્રાએ ઝબકીને ફોન લીધો: 'હલ્લો!'

'ગણાત્રા સાહેબ,' સામેથી અવાજ આવ્યો: 'હું ચારુ. અત્યારે ડિસ્ટર્બ કરવા બદલ માફી ચાહું છું. પણ મારી બાએ દેશમાં જવા હઠ લીધી છે. આડોશીપાડોશી આખો દિવસ પિતાજીના આપઘાતની ચર્ચા જ કર્યા કરે છે. એથી હમણાં જઇ આવીએ તો લોકો શાંત થઈ જાય ને બાનું દિલ આનંદમાં રહે. મને રજા આપો તો સારું. બે ત્રણ અઠવાડિયાંમાં ચોક્કસ આવી જઈશ.'

'ભલે, મને હરકત નથી.' ગણાત્રાએ જણાવ્યું અને ફોન મૂકી દીધો.

ગણાત્રા સમજી ગયા કે પાડોશીઓ ચારુના સગપણની વાતો કરતા હશે અને એથી આ બંને દેશમાં ચાલ્યાં જાય છે. ભલે જાય. ધીરજલાલની જુબાની વખતે ચારુ કોર્ટમાં આવત નહિ અને એની ખાસ જરૂર પણ નથી. વિચારમાં ને વિચારમાં તેઓ ક્યારે ઊંઘી ગયા એનો ખયાલ ના રહ્યો.

સવારે ઊઠયા ત્યારે ખાસ્સું મોડું થઈ ગયું હતું. અવરજવર એટલી હતી કે એમને લાગ્યું કે કામ થઇ શકશે નહિ. તેઓ કાગળો લઈ નજીક લુહાર ચાલમાં રહેતા પોતાના એક મિત્રને ત્યાં ગયા અને કામ કરવા લાગ્યા. બપોરે ત્યાં જ જમીને આરામ કર્યો.

સાંજે એકાદ બે અસીલને મળી તેઓ ઘેર આવ્યા ત્યારે છાપું આવીને પડયું હતું. છાપા પર અમસ્તી નજર ફેંકતાં જ મોટા અક્ષરે છપાએલા સમાચારે એમનું ધ્યાન ખેંચ્યું: 'કૉલેજિયનનું કરપીણ ખૂન. ખૂન કરનાર એની સહાધ્યાયી યુવતી નાસી જતાં પકડાઇ.'

[૧૪ જાન્યુઆરી અમારા ખબરપત્રી તરફથી]

હ્યુજીસ રોડ પર આવેલા 'કમલ' બંગલાના ચોથા માળે રહેતા ગૌતમ વસાવડા નામના કોઇ કૉલેજિયન યુવાનનું ગઇ કાલે રાતે સાડા આઠ વાગ્યે કરપીણ ખૂન થયાના સમાચાર જાણવા મળ્યા છે. એને મળવા આવનાર એના સંબંધીઓ સુરેન્દ્ર મહેતા અને ધીરજલાલ શાહ બારણું ખખડાવતાં કંઈ જવાબ ન મળ્યો હોઈ ચાલ્યા જવાના વિચારમાં હતા, પણ અંદર લાઇટ અને રેડિયો ચાલતાં હોવાથી સુરેન્દ્ર મહેતાએ વેન્ટીલેશનમાંથી ડોકિયું કર્યું. એમણે ગૌતમ વસાવડાને ખુરશી પર ઢળી પડેલા જોઇ ધીરજલાલને બાજુમાંથી પોલીસને ફોન કરવા જણાવી પોતાની ચાવી વડે બારણું ખોલી અંદર પ્રવેશ કર્યો હતો.

પોલીસ તપાસમાં જણાયું છે કે મરનારને ડાબા ખભે ગોળી વાગી હતી. મરનાર ફ્લૅટમાં એકલો રહેતો હતો. બાજુના ટેબલ પર કૉફીના પ્યાલા પડયા હતા. એક પ્યાલો તૂટી પડયો હતો એ પરથી ખૂની સાથે ઝપાઝપી થઇ હોવાનો સંભવ મનાય છે. બારણાના લૅપમાં ભરાઇ તૂટેલો સાડીનો એક કટકો મળી આવ્યો છે, એ ઉપરથી ખૂનમાં કોઇ યુવતીનો હાથ હોવાની પોલીસને શંકા ગઇ હતી.

માળાના ગુરખા પાસેથી પોલીસને જાણવા મળ્યું છે કે તે રાત્રે ફ્લૅટમાં રહેનારા સિવાયના આઠ માણસો આવ્યા હતા. એમાં બે છોકરીઓ હતી. એક ફ્રૉકવાળી યુવતી તો વારંવાર ત્યાં આવતી. બીજી ગુજરાતી સાડી પહેરેલી યુવતી આવી હતી. પોલીસે બધી બાબતો પરથી અત્યાર સુધીમાં સુરેન્દ્ર મહેતા, ધીરજલાલ શાહ, એમના પુત્ર સતીશચંદ્ર, પિરોજ બલસારા અને ચારુબાલા સંઘવીનાં સ્ટેટમેન્ટ લીધાં છે. આ સિવાય ત્રણ અજાણ્યા માણસો ત્યાં આવ્યા હતા. જેમાંના બે તો ત્રીજે માળે રહેતા શેઠ હસમુખરાય અંબાણીના વેપારી મિત્રો હતા, જ્યારે ત્રીજા વિષે કશો પત્તો લાગ્યો નહોતો. પોલીસે ભાગી જતી ચારુબાલા સંઘવીની બૉમ્બે સેન્ટ્રલ પરથી ધરપકડ કરી છે. એના પર પોલીસને વધારે શક છે, કારણ કે બારણાના લૅપમાંથી મળી આવેલો ટુકડો જે સાડીમાંથી ફાટયો હતો એ સાડી એની પેટીમાંથી મળી આવી હતી. ગૌતમે ચારુ સાથે લીધેલી અણછાજતી છૂટના લીધે ચારુએ સ્વબચાવ અર્થે આ કામ કર્યું હોય એવું ઈન્સ્પેક્ટર રાવળનું અનુમાન છે. ખૂનના હથિયાર અને અજાણ્યા ઈસમ અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.'

વકીલ એકીશ્વાસે બધું વાંચી ગયા. રાત્રે ચારુનો ફોન કેમ આવ્યો હતો એ એમને સમજાયું. પોલીસે ઘણી ઝડપ કરી બાર-ચૌદ કલાકમાં કેસ સ્પષ્ટ કરી દીધો હતો. વકીલને ખયાલ આવી ગયો કે પેલો અજાણ્યો ઈસમ જગદીશ કિનારીવાલા જ હોવો જોઈએ. પણ અત્યારે એમને વિચાર કરવાનો સમય નહોતો. તેઓ તરત જ ટૅક્સી કરી ગામદેવી પોલીસ સ્ટેશન તરફ ઊપડયા. (ચાલુ)

બાળસાહિત્યની ૧૨મી પારિતોષિક સ્પર્ધા

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે, બાળસાહિત્ય માટેની ૧૨મી પારિતોષિક સ્પર્ધા માટે લેખકો અને પ્રકાશકો પાસેથી બાળકોને યોગ્ય પુસ્તકો અને હસ્તપ્રતો નિમંત્રી છે. પ્રવેશપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૭ એપ્રિલ ૧૯૬૬ રાખવામાં આવી છે. આ સ્પર્ધામાં હિન્દી માટે બે અને ગુજરાતી સહિતની ૧૩ પ્રાદેશિક ભાષાઓ માટે રૂા. ૧,૦૦૦નું એકએક એમ ૧૫ પારિતોષિકો પ્રદાન કરવામાં આવશે. પારિતોષિક વિજેતા પુસ્તકોના ચિત્રકારોને પણ એક કે બે પારિતોષિક અપાશે. આ સ્પર્ધામાં ૧૯૬૪ અને ૧૯૬૫ના કૅલેન્ડર વર્ષમાં પ્રસિદ્ધ કરાએલાં પુસ્તકો સામેલ કરી શકાશે. પાઠ્યપુસ્તકો સામેલ કરી શકાશે નહિ. સ્પર્ધાની પ્રવેશ ફી લેખકો માટે રૂા. ૩ અને પ્રકાશકો માટે રૂા. ૫ આપવાની રહેશે. ગુજરાતી ભાષા માટેની આ સ્પર્ધા સંબંધેની વિસ્તૃત માહિતી રાજ્યસરકારના શિક્ષણસચિવ પાસેથી મળી શકશે.

આત્મકથાનક ૫૦

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
રવિશંકર
રાવળ



સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના
એક વખતના કલાશિક્ષક
અને આજના
પંડિત સાતવળેકરજી→

૨૨૬
સેસિલ એલ. બર્ન્સ આર. બી. એ.
૧૮૯૯ થી ૧૯૧૮

એક જ વર્ષ બાદ ૧૮૯૯માં મિ. બર્ન્સે ઈગ્લંડથી આવી જૉન વૉલેસ પાસેથી સ્કૂલ ઑવ આર્ટનો હવાલો સંભાળી લીધો ને પ્રિન્સિપલ બન્યા. તે પ્રોફેસર 'હર્કોમર' નામના વિખ્યાત ચિત્રકારના અનુયાયી અને શિષ્ય હતા. તેમના વિષે શ્રી ધુરંધરે લખ્યું છે: 'તેમણે ખાનગી સંસ્થામાં શિક્ષણ મેળવ્યું હોઇ તેમને ચિત્રકળાના ક્રમિક શિક્ષણની કંઇ જ ખબર ન હતી, પણ તે ઉચ્ચ દરજ્જાના ચિત્રકાર હતા. અમે સર્વ હિન્દી શિક્ષકવર્ગ તો તેમની નજરમાં કંઇ વિસાતમાં ન લાગતા. ૧૮૯૯ થી ૧૯૧૩ સુધીનાં ૧૪ વર્ષ લગી પેઇન્ટિંગ વર્ગમાં કંઈક નિયમિત શિક્ષણ-ધોરણ હોવું જોઇએ એમ તેમના મનમાં કદી ઊતર્યું જ નહિ. રબરનાં તળિયાંવાળા બૂટ પહેરી તે ગુપચુપ વર્ગમાં આવી શિક્ષક બરાબર શીખવે છે કે નહિ તે જોઈ લેતા. તેમના સમયમાં કોઇ શિક્ષક ખુરશી પર બેઠેલો રહેતો નહિ, તેમ બીજી બાજુ કોઇ વિદ્યાર્થીનું સારું કામ જોઈ 'સરસ' બોલ તે કદી કાઢતા નહિ. બહુબહુ તો 'not bad' (ખરાબ ન કહેવાય) એટલું કહેતા.

તેમની હમેશાની ઘોષણા હતી કે હિન્દી વિદ્યાર્થીઓને પાશ્ચાત્ય ચિત્રકલા કદી આવડવાની જ નથી એટલે તેમના માટે સમય આપવો ફોગટ છે. આથી, બીજી કઈ રીતે ફાયદો થાય કે કઇ નવી રીતે શિક્ષણકાર્ય મહત્ત્વપૂર્ણ બને તેના પ્રયોગોમાં જ તેમણે વર્ષો વીતાવ્યાં. હિન્દી વિદ્યાર્થીઓને હાઉસ-ડેકોરેશન (ગૃહ-સુશોભન) કરાવવું ફાયદાકારક સમજી તેમણે ડ્રૉપ્સ, રીપીટિંગ પૅટર્ન, ફ્રીઝ ડેકો, વૉલ-ફિલિંગ વગેરે વિષયો પર ભાષણ આપ્યું; જાતે બ્રાઉન પેપર ઉપર નમૂના દોરી બતાવ્યા; પણ એટલા માત્રથી વિદ્યાર્થીઓ કંઇ શીખી જાય નહિ. તેમનું કરેલું કામ સુધારવાની તો કદી વાત જ નહિ. લૂઈ ડેની એક ચોપડી માસ્તરોને આપી અને એ પ્રમાણે ચલાવી લેવા કહ્યું. વિદ્યાર્થીઓ મોટા માપનાં ડિઝાઈન તથા સ્ટેન્સિલો શીખ્યા. તેનો ઉપયોગ પાછળથી ૧૯૦૨ના દિલ્હી દરબાર પ્રદર્શનમાં ખૂબ જ થઈ શક્યો.

૧૯૦૧માં પ્રગતિ બતાવતા વિદ્યાર્થીઓને સહાય આપવા ચાર પ્યુપિલ ટીચરની નિમણૂક કરી. તેમણે રોજ એક કલાક શિક્ષણકામ કરવાનું અને તે માટે તેમને માસિક રૂા. ૧૦ મળે એવું ઠર્યું. આગળ જતાં છેવટના વર્ષમાં એક ૨૫ રૂપિયાની સ્કૉલરશિપ કાઢી. જે વિદ્યાર્થીને તે મળતી તે શ્રેષ્ઠ ગણાતો.

૨૨૭ ચિત્રકળાના ક્રમિક શિક્ષણની નવી યોજના

બર્ન્સની કારકિર્દીના ત્રીજા વર્ષમાં ઈ. ૧૯૦૧માં શિક્ષણક્રમમાં ફેરફાર થયો. અત્યંત ઉપયોગી ફ્રી હૅન્ડ ડ્રૉઇંગ (મુક્ત હસ્તાવલેખન) પસ્પેંક્ટિવ (દષ્ટિ-સંધાન) અને ફ્રી હૅન્ડને બદલે આપેલા નકશાપટ ઉપરથી પ્લેટ ડ્રૉઇંગ (પ્રાકૃતિક) ને રંગો સહિત કરવાનું ઠર્યું. જ્યૉમેટ્રીને બદલે જ્યામેટ્રિક પૅટર્ન અને પર્સ્પેક્ટિવને બદલે મેમરી ડ્રૉઇંગ (સ્મૃતિચિત્ર) વગેરે વિષયો ઠરાવ્યા. થર્ડ ગ્રેડનું મહત્ત્વ હળવે હળવે ઓછું થઈ ગયું. કૂંડામાં રાખેલા સજીવ રોપનું ચિત્ર કરવાની પ્રથા હતી તેને બદલે એકાદ રોપની ડાળી ફૂલ સહિત કાપી લાવી પાણી ભરેલા શીશા કે પ્યાલામાં યા માટીના પીંડામાં ખોસી ચિત્ર કરવાનું આવ્યું. એમાં દસ મિનિટમાં તો ફૂલો નીચાં નમી જાય, પાંદડાં કરમાવા લાગે અને પેન્સિલથી કાઢેલો આકાર રંગકામ માટે મુશ્કેલ બની જાય. એથી વિદ્યાર્થી ખરો આકાર કે રંગ સમજી જ ન શકે.

ફર્સ્ટ, સેકંડ અને થર્ડ ગ્રેઈડના વિષયો બદલાઈ જતાં મુંબાઈ ઈલાકામાં ડ્રૉઇંગ-માસ્તરોને નવીન વિષયોની માહિતી આપવા સારુ પ્રથમ તો આ ઈલાકાની હાઈસ્કૂલો અને ટ્રેઇનિંગ કૉલેજોના માસ્તરો માટે એક મહિના માટે મુંબાઇ સ્કૂલ ઑવ આર્ટમાં આવી શિક્ષણ લેવાની જોગવાઈ કરી, ત્યાર પછી બીજા પ્રાંતોના અને ખાનગી સંસ્થાઓના શિક્ષકોને એ તક આપવામાં આવી અને તે વર્ગો ચલાવવાનું લક્ષ્મણરાવ તાસ્કરને સોંપાયું. અને તે દરેક ડ્રૉઈંગ માસ્તર પાસે ઠરાવેલા વિષયોના નમૂનાઓ મોટા ઈમ્પીરીઅલ (૨૨×૩૦ ઈંચ) કદના કાગળ પર જ કરાવતા. આ પ્રમાણે નવીન શિક્ષણ-પદ્ધતિનું જ્ઞાન લઈ ગએલા માસ્તરો બહાર આવ્યા અને પહેલાંનો શિક્ષણક્રમ ઉડાવી દઈને ફર્સ્ટ, સેકંડ અને થર્ડ ગ્રેઈડની પરીક્ષાઓ, જ્યૉમેટ્રી શેઇડિંગ કે પર્સ્પેક્ટિવના વિષયોની માત્ર કલ્પના રાખીને લેવાતી થઈ. આથી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને પરીક્ષકોને દ્રવ્યલાભ વધ્યો.

તે વખતે પેઇન્ટિંગ ક્લાસમાં જે વિદ્યાર્થીઓ હતા તેમાંના એમ. એ. જોશી, ચુનીલાલ ઘોડી ગોદાંબે, જિજિન્ડા, ઓળતીકર દેઉસકર, આપ્ટે, કાર્પેન્ટર, હર્ધનઅલી, ફૂલચંદ શાહ, કે. આર. કીર્તિકર અને નેરૂળકર હોશિયાર ગણાતા. તેમાંના કાર્પેન્ટર અમદાવાદમાં ડ્રૉઈંગ-માસ્તર તરીકે જાણીતા થયા હતા. અને ફૂલચંદ શાહ નડિયાદમાં નાટ્યલેખક અને ચિત્રકાર હોઈ કવિ ચિત્રકાર કહેવાયા. ચુનીલાલ ઘોડી મુંબાઈમાં ભાયખલાના વિક્ટોરિયા આલ્બર્ટ મ્યૂઝિયમમાં આસિસ્ટન્ટ ક્યુરેટર થયા.

ઈ. સ. ૧૯૦૨માં બર્ન્સ કાયમના પ્રિન્સિપલ થતાં જેસ્પર બ્રેટ નામના એક તરુણ વાઈસ પ્રિન્સિપલની જગ્યાએ આવ્યા. તેના પિતા રૉયલ અકાદમિશ્યન અને વિખ્યાત સમુદ્ર-દશ્યકાર જૉન બ્રેટ એ. આર. એ (એસોશીએટ ઑવ રૉયલ ઍકેડમી) હતા. 'બડે બાપ કે છોટે બચ્ચે' એ સંબંધથી જ બ્રેટ આ જગ્યા મેળવી શક્યો હતો. તે ફક્ત સ્ટેઈન્ડ-ગ્લાસ ડેકોરેટર (રંગીન-કાચ-મઢી બારીઓનો કલાકાર) હતો. સ્કૂલ ઑવ આર્ટમાં ચાલતા વિષયો પૈકી એક પણ તે શીખવી જાણતો નહોતો. તે માત્ર કામકાજની રખવાળી કરતો. બર્ન્સ છ માસની રજા પર ગયા ત્યારે તે પ્રિન્સિપલ બન્યો અને ગણપત કેદારી ફરી વાઈસ પ્રિન્સિપલ થયા. તે વખતની રીત પ્રમાણે મદ્રાસ સ્કૂલ ઑવ આર્ટ્સની વાર્ષિક પરીક્ષાના ઉત્તરપત્રો મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટ-

ના પ્રિન્સિપલ પાસે આવતા અને તેને તપાસવાની સારી રકમ પ્રિન્સિપલને મળતી. ગ્રેટ સાહેબે એ રકમ પોતાની ગેરહાજરીમાં પ્રિન્સિપલ વતી હાથ કરી તેથી બર્ન્સનો મિજાજ ગયો અને રજા પરથી આવ્યા બાદ કંઈક ખટપટ કરી તેને નાલાયક ઠરાવી ઈંગ્લંડ ભેગો કરી દીધો. તે પછી ગણપત કેદારી તેની જગ્યા પર આવી ગયા.

૨૨૮ બૉમ્બે આર્ટ સોસાએટીનો પ્રવેશ

એ જ વર્ષે બર્ન્સે બૉમ્બે આર્ટ સોસાએટી હાથમાં લીધી અને તેનાં પ્રદર્શન (૧૯૪૫ સુધી) આર્ટ સ્કૂલના પેઇન્ટિંગ ક્લાસના ખંડમાં ભરવા માંડયાં. પોતે પ્રેસિડેન્ટ અને જેસ્પર ગ્રેટ સેક્રેટરી બન્યા હતા. તેમાં ફક્ત સભ્યોનાં જ ચિત્રો લેવાં એવો પ્રદર્શનને સંકુચિત બનાવતો હેતુ સમજતાં પ્રો. મુલર અને બીજા કેટલાક મૅનેજિંગ કમિટીના સભ્યોએ વિરોધ કર્યો એટલે બર્ન્સ સોસાએટીના કારભારમાંથી નીકળી ગયા. પાછળથી મુલરના અવસાન બાદ પરીક્ષક સમિતિના સભ્ય તરીકે સોસાએટીનાં પ્રદર્શનોમાં તેઓ ભાગ લેતા થયા હતા.

ઇ. ૧૯૦૨ના દિલ્હી દરબાર સમયે ભરાએલા એક અખિલ ભારતીય પ્રદર્શન વખતે ત્યાં આર્ટ સ્કૂલ તરફથી એક 'ઇન્ડિયન રૂમ' તૈયાર કરવામાં આવ્યો હતો, જેનાં સુશોભન તેમજ કલાવસ્તુઓનું નિર્માણ કલાશાળાના બધા વિભાગોના વિદ્યાર્થીઓએ કર્યું હતું તેનું એવું તો આકર્ષણ થયું કે તેમાં રજૂ કરેલો સામાન વેચાઈ ગયો. દરબાર વખતના પોતાના ભાષણમાં લૉર્ડ કર્ઝને પણ હિન્દી કલાને ઉત્તેજન આપીને તેનો પ્રચાર કરવાનો અનુરોધ કરેલો, એટલે તે પછી જ્યાંત્યાં હિન્દી કળાના શિક્ષણ માટેનો સૂર દેશની બધી સરકારી કલાશાળાઓમાં ઊઠયો અને ખાનગી રીતે સરકારી હુકમો પણ એ મતલબના થયા.

કલકત્તા સ્કૂલ ઑવ આર્ટના પ્રિન્સિપલ હૅવેલે પાશ્ચાત્ય ચિત્રશિક્ષણ એકદમ બંધ કરી મુઘલ ચિત્રોની અનુકૃતિઓમાંથી બોધ લઈ આગળ જવાની શરૂઆત કરી અને લોકોની પ્રશંસા મેળવી. તેનું અનુકરણ કરવાનો મુંબાઈમાં બર્ન્સે પ્રયત્ન કર્યો, પણ હિન્દી ચિત્રકળા કઈ રીતોથી શીખવવી તેનું સદંતર અજ્ઞાન હોવાથી, વળી બીજી વખત ગલીચાઓના રંગોના નમૂના તૈયાર કરવા, દોઢ ઇંચની પેન્સિલથી શેડિંગ સહિત ચિત્ર કરવું અથવા લાઇફચિત્ર શેડિંગ યા ઑઇલમાં તૈયાર કરાવી તેને ૦। ઇંચની આઉટ લાઈન (બહિરૂરેખા) આપવી, એવા ફતવા કાઢયા પણ નિશ્ચિત શિક્ષણ કયું અને કયારથી આપવું તેનું ધોરણ બન્યું નહિ. આ સ્થિતિ સાત વર્ષ ચાલુ રહી.

યુરોપિયનો અથવા દેશી ખ્રિસ્તીઓને કેવી રીતે ઉત્તેજન મળતું તેના નમૂના તરીકે શ્રી. ધુરંધરે મિ. ફ્રન્સનો દાખલો ટાંક્યો છે. વર્કશૉપ સુપરિન્ટેન્ડેન્ટની જગ્યા માટે મિ. બર્ન્સે તેની ભલામણ કરી, પણ તે કઈ રીતે કામ કરવાની લાયકાત ધરાવે છે તે દર્શાવવા તેને એક શેડિંગ, એક ઑઇલ-હેડ, ડિઝાઈન તેમજ કેમિકલ પદાર્થોથી કરેલું પ્રોસેસકામ રજૂ કરવા હુકમ કર્યો. પણ ફ્રન્સને તો એક વક્રરેખા કાઢવાનું પણ કઠણ હતું એટલે બર્ન્સ સાહેબે શ્રી ધુરંધરને તેની મદદમાં મૂકી શકય તે રીતે નમૂના કરાવ્યા, અને તેની પાસે અઢી વર્ષ કામ કરાવ્યા બાદ ડાયરેક્ટર ઑવ પબ્લિક ઈન્સ્ટ્રકશનની રજા મેળવી તેને ઇંગ્લંડમાં બર્મિંગહામ સ્કૂલ ઑવ આર્ટમાં પૉટરી (માટી-પાત્રો બનાવવા)નું શિક્ષણ લેવા જવાની રજા અપાવી.

ફ્રન્સની જગ્યા પર ફરી એક યુરોપિયન જ જોઇએ એવી શિફારસ થતાં બર્ન્સે ડાયરેક્ટરો પાસે યુક્તિ કરીને ૫૦ રૂપિયામાં નીમાએલા મિ. ત્રિદાદને રૂ. ૧૫૦ની જગ્યા પર મૂકી દીધા, આથી અન્ય શિક્ષકોને ખૂબ જ અન્યાય લાગ્યો.

૨૨૯ આર. ડબ્લ્યુ. રૉબોથામ

જેસ્પર ગ્રેટને રવાના કર્યા પછી બર્ન્સ સાહેબે આઠદસ મહિને તેની જગ્યા પર રૉયલ કૉલેજ ઑવ આર્ટના મિ. રૉબોથામને બોલાવ્યા. એ ઉત્તમ શિક્ષક હોઈ થોડા જ વખતમાં તેણે પોતાની રીતભાતથી શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં દિલ જીતી લીધાં. હિંદી શિક્ષકો આટલા થોડા પગારમાં કેવી રીતે નભી રહ્યા છે તેનું તેમને આશ્ચર્ય થતું. તેમણે પેઇન્ટિંગના વર્ગોનું શિક્ષણ હાથમાં લઇ, પહેલું, બીજું, ત્રીજું, ચોથું વર્ષ એમ વિભાગ કર્યા અને તેનો શિક્ષણક્રમ નક્કી કર્યો. ઇ. ૧૯૦૭થી પેઇન્ટિંગના દરેક વિભાગના અલગ શિક્ષકો નીમ્યા. પહેલા વર્ગમાં તાસ્કર, બીજામાં અગાસકર, ત્રીજામાં ધુરંધર અને ચોથામાં રૉબોથામ પોતે અધ્યાપકો બન્યા. તે પછી થોડા દિવસો બાદ બર્ન્સ ૧૮ માસની રજા પર ઇંગ્લંડ ગયા અને રૉબોથામ પ્રિન્સિપલ બન્યા. બર્ન્સે તે પહેલાં જ શાળામાં પૉટરી વર્ક્સ શરૂ કરી તેના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે ફ્રન્સની નિમણૂક કરી નાખી હતી અને તેના હાથ નીચે બે ડિઝાઇનર્સ (રૂપનિર્માતાઓ), બે મૉડેલર્સ (ઘાટ વિધાયકો) અને એક કૅમિકલ ઍનેલાઇઝર (રસાયણજ્ઞાતા)ની નિમણૂક થઈ હતી.

૨૩૦ સોસાએટી ઑવ બૉમ્બે આર્ટિસ્ટ્સ

ઇંગ્લંડના પ્રૌઢ ધંધાદારી ચિત્રકારોની સોસાએટીના ધોરણ પ્રમાણે મુંબાઇમાં પણ એવી સોસાએટી હોવી જોઈએ એવા વિચારથી રૉબોથામે મુંબાઇના સર્વ ચિત્રકારોને નિમંત્રણ આપી એકઠા કર્યા, અને તેમની સમક્ષ આવી સોસાએટીની આવશ્યકતા સમજાવી સોસાએટી ઑવ બૉમ્બે આર્ટિસ્ટસ' સ્થાપી અને તેના પ્રમુખ રૉબોથામ, ઉપપ્રમુખ ગણપતરાવ કેદારી, અધ્યક્ષ (ચૅરમેન) કૃષ્ણરાવ અને મંત્રી તરીકે ધુરંધર નિમાયા. બીજા શિક્ષકો અને ચિત્રકારોમાંથી કાયકરમંડળ બન્યું. અને સરકારની મદદ મેળવવા આ મંડળના સભ્યોનો પરિચય તથા લાયકી બતાવતો પત્રવ્યવહાર સરકાર સાથે થયો. આ પરથી અન્ય સભ્યોને શ્રી ધુરંધર આગળ પડવા માગે છે એવી શંકાઓ થવા લાગી અને રૉબોથામના કાનં ભંભેરવા લાગ્યા પણ સમજદાર રૉબોથામે તેમનાં મોં બંધ કર્યાં.

પરંતુ મંડળ ઝાઝું ટક્યું નહિ. એનું કારણ વિચિત્ર હતું. બર્ન્સના આગમન બાદ કેટલાકે તેને સમજાવ્યું કે મંડળમાં ફ્રન્સને કોઈ ચિત્રકાર ગણતું નથી એવું રૉબોથામ પોતે બોલ્યા, અને ફ્રન્સે પણ બર્ન્સને એવું લેખિત જણાવ્યું. આથી રૉબોથામને જણાવ્યું કે 'આવી જાતની સોસાએટી પ્રિન્સિપલ પોતાની મુખ્યારીથી સ્થાપે એ સરકારને ગમશે નહિ, માટે તેમણે પોતાની જાતને તેમાંથી ખેંચી લેવી. પરિણામે રૉબોથામે સોસાએટીમાંથી રાજીનામું આપ્યું અને એ મંડળ નામશેષ બની ગયું; ને માત્ર પરસ્પરનો વૈરભાવ રહી ગયો.

ઇ. ૧૯૦૯માં ડ્રૉઇંગ ટીચર્સ નૉર્મલ ક્લાસ શરૂ થયા. એમાં દાખલ થવા માટે મોટાં શીટ પર કામના નમૂના રજૂ કરવા પડતા.

બર્ન્સ અને રૉબોથામ વચ્ચે પણ હમેશાં અણબનાવ રહેતો. રૉબોથામની લોકપ્રિયતા તોડવા તેનું અપમાન થાય એવાં પગલાં બર્ન્સ તરફથી ઘણાં બન્યાં. પરિણામે ઈ. ૧૯૧૧ના સપ્ટેમ્બરમાં રૉબોથામ ઇંગ્લંડ ચાલ્યા ગયા. એવો સુજન, મળતાવડો અંગ્રેજ પ્રિન્સિપલ કદી જોવામાં આવ્યો નથી.

ઈ. ૧૯૧૧ પછીના આ ચિત્રશાળાના પ્રસ્તુત પ્રસંગો હવે કથાનકના પટમાં યથાસ્થાને અપાતા જશે. (ચાલુ)

બર્લિન દીવાલની અંદર

લેખક
ચંદ્રવદન ચી. મહેતા



હિટલરના પાઠમાં
બ્રેખ્ટના જમાઈ

રંગ-ગડરિયાં-૬૭

નકશા ઉપર નજર કરો: ક્યાં પ્રુશિયા અને ક્યાં વિયેના! ક્યાં પારી(સ) અને ક્યાં મૉસ્કો! આપણે નિહાળેલી વિયેના નગરીનું એક વાર ચારેકોર સામ્રાજ્ય ચાલતું. બીજી વાર બર્લિનની જોહુકમી અમલમાં આવી. છેલ્લાં દોઢસો-બસો વર્ષમાં મારી આંત્વાનેત વિયેનાથી પારી(સ) આવી, રાજરાણી બની, કેદખાનામાં પડી, લોકો એના ઉપર થૂક્યા, ને અંતે એક કરુણ મોતને શરણે ગઈ; તો પારી(સ)થી નીકળેલો નેપોલિયન ચાલ્યો ચાલ્યો તે પહોંચ્યો મૉસ્કો, ધરતી ઉચ્છેદતો ખંખોળતો પાછો ફર્યો, લાઈપઝિકમાં હાર્યો, વૉટર્લૂમાં પકડાયો, એક ટાપુમાં કેદખાને પડ્યો; કયસર-બિસ્માર્ક-હિંડનબર્ગને ભુલાવી નેપોલિયન જેવો જ એક સામાન્ય માણસ સત્તાના મદે ચડ્યો, ચક્રવર્તી ભૂપતિ થવાના કોડ સેવવા માંડ્યો, યહૂદીમાત્રનું નિકંદન કાઢવા તત્પર થયો, જોતજોતાંમાં વિજયડંકા વગાડી રહ્યો, અને ઘડીના છઠ્ઠા ભાગમાં હતો ન હતો થઈ ગયો,–તે એવો કે એ હિટલરનું શોધ્યું હાડકું ન જડે, ક્યાં મર્યો ગુજર્યો એની કોઈને ખબર પણ ન પડે. અને એવા સત્તાધીશોનાં સ્વપ્નાંમાં અટવાતું જર્મની ઈ. ૧૯૪૫માં તો છિન્નભિન્ન થઈ ગયું. દશ દેશોને હજમ કરવા જતાં પોતાના જ બે ભાગલામાં વહેંચાઇ સત્તાસંઘની એડી નીચે દબાયું. હવે રંગભૂમિના વિકાસનો ઉતાવળે ક્યાસ કાઢીશું. પશ્ચિમના ભાગનો દોડો ઘણો અંદાજ તો આપણે જોઈ ગયા છીએ: શરૂઆતમાં રોમથી ડ્યુસલ્ડૉર્ફ ગયા ત્યારે. આસપાસ એકલવાયા ફર્યા અને જે જોયું તે ટાંક્યું. પણ આ વખત તો આપણે ત્યાંના સરકારી સાથીદારની મદદથી સામાન્ય વ્યક્તિને જોવા-જાણવાનો સહેલાઈથી લાભ ન મળે તેવું ઝપાટાબંધ જોઈ લઈશું.

આપણે આ અગાઉ ડીટર વૅંકને મળ્યા છીએ. જર્મનીમાં હમેશાં મારો પહેલો આશરો આ સામાન્ય માનવી વૅંક. ધંધે રંગનો વેપારી, પણ સાહિત્યનો શોખીન, ભારતનો શુભેચ્છક, અને સાચા અર્થમાં જિગરજાન દોસ્ત. હાઈલબ્રોન નામના નાના ગામમાં વસે પણ હું જાઉં ત્યારે સવારથી પોતાની ગાડી લઇને ખડે પગે તૈયાર. આખા દિવસના કૈં કૈં સંગીન કાર્યક્રમો ગોઠવી રાખે. એમાં ત્યાંના મેયર સાહેબ સાથે મુલાકાત પણ ખરી. એણે મને એક પુસ્તક ભેટ કર્યું, 'હજાર વર્ષની જર્મન રંગભૂમિનો ઇતિહાસ: ૯૧૪-૧૯૧૪.' એનો લેખક શોને. એણે ક્યાંકથી એવું મેળવ્યું કે ૯૧૪માં જર્મનીમાં નાટક જેવું કંઈક થએલું; અને ત્યાંથી શરૂ કરી એણે પુસ્તક લખ્યું. આમ જુઓ તો પંદરમી સદી સુધી યુરોપમાં નાટકની શરૂઆત થાય છે જ ક્યાં? અલબત્ત, આપણા કરતાં તો વહેલી. આપણે ફરી જાગ્યા ૧૮૫૦માં; ત્યારે તો યુરોપે વિક્રમો ઉપર વિક્રમો સર કરી મૂક્યા હતા. આ બધાં શરૂઆતનાં નાટકોનું મૂળ દેવળમાં. ધર્મગુરુઓ ગાય-ગવડાવે, નાચે-બજાવે. એમાંથી નાટક અવતરેલું. પરંતુ ખરી રીતે તો નાટક પાક્યું જર્મનીમાં, ઇંગ્લંડમાં વિકસ્યું ત્યાર પછી જ એની કોઈ ના નહિ પાડી શકે.

જ્યારે નાટક સ્વતંત્ર થઇને ફાલ્યું ત્યારે વકીલોની શબ્દરમત, અસીલોનું ભોળપણ, દાક્તર-દર્દીના કકળાટ, ધર્મગુરુઓના આડા સંબંધો, સાસુવહુના કજિયા, ધણીધણીયાણીની ડાચાકૂટ એવા એવા વિષયો. એમાંથી રંગભૂમિનો નાર પ્રગટ્યો. નાર એટલે આપણી ભવાઈનો રંગલો; સ્થાયી મશ્કરાનું પ્રેક્ષકોને સદા પ્રિય એવું પાત્ર. અને નાટકો પણ આપણી જ રીતે ત્યારે ત્યાં થતાં. પરદા-બરદાનો અલ્લાયો! શેરી-ચૉકમાં જઈ ફરતારામો અડ્ડો નાખે, થાળીઓ પીટે, હાહા-ઠીઠી કરે અને આસપાસનાને લઈ બેસે. ૧૪૯૭માં લખાએલું, એ સમયની કૃતિઓમાં ઉત્તમ એવું નાટક વાંચવું હોય તો પંચાંકી 'મેઇસ્ત્રે પિયેર પેથેલિન' નામનું રુશલિનનું નાટક વાંચજો. ભજવવા જેવું ફારસ છે. ઉત્તરમાં રીગા, હાંસ્ટૉક, હામ્બર્ગ, બ્રુન્સવિક, નીચે વાઈમર, પૂર્વમાં લાઈપ્ઝિગ, ડ્રેસ્ડન, બર્લિન, નીચે કોલોન, મ્યૂનિક, નુરમબર્ગ આ શહેરોમાં નાટકકાર જન્મે છે યા નાટકશાળાનાં મૂળ નંખાય છે, અને ખાતાં ખોલાય છે. ૧૪૯૪માં જન્મેલો હાન્સ સાસ્સ તો ગવૈયો, ને નાટકકાર થઈ નીકળ્યો, નુરમબર્ગમાં પોતાનો ચોકો જમાવીને બેઠો. એક મકાન વેચાતું લઈ એની બાંધણી ફેરવી એણે ૧૫૫૦માં પહેલું રીતસરનું થીયેટર બાંધ્યું. નાટકો ભજવાવે અને વળી સાથોસાથ નટોને તાલીમ પણ આપે. પછી ઇ. ૧૫૯૨માં ઇંગ્લંડથી નટવૈયાઓની ટોળીઓ ત્યાં ફરકી અને તરત જ આ વેપલામાં તેજી પ્રગટી. ઠેકઠેકાણેના નાનામોટા ઠાકોરે પોતાની મ્હોલાતોમાં આ ટોળીઓ પાસે શેક્સ્પીઅર ઢબનાં નાટકો કરાવ્યાં. અને એ લોકો પણ નિશાળનું ચોગાન કે ધર્મશાળા કે ગામનો ચોરો, જે મળ્યું ત્યાં આગળથી રજા લઈ નાટકો કરતા ફરતા. ગ્રીફિયસ અને કાસ્પર બે જણાએ નાટકને ખૂબ બહલાવ્યું, નવું બારોક પ્રકારનું નાટક હસ્તીમાં આવ્યું.

આ પહેલાં ૧૪૫૦માં હાઈડલબર્ગ યુનિવર્સિટીમાં લૅટિન નાટક ઉપર સંશોધન ચાલ્યું હતું. એમાં, ત્યાં ટેરેન્સ અને સેનેકાનાં જૂનાં નાટકો ભજવવા માટે ઝુંબેશ ચાલી, પણ એમાં કંઈ વળ્યુંફળ્યું નહિ, અને જર્મન ભાષામાં જ નાટકો જાતજાતની અસર નીચે વિકસવા લાગ્યાં. હા, મોટી અસર અંગ્રેજી નાટકોની; પણ અંગ્રેજી ઉપર ફ્રેન્ચની, અને ફ્રેન્ચ ઉપર ઈટાલીની, અને ઈટાલી ઉપર ગ્રીક નાટકોની, એવો ચરખો ચાલ્યા જ કર્યો છે. એમાં વળી વોલ્તેર પોતાની મંડળી લઇને જર્મની આવ્યો, ઈટાલિયનો પોતાની ચિત્રકળા અને તખ્તા-સજાવટમાં સાંચાકામ લઇને આવ્યા. ફિલસૂફ હેગલે જર્મન ઈતિહાસને નાટકમાં વણ્યો, અને ત્રણ મહારથીઓમાંના પહેલા લેસિંગે, પછી ગોઇટેએ ને શીલરે પોતપોતાની રીતે નાટકને શણગાર્યું. એમાં ફ્રૅંકફુર્ટ, વાઈમર, લાઈપઝિક, નુરમબર્ગ, માઈનહેમ, ઉરી ને બાવેરિયામાં મ્યુનિક નાટકરસિયાઓનાં તીર્થધામ થઈ પડ્યાં.

દક્ષિણમાં વિયેના અને સાલ્સબર્ગ પોતપોતાનાં ઘરાણાં બાંધતાં જતાં હતાં. આ બાજુ માઈનહામ શહેરમાં લુડવિગ શોર્ડરે ૧૭૮૦ની આસપાસ શેક્સ્પીઅરનાં પાકાં મૂળ નાખ્યાં. એ ગજબનો નટ હતો, હૅમલેટ, રોમિયો, રિચાર્ડ એવા વિધવિધ પાઠ એ આસાનીથી કરી શકતો. શીલર અને ગોઇટે બંને કવિ-નાટકકાર ઉપરાંત બંનેની મીઠી



હેલન વાઈગલ સાથે ચંદ્રવદન મહેતા

દોરતી પણ જામી અને એ થકી સુંદર કાવ્યતત્ત્વોવાળાં જગમશહૂર નાટકો લખાયાં. શેક્સપીઅરે ઈંગ્લંડને અમર બનાવ્યું તો ગોઇટેના 'ફાઉસ્ટ' અને શીલરના 'વિલ્હેમ ટેલ'થી જર્મની અમર બન્યું. ૧૮૧૩માં જન્મેલા વાગનરે સંગીતકથા-પ્રધાન નાટકનો નવો ઘાટ તૈયાર કર્યો અને એ પંકાયો. જ્યૉર્જ કયસર, ફ્રીત્ઝ ઉનરૂ, પ્રામે, પિસ્કેટોર અને પછી આજના નવા જમાનાના નાટકકારોએ નાટકો લખી ભજવાવ્યાં એમાં બીજી બાજુ ભજવણીના શાસ્ત્રમાં માર્કસ રાઈનહાર્ટે ૧૯૪૩ સુધી જીવી જે પ્રણાલિકાઓ સ્થાપી એની અસર આખા યુરોપમાં પ્રસરી. આજે તો જર્મનીમાં બ્રેખ્ટનો ડંકો વાગી રહ્યો છે.

પણ આ બધો ત્રણસો-ચારસો વર્ષનો ઇતિહાસ ટૂંકમાં પણ તપાસશો તો જણાશે કે કોઈ પણ દેશમાં નાટકે પોતપોતાના પ્રાંત ઉપરાંત બહારથી, પરદેશથી સારા પ્રમાણમાં આપલે કરી છે. ચેખૉવની, ઈબસનની, મોલિયેરની, શેક્સપીઅરની અસર એશિયાભરમાં છે. તો યુરોપમાં તો હોય જ એ દેખીતી વાત છે. ૧૯૩૯ની લડાઈ બાદ જર્મનીએ હારીને નાટકના ક્ષેત્રમાં ઠેરઠેર વિક્રમો સરજ્યા હોય તો તે નવનવીન પ્રકારની નાટકશાળાઓ બાંધવામાં. એ આજે એના કલાત્મક કિલ્લાઓ છે; એની બાંધણી એમાં નવું શોધાતું ઉપયોગમાં આવતું વિજ્ઞાન, એ સૌને બેનમૂન બનાવે છે. આજે બંધાએલું થીએટર આવતી કાલે જૂનું થઈ, ત્રીજે દિવસે નવું થીએટર એના કરતાં યે અદકું ખડું થઈ જાય છે. અને થીએટરો છે, એટલે નટનટીઓ તાલીમ લઈ ત્યાં જમા થઈ જાય છે. ભજવણીની બાબતમાં પૂછવાપણું રહેતું નથી. કદીક એમને નાટકકારોની ખોટ સાલે છે, તો દુનિયાભરમાંથી સારાં નાટકો લઈ આવી રજૂ કર્યા કરે છે.

બર્થોલ્ડ બ્રેખ્ટ નાટકની સૃષ્ટિમાં ઘણું અવનવું કરી ગયો. વિવેચકો તો એને ભરત, એરિસ્ટૉટલ, સ્તાનિસ્લાસ્કી જેવી સ્વતંત્ર ને મૌલિક વિચારશ્રેણી ધરાવનાર વ્યક્તિઓની હરોળમાં મૂકે છે. ભરતનો ભાવ ઉપર ભાર; બ્રેખ્ટ ઇમોશનને બકાત રાખી, કેવળ બુદ્ધિવ્યાપાર કરાવી, પ્રેક્ષકોને તટસ્થ રહી વિચારવંતા કરવાનું સૂચવે છે, અને એ જ પ્રકારની એની લેખનશૈલી છે એમ મનાય છે. આથી ભજવણીની ઢબમાં ફેરફાર થયો છે એવો પણ સબળ દાવો કરવામાં આવે છે.

આપણે ઈસ્ટ બર્લિનમાં બ્રેખ્ટની નાટકશાળામાં બેઠા છીએ. ઈસ્ટ એટલે આલીશાન બર્લિન શહેરનું પૂર્વનું પડખું; વેસ્ટ એટલે પશ્ચિમનું પડખું. આવડા મોટા શહેરની અધવચ્ચેથી, આપણે ત્યાં જૂના જમાનામાં હતી એવી, અમદાવાદના કોટ કે ચિત્તોડગઢના કિલ્લા જેવી દીવાલો: ઉત્તરથી દક્ષિણ જતી (શહેરને ઘેરતી નહિ, પણ બે ફાડચે વહેંચાતી) તોતિંગ, ઓળંગી ન શકાય એવી દીવાલ. ચિનાઈ દીવાલ ઓળંગી શકાય, પણ વીસમી સદીમાં આ દીવાલ નહિ ઓળંગી શકાય. ને એ ભાગલામાં એક બાજુ સોવિયેત સત્તાનો કાબૂ, બીજી બાજુ ફ્રેન્ચ-અંગ્રેજ-અમેરિકન સત્તાનો કાબૂ. જે જગ જીતવા નીકળેલા અને યહૂદીમાત્રને નાબૂદ કરવાનો મનસૂબો સેવનારા હિટલરે પોતાની પ્રજાને વારસામાં આપ્યું તે! પરવાનો હોય, રજાચિઠ્ઠી હોય તો ચાર ચોકા વચ્ચેથી દીવાલ પાર કરી શકાય. શહેરમાં ફરતી વીજળીની ગાડીના વચગાળાના મથકના પણ બે ભાગલા. ઊતરો અહીં, ચાલો આગળ, ચોકો ચૂકવો, પરવાના બતાવો અને બીજે મથકે ઊભી રહેલી ગાડીમાં બેસો. આમાં ક્યાંક ખતરો કર્યો કે કમબખ્તી! ઈસ્ટના જર્મનનું તો ડોકું જ ઊડી જાય યા છાતી વીંધાઈ જાય. ભાઈ! ત્યારે એ જ છે ને દુનિયામાં જોવાજાણવાનું! પ્રવાસ ખેડવાનો મર્મ શો? સાધન હોય અને હરીફરી શકે, તે વ્યક્તિ ન ફરેચરે તો એ પાપી, સંકુચિત મનની, ઘરઘોંચલીનો કીડો. ન થાય એનું મન વિશાળ કે હૃદય ઉદાર. પોતે કરે એ જ માને સાચું, બીજા બધાનું ખોટું. ન કરી શકે સારાસારનો વિચાર; બળ્યો એવો ઘરકૂકડીઓનો અવતાર!

અરે, પણ આપણે ફરી આડા ચાલ્યા! એ દીવાલની નજીકમાં જ બર્લિનાર આંસેબલ નામે મશહૂર થએલી બ્રેખ્ટની નાટકશાળામાં આપણે બેઠા છીએ. આજે બ્રેખ્ટ હયાત નથી. એની વહુ હેલન વાઇગલના હાથમાં નાટકશાળાનો સંસાર છે. જે થકી એ પ્રખ્યાત થયો તે એનું 'થ્રી પેની ઓપેરા' આપણે જોઇએ છીએ. વારાંગનાઓનો અડ્ડો, નાકનાં ટીચકાં ચડાવનાર અંગ્રેજોની આવનજાવન ઠઠ્ઠાઠેકડી, કડવા કટાક્ષ, ગીત-સંઘગાન, નાચકૂદ આપણે જોતા બેઠા છીએ. એ જ સંભાર વેસ્ટ-ફ્રેંકફુર્ટમાં આપણે જોઇશું. ત્યાં નાટકશાળાની અંદર બેસીને જોઈશું. કહેવાની મતલબ કે બ્રેખ્ટનાં નાટક બંને પડખાંમાં જુદીજુદી મંડળીઓ કરે, જુદાંજુદાં શહેરોમાં કરે, લંડનમાં; પારી(સ)માં, પ્રાગમાં પણ ભજવાય. એવો આ નાટકકાર. બીજે દિવસે આપણે એનું 'આર્તૂરો રોઇ' જોઈશું. કૉકેસસ ચૉક 'સરકલ'થી તો આપણે જાણકાર, આપણી જ વાત: બે સ્ત્રી. એક બાળક, એ કોનો તે માટે લડે, એ તકરારનો બ્રેખ્ટની રીતે વિચિત્ર ફેંસલો. પણ 'આર્તૂરો' તો એ દેશમાં બે દાયકા પહેલાં જેની હાક વાગતી, લોકો ગભરાટ અનુભવતા, જેની જબાની યુરોપમાં ચારેકોર સંભળાતી એવા ઍડૉલ્ફ હિટલરના જ જીવનનો આબેહૂબ નકશો છે—કૅરીકેચર. કટાક્ષચિત્ર. ગોરિંગ, ગૉબેલ્સ ને હિટલર ત્રણેના દુનિયા જીતવાના મનસૂબા, માંહોમાંહે સત્તાની ઇર્ષ્યા, બેશુમાર ખૂન, ને જે કંઈ ઇતિહાસમાં બન્યું છે તેનો ચિતાર. હિટલરનો પાઠ બ્રેખ્ટના જમાઈરાજ ભજવે છે. એ શેક્સપીઅરના નાટક ઉપરથી બ્રેખ્ટે કરેલો કોરિયોલાનસનો પાઠ પણ એટલી જ અદાકારીથી ભજવે છે, પણ હિટલરના પાઠમાં તો એ હદ કરે છે. અહીં ક્રાઉડસીન્સ ગોઠવવામાં ભારે કુનેહ વાપરવામાં આવે છે.

આ બ્રેખ્ટ જન્મ્યો ૧૮૮૮માં, અને એનું અવસાન થયું ૧૯૫૬માં. એ ગાળામાં એણે જાતજાતની રંગત જોઈ. વિવેચકો એના જીવનક્રમ તેમજ કારવાઈ અંગે એકમત નથી. છતાં નાટકશાળાની સૃષ્ટિમાં એ એકમત. અતિ મહત્ત્વની વ્યક્તિ, ભારે અસર કરનારી વ્યક્તિ થઈ ગઈ એમાં શક નહિ. એ ઑસ્ટ્રિયામાં જન્મે છે, પહેલું યુદ્ધ જુએ છે, અરવિન પિસ્કેટોરના સંસર્ગમાં આવે છે. રંગભૂમિના કંઈક ઘડવૈયા–વિધાયકો સાથે સબંધ બંધાય છે. એમાં રાઈનહાર્ટ, રોશનીનો પ્રણેતા આપીઆ, સેટિંગ્ઝનો ખાં ગોર્ડન ક્રેગ, મશ્કરાઓનો (અનુ. પૃ. ૧૦૫)

સાહિત્યસંપર્ક

નવા કાવ્યસંગ્રહો

અવલોકન: પ્રા. સુરેશ શાહ્રી

ફીણની દીવાલો (જ્યોતિષ જાની)

પ્રત્યેકને પોતાનો આગવો આકાર અને આગવું ઉક્તિવૈચિત્ર્ય એવી એકત્રીસ ગદ્યદેહી રચનાઓ 'ફીણની દીવાલો'માં સંગ્રહાએલી છે. એક જ કેન્દ્રમાંથી વિસ્તરતાં નાનાંમોટાં વર્તુળોની જેમ આ સહુ રચનાઓ પણ એક વેદનશીલ અસ્તિત્વના કેન્દ્રમાંથી સ્ફુરે છે અને તેથી એ કેન્દ્ર પર ઊભીને જ આ રચનાઓને માણવા પામવાનું શક્ય બને. 'આવો, આવો મારી પાસે; મારા અસ્તિત્વના વર્તુળમાં આવી જાઓ' (– ૩૦)માં રહેલું ઇજન આ રચનાઓને પામવાની ગુરુચાવીનો સંકેત બની રહે છે. એ સંકેતાનુસાર ઉક્ત વર્તુળમાં પ્રવેશી શકનારને આ કૃતિની એકાધિક રચનાઓમાં અસબદ્ધ પ્રલાપકે વિદૂષકવેડા કરતાં કશુંક 'વિશેષ', કશુંક સારગર્ભ અનુભવવા મળે ખરું. આ 'વિશેષ'ને કાવ્ય કહી ઓળખાવવા ઇચ્છનાર ભલે તેમ કરે.

પ્રત્યાયનની ધૂંસરીને ફગાવી દઈ, માત્ર અભિવ્યક્ત થવામાં જ માનતી આ પ્રકારની રચનાઓ વિષે કોઈક અર્થ કે ધ્વનિ પામ્યાનો દાવો કરવાનું કે એ વિષે કશી યે અંતિમતા આરોપવાનું શક્ય જ નથી. અહીં તો ભાવક કેવળ પોતાને પક્ષે આત્મપ્રક્ષેપના પૂરેપૂરા ભય સાથે માત્ર એટલું જ કહી શકે; 'મને આમ લાગ્યું'; (અને એવે પ્રસંગે પણ રચયિતા કે અન્ય કોઈના, 'અહીં આવુંતેવું કશું અભિપ્રેત છે જ નહિ' એમ કહી હાથ ખંખેરી નાખવાના સર્વાધિકાર તો સુરક્ષિત જ રહેવાના!) આટલી મર્યાદાના સભાન સ્વીકાર પછી જ 'ફીણની દીવાલો' વિષે જે કહેવાનું પ્રાપ્ત થાય તે કહી શકાય.

'નથી હું હિંસક પશુઓના જન્મને રોકી શકતો; / નથી હું સંજીવનીના અમૃતકુંભને પામી શકતો.'

આ ચિત્કાર જ કદાચ અહીં રજૂ થએલી સર્વ રચનાઓનું પ્રભવસ્થાન–કેન્દ્ર–છે. એ કેન્દ્રમાંથી સ્ફુરતાં વર્તુળોના પરિઘમાં પછી તો ઘણું ઘણું સમાતું જાય છે: પરંપરાગત જર્જરિત શ્રદ્ધા પ્રત્યેની બુલંદ અશ્રદ્ધા, આકારને ઓગાળી નાખતી ભીડની ભીંસ; શબ્દોનાં ખાલીખમ ખોખાંના બોદા અવાજને સાંભળ્યા કરવાની કદી યે પૂરી ન થનારી સજા; વિદૂષકત્વ અને વિપ્રત્વના સમયાનુસારી તાનપલટા; કદી જન્મવાનું જ નથી એવા કાવ્યથી વંધ્ય રહેવા જ સર્જાએલી પ્રસૂતિવેદના; નવજાત શિશુઓના અધરો વડે સ્તનો પર આલેખાતી અને સદા ય આણઉકલી રહેતી લિપિની કરુણ નિરર્થકતા; ક્ષયગ્રસ્ત સરિતાકાંઠે સૂર્યની શોધનો ઉદ્યમ; અને આવું આવું કૈં કેટલું ય! અસ્તિત્વને ભરડો લઇ બેઠેલા અસંગત અને અસ્વાભાવિકના અજગરનો સળવળાટ અહીં અનુભવાય છે, કોઈક વાર કપરી ચોટ સાથે પણ!

અને છતાં પેલું 'વિશેષ' તો અનુભવાય છે માત્ર ૨, ૭, ૧૪, ૨૨, ૨૪, ૨૮ જેવી રચનાઓમાં જ. 'એક પુરાણી રમત' (૨૪)માં રામ, રાવણ અને લંકાની ચિરપરિચિત ત્રિપુટીના યોજાએલો અ-પૂર્વ ને અર્થપૂર્ણ સંદર્ભ, જાતીય સંબંધની ભીતરમાં રહેલી પ્રચ્છન્ન પરપીડનવૃત્તિ (sadism)નું પ્રતીકાત્મક આલેખન, અને 'રામગમન' માટે 'રાવણલીલા'ની અનિવાર્યતા સૂચવતો સંકેત : આ સહુ પેલા 'વિશેષ'ને આપણી સમક્ષ પ્રગટાવે છે. 'પત્નીનું મૃત્યુ' (૨૨)માં દીવાલોના ધક્કાથી હડસેલાઈ બહાર ફેંકાઈ જતું ઘર, તૂટી પડતું કરોળિયાનું છેલ્લું જાળું આદિ કલ્પના વડે મૃત્યુજનિત રિક્તતા અને વિષાદ સમર્થ રીતે સૂચવાય છે. અસ્તિત્વની ભારેખમ ટેકડીએ જોતરાએલા આપણા સહુની બાળક સરખી અબુધતા ને એકબીજાના અંગૂઠા ચૂસી લાળ પાડવાની' ટેવનું તિરસ્કૃત આલેખન કરતી રચના (૨) અને જાતને છાવરી અન્યને છતા કરવાની આપણી પારસ્પારિક અવલંબરી ચોકીદારીની ધજા ફરકાવતી રચના (૭) પણ નોંધપાત્ર બની રહે છે.

શબ્દોના કોલાહલમાં અનુભૂતિ ખોવાઈ ગઈ હોય, આગવાપણાના સ્ટીમરોલર તળે સંવેદનનો આકાર છૂંદાઈ કચડાઈ (ઓળખાય પણ નહિ તેવો) સપાટ બની ગયો હોય, એવું પણ કેટલીક રચનાઓમાં અનુભવાય છે. કર્તાએ જ અન્યત્ર પ્રયોજેલા શબ્દોને સાભાર ઉદ્ધૃત કરી આવી રચનાઓ માટે કહી શકાય; 'જોવા ચાલો રે! નીકળ્યો છે બડી ધૂમધામથી આ શબ્દોનો વરઘોડો!' જ્યોતિષપરિચય નિમિત્તે કૃતિને અંતે મુકાએલા શ્રી હેમંત દેસાઇના સક્ષિપ્ત ઉદ્ગારોમાંથી એકને ('ભાઈ જ્યોતિષ જાનીએ આજ સુધીમાં ગુજરાતી વાચકો પાસે ઘણા શબ્દો પહોંચાડી દીધા છે')એના મૂળ સંદર્ભમાંથી ઉઠાવી લઇ, આવી રચનાઓના સંદર્ભમાં ઘટાવી જોવાનું મન કોઇને થઈ આવે તો નવાઈ નહિ!

પુસ્તકના આવરણ–આયોજનથી માંડી અભિવ્યક્તિ સુધીની તમાત બાબતો સ્પષ્ટ સૂચવે છે કે પરંપરાથી કશુંક ભિન્ન કરી બતાવવાની વૃત્તિ અહીં સજાગપણે ને આગ્રહપૂર્વક પ્રયોજાઈ છે. કશીક વિશિષ્ટ (રૂપ) નિર્મિતિના દોર પર અહીં જાતભાતની ભંગીઓના અનોખા ખેલ થાય છે. ખેલનું આ તત્ત્વ જ કેટલીક રચનાઓમાં અનુભવાતા 'વિશેષ'ને કાવ્યની કોટિ સુધી પહોંચવા દેતું નથી. આમ છતાં 'ફીણની દીવાલો' જ્યોતિષ જાની નામથી ઓળખાતા અસ્તિત્વની ભીતર રહેલી દર્શનપટુ, વેદનપટુ અને વિદગ્ધ ચેતનાનો સ્પર્શ જરૂર કરાવે છે. બોધિસત્ત્વમાં જેમ પૂર્ણ બુદ્ધત્વની, તેમ આ ચેતનામાં કવિકર્મની ક્ષમતા પડેલી છે જ. જરૂર છે માત્ર કાવ્યજગતની કેટલીક પારમિતાઓ સિદ્ધ કરવાની!

(પ્ર. જ્યોતિષ જાની, ૧, યોગેશ સોસાયટી શાહપુર, અમદાવાદ. કિ. ૨–૫૦, ૩૨ પાનાં)

પૂર્વાહ્ન (પ્રા. જશભાઇ પટેલ)

'પ્રત્યૂષ'ના અનુગામી આ કાવ્યસંગ્રહની બોંતેર પદ્યરચનાઓમાં વિષય ને પ્રકાર ઉભયનું ઠીક ઠીક વૈવિધ્ય સચવાયું છે. ભૂદાનપ્રવૃત્તિ, ચીની આક્રમણે ફેંકેલો પડકાર, વૈજ્ઞાનિક સિદ્ધિઓના સંદર્ભમાં માનવજાતની આવતી કાલ, પ્રાચીન આખ્યાયિકાઓની બોધક કથાઓ, વ્યક્તિવિશેષો આદિને કથનવિષય બનાવી કર્તાએ પ્રેમ, પ્રકૃતિ, પ્રણય અને રાષ્ટ્રપ્રેમ જેવા પરંપરાગત વિષયોની એકવિધતામાં ગણનાપાત્ર ઘઠાડો કર્યો છે. 'વર્ષેવર્ષે', 'સંધ્યા' જેવાં મુક્તકો, 'ખેડૂત', 'અર્ધસત્ય' 'બોધિસત્ત્વ સુમેધ' જેવી આખ્યાયિકાઓ, 'ભૂદાન' 'ઉજળી અમાસ', 'વૈશાખી વાયરા' આદિ સંગીતિકાઓ, 'પ્રાર્થના', 'અનાસક્તિ' જેવાં સૉનેટો, 'કુંતા' અને 'ગુજરાતના ઇતિહાસની એક ગૌરવવંત ગાથા' જેવાં ખંડકાવ્યના બરનાં (પણ ખડકાવ્ય બનતાં રહી ગએલા) કાવ્યો, ઊર્મિગીતો અને છંદોબદ્ધ કૃતિઓ : આકારપ્રકારમાં પણ આમ ઠીક વૈવિધ્ય સધાયું છે. મહાભારતકાલીન યુગથી આરંભી સ્પુટનિક યુગને પરિણામે ઊગનારી આવતીકાલ સુધીના એક વિશાળ વ્યાપને આ રચનાઓ આવરી લે છે. અને છતાં બહુ થોડી રચનાઓ કાવ્ય-

શબ્દકથા: પાંદડી, પૂંછડી, ગ્રામટિકા

'પાન' મોટું, 'પાંદડું' એથી નાનું, 'પાંદડી' એટલે સાવ ઝીણું પાન. તે જ પ્રમાણે 'પૂંછ' પરથી તુચ્છકારમાં 'પૂંછડું', તેનું લઘુ રૂપ તે 'પૂંછડી'. 'ઉંદર' ઉપરથી 'ઉંદરડો' ને 'ઉંદરડી'.

'ભગવાન' નામના વ્યક્તિને લાડમાં 'ભગુ'. તોછડાપણાના ભાવમાં 'ભગુડો' ને તિરસ્કાર તથા ક્ષુદ્રતા સૂચવવા, પુરુષ હોવા છતાં, 'ભગુડી' (એ જ પ્રમાણે ખીજવવા 'મનસુખ' વગેરેનું 'મનસુખડી': જેમ 'મોતી', 'રાધા'નું 'મોતડી', 'રાધડી') વપરાતાં સૌની જાણમાં છે.

આ લઘુતા વગેરે સૂચવવા 'ડો' અને તિરસ્કાર સાથે ક્ષુદ્રતા સૂચવવા તેનું સ્ત્રીલિંગ 'ડી' વાપરવાની પરંપરા અપભ્રંશ ભાષામાંથી આપણને વારસામાં મળી છે.

કદાચ આવી અસર નીચે સંસ્કૃતમાં પણ એક વિરલ ઉદાહરણ મળે છે. 'ડી' પ્રત્યયનું મૂળ રૂપ સંસ્કૃતમાં 'ટિકા' એવું થાય. 'ગ્રામ' શબ્દ ઉપરથી 'ગ્રામટિકા' (=નાની ગામડી!) એવું રૂપ 'ધ્વન્યાલોક'માં ટાંકેલા નીચેના ઉદાહરણમાં મળે છે. એ શ્લોકમાં રામ સાથેના યુદ્ધમાં ઉપરાઉપર પરાજય પામતા રાવણની આત્મતિરસ્કાર વ્યક્ત કરતી ઉક્તિ રજૂ થઈ છે:

न्यक्कारो ह्ययमेव मे यदरयस्तत्राप्यसौ तापसः
सोऽप्यत्रैव निहंति राक्षसकुलं जीवत्यहो रावणः।
धिग्धिक्छक्रजितं प्रबोधितवता किं कुंभकर्णेन वा
स्वर्गग्रामटिकाविलुंठनवृथोच्छूनैः किमेभिर्भुजैः ॥

'પહેલી મોટી હીણપત તો એ કે મારા જેવાને વળી શત્રુ હોય, અને તે પણ એક સાધુબાવો! વળી પાછો એ અહીં જ આવીને રાક્ષસકુળનું નિકંદન કાઢે અને તે પણ રાવણના જીવતાં! ધિક્કાર છે ઇંદ્રજિતને. હવે કુંભકર્ણને જગાડીને પણ શું? સ્વર્ગરૂપી તુચ્છ ગામડાને—ગામડીને—લૂંટીને નિરર્થક સોજાડેલી આ ભુજાઓ પણ શા કામની?'

હરિવલ્લભ ભાયાણી

ત્વની કોટિને આંબી શકે છે. અહીં પદ્ય ઝાઝું છે, કાવ્ય વિરલ!

અલબત્ત ગમે તે વિષયને (છંદ કે લય, ચાહે તેમાં) પદ્યસ્થ કરવાની એક પ્રશસ્ય ફાવટ આ સંગ્રહના સર્જક પાસે છે. ભૂદાન, વિરહગાન, ઊજળી અમાસ, રંગ હોળી, વૈશાખી વાયરા આદિ સંગીતિકાઓ કદાચ આવી ફાવટની જ સરજત છે. આ બધી રચનાઓ સ્વરબદ્ધ થઈ કોઇક સુરીલા કંઠે ગવાય ત્યારે વધુ આસ્વાદ્ય બનતી હશે એમ સ્વીકારીએ તો પણ પેલા 'किमपि द्रव्यम्'ની ગેરહાજરી તો સાલવાની જ. ભાવ કે સંવેદન ઉત્કટ બની કાવ્યત્વને પામે તે પહેલાં જ એને પદ્યનાં ઝાંઝર પહેરાવી દેવાથી જ ચીની આક્રમણના સંદર્ભમાં યોજાએલાં શૌર્ય (કે હાકલ?) ગીતો અંતરને સ્પર્શવાને બદલે માત્ર કાનને સ્પર્શનારાં બની ગયાં છે. ભાવ કે સંવેદનની આવી કચાશમાંથી જ પરમ શુષ્ક ગદ્યાળુતા આ કૃતિની રચનાઓમાં અવારનવાર પ્રવેશી જાય છે. 'પ્રમાદ નવ ત્યાં જીવન સમજો, આળસ મૃત્યુ ગણજો'; 'કાળ કર્યો સર, અંતર જીત્યાં, બૅટરીએઉરચાલે'; 'બિંદુપણસિંધુબળવાળાં'; 'કઈ માતાતણું હૈયું વીંધ્યા વિના શકે રહી?' —આ અને આવી અનેક પંક્તિઓમાં રહેલી ગદ્યાળુતા કોઈ ને ય ખટકે એવી જલદ છે.

'પૂર્વાહ્ન'ની લયયોજના અને બાની ઉપર કોઇકોઇ સ્થાને અન્ય સંસિદ્ધ કવિઓની એવી તો ગાઢ અસર વર્તાય છે કે આ તે પૂર્વસંસ્કારોનો સહજ પડઘો કે સભાન અનુકરણ એવો પ્રશ્ન અવશ્ય જાગે. 'આગે કદમ' એ આખી રચના જ મેઘાણીનું સબળ સ્મરણ કરાવ્યા વિના ભાગ્યે જ રહે. 'વૈશાખી વાયરા ઊઠયા ઊઠયા હો!'નો માત્ર લય જ નહિ, આખું કાઠું જ 'ઓતરાદા વાયરા'ને ચિત્તમાં જગાડે. વિરહગાનમાં 'રે શામળિયા'વાળા ગીતની બાંધણી પ્રેમાનંદની એવી જ લયબંધણીના સંસ્કારને ઢંઢોળે તો નવાઈ નહિ. 'પુનર્વસુની હોડી' અને 'બસ એ જ માગું' જેવા પ્રયોગોમાં પણ આવા જ પ્રતિઘોષ ઇચ્છા હોય તો સાંભળી શકાય.

'પૂર્વાહ્ન'માં કાવ્ય નથી જ એમ નહિ કહી શકાય. કવિચિત્તની અનુભૂતિ ઉત્કટતાના તાપમાં પાકીને રસાળ બને છે ત્યારે 'પૂર્વાહ્ન'માં પણ કવિતાની શાખ ગરતી અનુભવાય છે. વાત્રકકાંઠાની સધ્યા વર્ણવતાં પુત્રપ્રાપ્તિથી સુધન્ય અને રોમાંચિત બનેલી ચિરવંધ્યાનું જે ચિત્ર કવિએ દોર્યું છે તે ઝટ ભૂલી શકાય એવું નથી. ક્યારેક કેવું શિશુ જન્મશે તેની અપેક્ષાથી સતત મનને કોરતી ગર્ભિણી સ્ત્રી સાથે અદૃષ્ટને સરખાવવામાં ઉચિત કવિકર્મ જ અનુભવાય છે. જ્યાં તેજ એ કૃષ્ણ છે અને જલ એ વૃષભાનદુલારી રાધા છે એવા દક્ષિણના 'વૃંદાવન'ને નિરૂપતી આખી યે રચના શ્રી જશભાઇ પટેલમાં પડેલી કવિજનઉચિત ક્ષમતાનું અચ્છું દર્શન બની રહે છે. 'વૈશાખની શાખ થઈ ઝૂલે મારો વાલમો' જેવી પંક્તિમાં રહેલાં કલ્પના અને લય પણ આવી ગુંજાયશની જ સરજત ગણાય. અફસોસ એ વાતનો છે કે આવાં રસસ્થાનો 'પૂર્વાહ્ન'માં હાથવગાં બની રહે તેટલાં વિપુલ નથી. આપણે ઇચ્છીએ કે 'પૂર્વાહ્ન'ની અનુગામી રચનાઓમાં કાવ્યના વરેણ્ય ભર્ગ (પદ્યનો ફિક્કો પ્રકાશ નહિ) જ આપણને યથેચ્છ માણવા મળે. (પ્ર. હરિહરપુસ્તકાલય, ટાવર રોડ, સૂરત. કિ. ૩·૫૦, પા. ૧૨૩)

નિર્મિતિ ('શશિશિવમ્')

અત્યાર સુધી સામયિકોમાં અલપઝલપ દેખા દેતી રહેલી શ્રી 'શશિશિવમ્' (ચંદ્રશંકર ભટ્ટ)ની કાવ્યસાધના 'નિર્મિતિ'માં પ્રથમવાર જ એકત્રિત રૂપે પ્રગટે છે; અને તેથી સત્તાવન કૃતિઓનો આ લઘુ સંગ્રહ એમના કવિકર્મના સમગ્ર અંગે ભોમિયો બની ઊઠે છે. હાથે અને પછી હૈયે ચડી ગએલી એકલદોકલ કૃતિએ જગાડેલી અપેક્ષા કરતાં આ 'સમગ્ર દર્શન' ઘણી રીતે ભિન્ન નીવડવા સંભવ છે.

સાઠીની આ 'નિર્મિતિ' પર એકંદર જે મુદ્રા વર્તાય છે તે તો છે બેત્રણ દાયકા પૂર્વેની. માત્ર રીતિ જ નહિ, ભાવજગત પરત્વે પણ 'નિર્મિતિ'ની રચનાઓ બહુધા સુંદરમ્ ઉમાશંકરથી આરંભાએલી કવિતાપેઢીનું (તથાકથિત 'ચાળીશી')નું મુગ્ધ અનુસરણ કરતી અનુભવાય છે. 'રાત્રિ વિષે બધું ય છે', 'પ્રાંગણ એક', 'ધો', 'મરાલી હે', 'યોગીઓ', 'વૈભવો પૂર્ણતાના' જેવી નેક રચનાઓ, ક્વચિત્ વેષાંતરે પણ અતિપરિચિત (અને હવે તો અબખે પડેલા) ભાવસ્પંદનોને જ શિરસ્તા મુજબની વાચા આપે છે. આ જ કારણે 'નિર્મિતિ'ના કવિને વિરહજનિત રિક્તતા આલેખવા માટે, પ્રિયજન સાથે માણેલ રળિયાત રાતનાં સંસ્મરણો વાગોળી, 'સર્વ તેનું તે પણ તું ક્યાં?' એવી રિવાજ મુજબની ફરિયાદ નોંધાવવાનો ઠેઠ 'કાંત'ના જમાનાથી ચાલ્યો આવતો માર્ગ અપનાવવો પડે છે; નિશીથને મૂર્ત કરવા ચંદનીચર્ચિત યોગીનું ઉમાશંકરદત્ત કલ્પન જ ઉપયોગમાં લેવું પડે છે; વસંતપ્રાગટ્યને નિરૂપવા આમ્રમંજરી, મધુમાલતી, ચમેલી અને રાતરાણી પાસે દોડી જવું પડે છે। આવી શિરસ્તાપરસ્તીએ 'નિર્મિતિ'ની ઘણી રચનાઓને વૈયક્તિક મુદ્રાથી વંચિત રાખી છે।

'નિર્મિતિ'ના કવિએ ક્યારેક ક્યારેક અદ્યતન ગણાતી અછાંદસ રીતિની છેડતી પણ કરી લીધી છે; 'ક્ષિતિજ', 'પ્રભાત', 'ભીતિ'

આદિ આ પ્રકારની રચનાઓ ગણાય. ભીંસ, સૂર્ય, સર્પ, હબસી, યોનિ જેવા સાંપ્રત કાવ્ય-વ્યવહારના ચલણી સિક્કાઓનો છૂટથી ઉપયોગ કરવા છતાં કશું યે વિશેષ અહીં સિદ્ધ થતું નથી. 'વિસ્ફોટ' અને 'ક્ષિતિજ' એ બે રચનાઓમાં જે થોડીઘણી ય આસ્વાદ્યતા છે તે એમાં પ્રયોજાએલા કલ્પનોની ગુંજાયશને આભારી છે, રીતિના ચમત્કારને નહિ. જેમ શિરસ્તો તેમ પ્રયોગ પણ 'નિર્મિતિ'ને ઝાઝો ફળ્યો લાગતો નથી.

આમ છતાં પરંપરા કે પ્રયોગની આળપંપાળથી પર થઈ કવિચેતના જ્યારે સ્વ-તંત્ર વિહરે છે ત્યારે 'નિવાસ', 'હોડી', 'શ્રાવણનો તડકો', 'હે રાધિકે' જેવી આસ્વાદ્ય કૃતિઓ જ 'નિર્મિતિ'નો ઉત્તમાંશ બને છે. 'જીવનપાત્ર' કે 'ચંદ્ર' જેવી મુક્તકના બરની લઘુ રચના હોય કે 'તીર્થ' જેવી પ્રલંબ સ્મૃતિયાત્રા હોય, 'શ્રાવણનો તડકો' જેવું ગીત હોય કે 'શ્રી' જેવી સૉનેટરચના હોય: કવિકર્મનો વિશેષ એક યા બીજા પ્રકારે આ રચનાઓમાં પ્રગટ્યા વિના રહેતો નથી. જીર્ણકાય વૃદ્ધાની સ્પર્શક્ષમ રિક્તતાનો પડછે આલેખાતો ભર્યાભર્યા કુટુંબ(!)નો કલ્લોલ, અષાઢી સાંજની નિર્વ્યાજ સરળતા, પ્રકાશ અને વર્ષાની સંતાકૂકડીની ઓથે પ્રગટતો ચચલ જલ અને સ્થગિત હોડીનો વિષાદગર્ભ સંકેત, 'હેરાધિકે'માં ઝૂકતો સહકાર અને 'તીર્થ'માં ઊપસતાં કેટલાંક સ્મૃતિચિત્રો—રુચિરકવિતાનુંરૂપલઇપ્રગટવું આ બધું ચિત્તને સ્પર્શી જાય તેવું છે.

અન્યથા સુંદર બની રહેવા સર્જાએલી, અને છતાં એક યા બીજા કારણે વણસી ગએલી કેટલીક કમનસીબ રચનાઓને પણ અહીં યાદ કરી લેવી જોઈએ. 'ના, ના હું તો નથી કર્ણું!' એવા નિખાલસ એકરાર આગળ જ ઉચિત રીતે વિરમી જવાને બદલે, 'કર્ણું-પર્ણું'ના પ્રાસ સુધી કાવ્યને તાણીને કવિએ 'કૂપળ'ને કચડી નાખી છે! 'ઝૂર્યા કરે, ઝૂર્યા કરે… ઝૂ… ર્યા…'ની ખોટકાઈ ગએલી રેકર્ડ વગાડવામાં 'એકલો તે તું ય'ની ચોટ સમૂળગી ખોવાઈ જતી અનુભવાય છે; સબળ અને નરવા આરંભને વળગાડેલું લુલું લબડતું નિર્વહણ 'અરમાન'ને મારી નાખે છે. આવા કમનસીબ કિસ્સાઓ અહીં અવારનવાર બન્યા કરે છે!

ધોલકી, હેજ, આત્મજા, હેરી, પ્રશુષ્ક જેવા શબ્દો વારંવાર અડફટે ચઢ્યા કરતા હોય; 'મેણપોક' અને 'હયા આંગણે'માં તરડમરડ દ્વારા યથેચ્છ સોઈ મેળવી લેવાતી હોય; 'હરખઘેલડું મન મુગ્ધ તલ્લીન દરશ એ પ્યારું' જેવી પંક્તિમાં લયનો દુઃખદ વિલય અનુભવાતો હોય; 'પ્રેરાઇને ડોકી જરી કાઢી મેં તો ત્યારે' અને 'એ પાણીમાં પાય ય હસ્તવીંઝતાં' જેવી પંક્તિઓમાં કાવ્યબાનીના પણ હાથપગવીંઝાતા હોય; 'આભ' અને 'દાભ'માં રહેલી પ્રાસની શક્યતાનો લાભ એકાધિક વખત ઉઠાવી લેવાતો હોય—અને આ બધું પણ અડસઠ (અરે અડસઠ પૂરાં પણ નહિ) પૃષ્ઠના નાના સરખા વ્યાપમાં બનતું હોય ત્યારે કવિતોચિત પદાવલિ વિષે કેવળ 'મૌન' જ ઉચિત લેખાય!

શુદ્ધ અને સત્ત્વશીલ કાવ્યનિર્માણ માટે 'નિર્મિતિ'ના કવિને હજુ લાંબો પંથ કાપવાનો છે એમ કોઈને લાગે તો નવાઈ નહિ. રફતે રફતે એ પંથને પહોંચી વળવા જેટલું દૈવત એમનામાં પડેલું છે એવો શુભ અણસાર આ સંગ્રહની થોડીક કૃતિઓમાંથી અવશ્ય મળે છે. હાલ તુરત તો એ 'અણસાર' જ 'નિર્મિતિ'ની એકમાત્ર ફલશ્રુતિ લેખાય. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૬૮, રૂ. ૨)

સોનેરી મૌન (ભરત ઠક્કર)

રહસ્ય અને વિસ્મયના પ્રેરક બળથી મુખરિત બની ઊઠેલા ભાઈશ્રી ભરત ઠક્કરના 'સોનેરી મૌન'માં અછાંદસ પ્રયોગનિષ્ઠ કાવ્યરીતિનો એક નોંધપાત્ર આવિર્ભાવ અનુભવાય છે. સભાન અતંત્રતા, અનાવશ્યક બીભત્સ, વૈફલ્યનો ડંખ, વિદૂષકવૃત્તિનું ચાપલ્ય: અછાંદસ અખાડાનાં, હવે તો રૂઢ થઈ ચૂકેલાં, આ બધાં (અપ?) લક્ષણોથી આ સંગ્રહની રચનાઓ મહદંશે મુક્ત રહી શકી છે. ચિત્ત અને ચેતનાની ભીતર પડેલા અનેકાનેક આકારોની રહસ્યમયતાને વાચા આપવાના જાતજાતના પ્રયોગો અહીં થયા છે, અને છતાં એ સહુની પાછળ એક જાગૃત સહેતુકતા વર્તાયા વિના રહેતી નથી. 'ખોવાઈ ગએલા હું'ની વ્યથા અને 'ઓગળી ગએલા અસ્તિત્વ'ની અકળામણથી છલકતું 'સોનેરી મૌન' આવશ્યક માત્રામાં તાટસ્થ્યને પણ જાળવી જાણે છે. કશીક નવીનતા દ્વારા સામાને આંજી નાખવાના ધખારાનો અભાવ અને પૂરતી કાવ્યનિષ્ઠા એ બે બાબતમાં પ્રસ્તુત કૃતિ અછાંદસ સંપ્રદાયમાં સહેજે અલગ તરી આવે એવી બની રહી છે.

અનુભૂતિઓની, બહુધા નવીન અને સર્વથા વિ-ચિત્ર સૃષ્ટિમાં પદાર્થોનાં પૂર્વ પરિચિત રૂપો ઓગળી જાય છે; અનેકાનેક સંદર્ભોમાં અસંખ્ય નવા અર્થગર્ભ આકારો એમને મળે છે. મૃત્યુ અને મૌન, આકાશ અને અંધકાર, ક્ષણો અને સ્મૃતિઓ, પ્રકાશ અને પતંગિયાં: આ સહુના અવનવીન આકારોથી 'સોનેરી-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



આર. કે. કરંજિયા
('બ્લિટ્ઝ'ના તંત્રી)

૧) લગભગ ત્રણ લાખની ખપતે પહોંચેલા 'બ્લિટ્ઝ'ની લોકપ્રિયતાનું કારણ શું?

જન અને જનતાના જરૂરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોની લોકહિત અને લોકલાગણીની દૃષ્ટિએ છણાવટ.

૨) તંત્રી તરીકે આપના જીવનનું ધ્યેય શું?

પ્રજાજીવનને સ્પર્શતા આવશ્યક મુદ્દાઓની—ખાસ કરીને મધ્યમ અને નીચેના થરના વર્ગ પરત્વે—પ્રતિનિધિભાવે હિમાયત કરવી અને તે રીતે શક્ય તેટલી જનસેવા કરવી.

૩) આપનો ખાસ શોખ?

લાંચિયા, આપમતલબી ને રાજદ્રોહી મુત્સદીઓ, પ્રજાને લૂંટનારા બડેખાંઓ અને ખોટી રીતે લક્ષ્મીને હજમ કરનારાઓનો શિકાર કરવો.

૪) ભારતનું ભાવિ આપને કેવું લાગે છે?

જો આપણે આપણા રાષ્ટ્રપિતા ને રાષ્ટ્રવિધાયક ગાંધીજી તથા જવાહરલાલજીના આદર્શોને અનુસરીને તેને વ્યવહારુ બનાવીએ તો ભારતનું ભાવિ અવશ્ય ઉજ્જ્વળ છે.

રૂસી ખ. કરંજિયા

મૌન' ઊભરાય છે. એ બધા જ આકારો એકસરખા સુગ્રાહ્ય નથી અને તેથી મનમાં વારંવાર મમળાવ્યા પછી પણ અહીં વ્યક્ત થએલી કેટલીક અનુભૂતિઓ ભાવકની પહોંચ કે પકડમાં ન આવે એમ પણ બને.

રહસ્યના અવગુંઠનથી અર્ધ પારદર્શક બનેલા આ કૃતિના ભાવજગતમાં ક્ષિતિજની ભૂખરી ગુફાઓ મૌન પ્રસવે છે અને નિદ્રા આકાશના તારાઓને સંગમાં લઇ રોજ રાત્રે અસ્તિત્વનું બજાર જોવા ઊતરી આવે છે. અહીં આકાશ ઊડવા મથે છે અને કાળ આકાશની પીઠ પર સવાર થઇ, તેજ અને અંધારના આશારે ચાલ્યા કરે છે! સૂર્યની ભીતર રહેલો અંધકાર અહીં ભોલકો બને છે અને અરીસાઓની આભાસી દુનિયા અહીં આકાર લે છે. અહીં પ્રકાશ ઉદાસ છે, અસ્તિત્વમાત્ર આભાસ છે, આકાશ આક્રમક છે અને ધરતી ભયાતં છે! અ...ને આ બધા ય પર પથરાએલી છે મૃત્યુની સર્વગ્રાહી છાયા! એ છાયાના સંદર્ભમાં જ અહીં અસ્તિત્વની પ્રત્યેક અનુભૂતિ આકારાય છે. કાચા જામફળ જેવી મૃત્યુની કાયા પર જીવનની ઇયળ ફર્યા કરે છે. એ કાયા કોરાતી નથી, કહોવાતી પણ નથી અને મૃત્યુ કદી ય મરતું નથી. કદાચ 'સોનેરી મૌન'નો આ જ તો મુખ્ય સંકેત છે અને તેથી જ એક રચના પોકારે છે: '(મૃત્યુ) નહિ મરે રે! નહિ મરે! અને એ જ આપણા સહુની વાત છે.' 'સોનેરી મૌન'નો કવિ મૃત્યુના વિસ્મયપ્રકાશને પડછે અસ્તિત્વની બહુરૂપી ને બિહામણી છાયાઓ આલેખતો જાય છે: દરિયાના પાણીમાં ઓગળી ગએલા વક્રીભૂત પ્રકાશ જેવું ઉદાસ અને એકલ વ્યક્તિત્વ; ધૂળની રજકણની જેમ નિશ્ચિત ગતિ વિનાનું અસ્તિત્વ; આભાસોના દેશનું બહેરું અસ્તિત્વ; કબર પર ઊગી નીકળેલા ઘાસ જેવું બિકાળવું અસ્તિત્વ; રોમે રોમે વેદનાના મણિકા લબડાવીને ફરતું અસ્તિત્વ. પરમ રહસ્યમય મૃત્યુના સંદર્ભમાં અસ્તિત્વને ઘટાવવાની મથામણ જ 'સોનેરી મૌન'ની ગંગોત્રી બની રહે છે.

'સ્મૃતિ', 'આભાસ', 'રાત અને કાળ', 'મારાં અસ્તિત્વ', 'પ્રકાશ અને હું', 'ક્ષણો', 'ખરખરો' જેવી રચનાઓ આ કૃતિના દૈવતનો સમ્યક્ પરિચય કરાવે છે. અનુભૂતિનું નાવીન્ય તો એ સૌમાં છે જ, પરંતુ સાથે સાથે કલ્પનોના સામર્થ્યનું દર્શન પણ અહીં થાય છે. ભાઈ ભરત ઠક્કરની અનુભૂતિઓ જેવી વિશિષ્ટ અને વૈયક્તિક છે તેવાં જ વિશિષ્ટ અને મૌલિક એમનાં કલ્પનો છે. સરી જતી ક્ષણો માટે યોજાએલું કતલખાને જતાં રંગાએલાં ઘેટાંનું કલ્પન; પ્રભાતને પોતાના ઉદરમાં ધારતી રાત્રી માટે યોજાએલું પકવ ગર્ભિણીનું કલ્પન; ગમે તે કોઈ ભૂખ્યું પશુ આવીને મને ચાવી જશે એવી બીકે ફફડતા કબર પરના ઘાસ દ્વારા મૃત્યુની આશંકાથી ભયત્રસ્ત અસ્તિત્વનું થતું સૂચન; બિલાડીના ટોપ દ્વારા સૂચવાતું બફાઈ બફાઇને ધોળું ધબ થઈ ગએલું દર્દ: કલ્પનોનો આ વૈભવ સહેજે વિસરાય એવો નથી. રહસ્ય અને વિસ્મયના બેવડા આવરણને કારણે ધૂંધળી બની ગએલી 'સોનેરી મૌન'ની અનુભૂતિઓ આવાં અરૂઢ છતાં ઇંદ્રિયગ્રાહ્ય અને અર્થવાહક કલ્પનોને કારણે જ ભાવક સુધી થોડીઘણી ય પહોંચી શકે છે.

'મૃત્યુના નિત્યનૂતન વ્યક્તિત્વમાં અસ્તિત્વ'ને શોધતું 'સોનેરી મૌન' અનુભૂતિ અને અભિવ્યક્તિનો એક નવીન અને તેથી જ રોમાંચક સ્પર્શ કરાવે છે. (પ્ર. ભરત ઠક્કર, ચંદ્રોદય, ખારીવાવ રોડ રાવપુરા, વડોદરા-૧ કિં. ૨-૮૦, પા. ૫૪)

Garland of Memery

(ફ્રાન્સિસ. એફ્સ. વ્હિટલી, એસ. જે.)

સ્વ. નરસિંહરાવ દિવેટિયાની 'સ્મરણસંહિતા'નો આ અંગ્રેજી પદ્યાનુવાદ અનુવાદકનાં સંનિષ્ઠા ને શ્રમ ઉભયનો દ્યોતક બની રહે છે. સ્વર્ગસ્થ કવિ પ્રત્યેનું તથા સમસ્ત ગુર્જર પ્રજા પ્રત્યેનું પોતાનું ઋણ યત્કિંચિત્ ફેડવાના અને બિન-ગુજરાતીભાષી સમાજ સુધી 'સ્મરણસંહિતા' જેવી વિરલ કૃતિ પહોંચાડવાના ઉદાર સંકલ્પમાંથી આ અનુવાદ પ્રગટ્યો છે અને તેથી મૂળ કૃતિની યથાતથતા જાળવી રાખવા માટે શક્ય તેટલી બધી જ જહેમત રેવ. ફાધર ફ્રાન્સિસે અહીં ઊઠાવી છે. 'હું તો માત્ર pedestrian versifier છું' એવા એમના નમ્ર ઉદ્‌ગાર છતાં પ્રસ્તુત કૃતિમાંથી એમનું જે રૂપ પ્રગટે છે તે તો છે કુશલ અનુવાદકનું અને શ્રદ્ધાભક્તિયુક્ત કાવ્યરસના 'મરમી'નું!

અમદાવાદના દિવેટિયા કુટુંબથી આરંભીને નરસિંહરાવની સમસ્ત સાહિત્યસેવાઓ સુધીનો સર્વગ્રાહી ને સમીક્ષાત્મક પરિચયલેખ કૃતિના આરંભમાં મૂકીને અનુવાદકે નરસિંહરાવના સમૃદ્ધ વ્યક્તિત્વ ને અનેકદેશીય પ્રતિભાનો સમ્યક્ પરિચય બિન-ગુજરાતી સમાજને કરાવ્યો છે. અનુવાદિત કંડિકાઓની જમણી બાજુએ નાનાં બીબાંમાં મુકાએલી નોંધો આ કૃતિનું એક વિશિષ્ટ લક્ષણ બની રહે છે. અત્રત્ય અને મુખ્યત્વે પાશ્ચાત્ય તત્ત્વચિંતકો, કવિઓ, ધર્મગુરુઓ અને સંતો આદિનાં સંબંધિત અવતરણોથી ઊભરાતી આ નોંધો જે તે શ્લોકમાં નિરૂપાએલ વિચાર કે સંવેદનને પામવા-સમજવામાં સહાયરૂપ તો બને છે જ, પરંતુ સાથેસાથે મૃત્યુ, દિવ્ય જીવન, જગતમાં પ્રવર્તતું અનિષ્ટ અને ઐહિક નશ્વરતાની પાર રહેલી દિવ્ય સનાતનતા વગેરે વિષેના નરસિંહરાવના વિચારોને વિશાળ સંદર્ભમાં મૂલવવાની સુવિધા પણ પૂરી પાડે છે. 'સ્મરણસંહિતા'માંથી પ્રગટતા જીવનદર્શનને સમર્થન ને ભાષ્ય બંને પૂરાં પાડવાનું કાર્ય આ બહુમૂલ્ય નોંધોએ બજાવ્યું છે. સુયોગ્ય શબ્દો અને અનુકૂળ વૃત્ત માટેની સભાન મથામણને કારણે અનુવાદ પ્રવાહી અને પ્રાસાદિક બન્યો છે.

કાવ્ય અને તત્ત્વજ્ઞાનના રસાયણથી માતબર બનેલી 'સ્મરણસંહિતા' જેવી સત્ત્વશીલ ગુજરાતી કૃતિ, અંગ્રેજીમાં અનુવાદિત થઈ, વિશાળ ભાવકવર્ગ સુધી પહોંચે તે આપણા સહુ માટે આનંદનો વિષય ગણાય. એવો આનંદ આપણને સંપડાવી આપનાર રેવ. ફાધર ફ્રાંસિસ ખરે જ અભિનંદનના અધિકારી ગણાય.

(પ્ર. નવજીવન પ્રેસ; કિં. ૦-૭૫. પા. ૫૫)

પ્રેમાનંદ વિરચિત કુંવરબાઇનું મામેરું

(સંપાદન: કા. બ. વ્યાસ, ચિ. શા. ત્રિવેદી)

મહાવિદ્યાલયના પૂર્વ-સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડવાના પ્રધાન આશયથી હાથ ધરાએલ, કવિ પ્રેમાનંદરચિત 'મામેરું'ના, પ્રસ્તુત સંપાદનમાં શાસ્ત્રીયતા અને કાવ્યસૂઝનો વિનિયોગ થએલો અનુભવાય છે. ભિન્ન ભિન્ન પ્રત્યન્તરોના પાઠોનું સંકલન કરીને મૂળ પાઠ સુધી પહોંચવાનો પ્રયત્ન સંપાદકોએ કર્યો છે, અને પરિણામે આ સંપાદનની અધિકૃત વાચના પુરોગામી વાચનથી ઘણે સ્થળે જુદી પડે છે. હસ્તપ્રતોનાં સંકલન ને તુલનાત્મક પરીક્ષણદ્વારા કૃતિને એના મૂળ યથાતથ સ્વરૂપમાં પુનરુદ્ધારવાનો એક પ્રશસ્ય પ્રયાસ આ સંપાદન દ્વારા થયો છે, અને તેથી જ 'મામેરું'નાં અત્યાર સુધીનાં સંપાદનોમાં પ્રસ્તુત પ્રયાસ આવકારપાત્ર ઉમેરો કરે છે. મધ્યકાલીન સાહિત્ય, આખ્યાનનું સ્વરૂપ, પ્રેમાનંદના પુરોગામીઓને હાથે થએલો 'મામેરું'ના વસ્તુનો ઉપયોગ, પ્રેમાનંદનો સમય, એનું જીવન અને એની આખ્યાનકલા આદિ અભ્યાસયોગ્ય મુદ્દાઓની વિસ્તૃત અને વિશદ ચર્ચા કરતો પચાસેક પૃષ્ઠનો પ્રવેશક અને લગભગ એટલા જ વ્યાપની, કૃતિને અંતે મુકાએલી, રસલક્ષી માર્મિક ટિપ્પ-

ક્ષમાપન

હમણાં હમણાં 'કુમાર' નિયત સમયે બહાર ન પડી શકતું હોવાથી કોઈ કોઈ વાચકોના રોષને પાત્ર અમે થયા કરીએ છીએ. સૌને સુવિદિત છે કે પાંચગણો મોટો ૫૦૦મો અંક અમે સત્રા બે માસમાં આપ્યો હતો; વળી તે પહેલાં ૫૦૧ મો અંક આપી દીધો હતો, અને એક દળદાર અંક આપ્યા પછી બે અંક ભેગા કરી નાખવાની સ્વાભાવિક લાલચમાં પડ્યા વિના બારે બાર અંક પૂરા આપવાનો આગ્રહ પણ પાર પાડ્યો છે. અલબત્ત, એમ કરવામાં (અમારાં ટાંચાં સાધનો અને મર્યાદાઓને કારણે) ત્રણેક અઠવાડિયાંની ઢીલ થતી આવી છે, તે અમને ખટકે છે. પણ અમને ઉમેદ છે કે બેએક અંકમાં એ ફેર અમે કાઢી નાખીશું. ત્યાં સુધી વાચકોને ક્ષમાપૂર્વક એટલી ઢીલ નિભાવી લેવાની વિનતી છે.

ણી સંપાદન પાછળ રહેલાં સૂઝ અને શ્રમનું અચ્છુ દર્શન કરાવે છે. (પ્ર. અનડા, બુક ડીપો, ગાંધીરોડ, કિ. ૩-૦૦ પા. ૧૩૨)

લઘુ કાવ્યપુસ્તિકાઓ

કિસલય : પદ્યરચનાના ક્ષેત્રે 'પા પા પગલી' જેવી અઢાર રચનાઓને 'કિસલય'માં સમાવીને આવતા ભાઇશ્રી મધુબાંધવ પરિપક્વતા પૂર્વે પ્રકાશનનો મોહ ટાળી શક્યા હોત તો સારું ગણાત. ભાવ અને અભિવ્યક્તિ ઉભય પરત્વે એમની રચનાઓ એકડો ઘૂંટતા નિશાળિયાની યાદ જગાડે તેવી બની રહે છે. 'વર્જિત ફળ' અને 'એ...જ' જેવી રચનાઓ અન્યની અપેક્ષાએ ઠીક ગણી શકાય તેવી છે. આવી રચનાઓનું જો કોઈ પ્રકારનું મૂલ્ય સંભવી શકે તો તે માત્ર આરંભ કાળના રીયાઝ તરીકેનું જ! (પ્ર. મધુસૂદન બુટાલા, બુટાલા બાંધવ પ્રકાશન વિભાગ, કપડવણજ. કિ. ૫૦ પૈસા, પા. ૨૪)

બાલકુસુમોદ્યાન : શ્રી. વ્રજ મો. ઓઝા કૃત 'બાલકુસુમોદ્યાન'માં બાલમંદિર અને પ્રાથમિક શાળાનાં બાળકોને ગમી જાય તેવાં 'બાલજોડકણાં' સંગ્રહાયાં છે. દિશાઓ, રંગો, તહેવારો, વિવિધ પ્રકારનાં ધાન્યો આદિની માહિતી તાલબદ્ધ પદ્યની મદદ વડે બાળકો સમક્ષ મૂકતી આ રચનાઓ શિક્ષણની પ્રક્રિયામાં રસ અને સરળતા આણી શકે તેવી છે. બાળકો હોંશેહોંશે વાંચી શકે અને નિરૂપિત માહિતીને સરળતાથી યાદ રાખી શકે એવા એકમાત્ર આશય જ આ પ્રકારની રચનાઓ પાછળ હોઈ શકે અને એ આશયના ધોરણે જ આવી કૃતિનું મૂલ્ય વધે (પ્ર. વ્રજ મો. ઓઝા, બાલકુસુમોદ્યાન', ૬૭૪. ગુરૂવાર, પૂના-૨. કિ. ૫૦ પૈસા પા. ૪૭)

કર્ણકાંડ અને બીજાં કાવ્યો : 'સમયે સમયે સ્ફુરણા અને પ્રેરણા મળતાં તૈયાર કરેલાં થોડાં ખંડકાવ્યો' લઇને આવતી શ્રી કાલિદાસ ઉર્ફે કરણસિંહ કવિની આ કૃતિ અતિ સામાન્ય કક્ષાની ગણાય. રચયિતા જેને 'ખંડકાવ્ય' કહીને ઓળખાવે છે તે 'માયા', 'વાલિવધ', 'દાંગવની ઘોડી', 'કર્ણકાંડ' આદિ રચનાઓ વસ્તુતઃ સુદીર્ઘ પદ્યકથાઓ જ છે. ખંડકાવ્યમાં અપેક્ષિત બીજરૂપ સંઘર્ષ કે કલાઘાટ અહીં વર્તાતાં નથી. મંદાક્રાંતા ઉપજાતિ, લલિત, વસંતતિલકા આદિનો વારાફરતી પ્રયોજીને રચયિતાએ વૃત્તવૈવિધ્ય સાચવ્યું છે છતાં ઝડપી ભાવપરિવર્તન નિરૂપવાની અશક્તિને કારણે એ વૈવિધ્ય કાર્યસાધક નથી બનતું. 'દાંગવની ઘોડી' કે 'કર્ણકાંડ' જેવી રચનાઓમાંથી કથારસ કદાચ મળે, કાવ્યરસ મળવાનો સંભવ નહિવત્ છે. વારવાર લેવી પડતી લઘુગુરુની છૂટ અને લંગડાતી કાવ્યબાની સૂચવે છે કે રચયિતાને છંદ અને બાની ઉભય પર હજુ વિશેષ પ્રભુત્વની જરૂર છે. (પ્ર. કાલિદાસ કવિ કરણસિંહ કવિ કિલ્લે સોનગઢ, જિ. સુરત. કિં. નથી છ.પી, ૫૭, ૪૪)

(૧) ગીતાર્ધ્ય (૨) પડકાર

શ્રી. યશવંતરાય હરિકૃષ્ણ દવેના 'ગીતાર્ધ્ય'માં બુનિયાદી તાલીમને અનુરૂપ અને ઉપયોગી બની રહે તેવી લગભગ નેવું જેટલી નાનીમોટી પદ્યરચનાઓ સંગ્રહાઈ છે. બહુધા જાણીતા ઢાળ અને કવચિત વૃત્તનો આશ્રય લેતી આ રચનાઓ પદ્યની કોટિથી ભાગ્યે જ આગળ વધે છે. (પ્ર. કાન્તિલાલ દવે, સંચિત નિવાસ, રૂપાપરી રોડ, ભાવનગર. કિં. ૧-૨૫, પા. ૯૦)

'પડકાર'માં ચીની આક્રમણ સામે ભભૂકી ઊઠેલા આપણા રાષ્ટ્રીય પ્રકોપને વાચા આપતી પ્રાસંગિક રચનાઓનો સમાવેશ થયો છે. શિક્ષણ કે લોકસંપર્ક આદિની દૃષ્ટિએ 'ગીતાર્ધ્ય' કે 'પડકાર' જેવી કૃતિઓનું કોઈક મૂલ્ય કદાચ સંભવતું હોય તો પણ શુદ્ધ કાવ્યસાધનાની દૃષ્ટિએ આવી કૃતિઓનું ભાગ્યે જ કશું મૂલ્ય આંકી શકાય. (પ્રયોજક : યશવંતરાય હ. દવે, બુનિયાદી અધ્યાપન મંદિર, સીંમડી (સૌરાષ્ટ્ર). કિ. નથી, પા. ૧૬)

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ : 1 K–KR. કાળા પ્યાદાને વજીર થતો અટકાવવા ઊંટનો ભોગ આપ્યા વિના છૂટકો જ નથી.

1 ..., R × B; 2 R × P. હવે જો સફેદ હાથી QR2 ઉપર આવી શકે તો તે રાજા અને હાથીની પંક્તિ ઉપર લાવીને પ્યાદાને વજીર બનાવી જીતી શકે. પરંતુ હવે કાળાની ચાલ છે અને તે QR પંક્તિનો કાબૂ મેળવી લે છે.

..., R-QR6; 3 R-Q2 Ch, K–K2! ઉત્તમ ચાલ! 3 ..., K-B3 પછી 4 K-B8થી 3 ..., K-K3 પછી 4 K-B8, R-B6 Ch; 5 K-Q8થી અને 3 ..., K-K1 પછી K–B7, R-B Ch; 5 K-Q6થી સફેદ સહેલાઇથી જીતી શકે છે.

4 R-Q6! હવે જો કાળો હાથીને મારે તો 4 ..., K × R: 5 K-B8, R–B6 Ch; 6 K-Q8, R–KR5; (7 ..., R-R1થી મહાતની ધમકી આપે છે, પણ તે પહેલાં...) 7 P–N8 (=Q) Ch.

4 ...., R-B6; 5 R-QB6! ફરી એકવાર હાથીના ભોગ આપે છે અને કાળો તે સ્વીકારે તો 6 K-K7થી જીતે છે.

5 ..., R-Q6! 5 R–B2, K–Q2. અહીં 6 ..., R-QR6; પછી 7 K–B8 અને પછી સફેદનું પ્યાદું વજીર બને છે.

7 K-QR2. સફેદની બીજી ચાલ પછીની નોંધમાં જણાવ્યા પ્રમાણે હાથી QR2 ઉપર આવી ગયો. હવે જીત સહેલી છે.

પ્રગતિશીલ પત્રકાર સ્વ. સીતારામ શર્મા

નામાં-લેખન અને ટિકિટબારીને રસ્તે આત્મવિકાસ કરનાર સ્વાશ્રયી ગ્રામતરુણ

આજની પેઢી જેમનાથી અપરિચિત છે એવા પત્રકારો પૈકીના એક, અને પત્રકારત્વ ઉપરાંત ટૂંકી વાર્તાઓ, કાવ્યો નવલકથા વગેરે ક્ષેત્રોમાં કલમ અજમાવી છેલ્લા દસકાથી નિવૃત્ત જીવન ગાળતા પત્રકાર શ્રી સીતારામ શર્માનું, પોતાના વતન કડીમાં, આ માસ (માર્ચ)ની પહેલી તારીખે સવારે આઠ વાગ્યે હૃદયરોગના હુમલાથી પોણોસો વર્ષની વયે એકાએક થએલું અવસાન પરિચિતો તથા મિત્રોને આશ્ચર્ય સાથે આઘાત આપી ગયું. એમના જવાથી એક સ્વતંત્ર મિજાજી, સમર્થ અને પીઢ પત્રકારની અને ઉદ્દામ વિચારોવાળી વાર્તા-નવલકથાઓથી સમાજસુધારાનો પુરસ્કાર કરતા સ્પષ્ટવક્તા સુધારકની ખોટ પડી છે.

સીતારામ જેસિંગભાઈ શર્માનો જન્મ ઇ. ૧૮૯૧ની ૧૬મી ઑગસ્ટે એમના મોસાળ પ્રાંતીજમાં થએલો. પિતાની છત્રછાયા નાનપણમાં જ ગુમાવી બેઠેલા, એટલે એમનો ઉછેર પણ ત્યાં મોસાળમાં થયો અને માત્ર અંગ્રેજી ચાર ધોરણ સુધીનો જ અભ્યાસ કરી શકાયો.

જીવનનો આરંભ એમણે લોકલ બોર્ડની શાળામાં શિક્ષકતરીકે કર્યો. પછી અમદાવાદમાં 'ગુજરાતી પંચ'ના હિસાબીખાતામાં જોડાયા. એ વખતે પહેલા વિશ્વયુદ્ધને લગતા રૉઇટર તરફથી મળતા સમાચારોનું ભાષાંતર તેઓ કરતા થયા અને એ રીતે ધીમેધીમે એમણે પત્રના તંત્રીવિભાગમાં પ્રવેશ મેળવ્યો.

પછી નસીબ અજમાવવા મુંબાઈ ગયા. આરંભમાં તો એક પેઢીમાં નામું લખવા માંડયું. ત્યાર બાદ વળી એક નાટકકંપનીની ટિકિટબારી પર બેસતા. ત્યાં વાંચવાલખવામાં એમને તક અને પ્રોત્સાહન મળી રહેતાં. ઈ. ૧૯૧૭માં તેઓ રણછોડદાસ લોટવાળાનાં અખબારોમાં જોડાયા. લોટવાળાનાં અખબારોનો ઢાંચો ઉદ્દામ મતવાદી રહેતો. યુવાન સીતારામની સ્વતંત્ર વિચારણાને એ માફક આવે તેવું હતું. ત્યાં વિશાળ વાચન અને સ્વાનુભવથી ઘડાતાં ઘડાતાં તેઓ તેના દૈનિક 'હિંદુસ્તાન'ના અને 'પ્રજામિત્ર કેસરી' સાપ્તાહિકના પણ તંત્રી થયા. એ સાપ્તાહિકમાં તેઓ કુ. જયવતી દેસાઈને નામે જે લેખો લખતા તેણે એ દિવસોમાં લોકોમાં ભારે રસ જગાડયો હતો. 'હિંદપ્રજા' નામના સાંજના દૈનિક પત્રનું તંત્રીપદ પણ તેમણે સંભાળ્યું અને તેના 'નવયુગ' માસિકના તંત્રી પણ બન્યા. આમ લોટવાળા જૂથનાં તમામ સામયિક પ્રકાશનોના સંચાલક અને લોટવાળાના સાથી સમ બની રહ્યા. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પહેલાંના, પ્રમાણમાં અણવિકસિત પત્રકારત્વને એમણે બળવાન જબાન આપી, અને ગાંધી યુગમાં પશ્ચિમની નવી અને પ્રગતિશીલ વિચારસરણીના પુરસ્કર્તા બન્યા. આ ઉપરાંત પોતાની જ્ઞાતિનું 'બ્રહ્મભટ્ટ' માસિક પણ ચલાવતા, અને કવિતા ટૂંકી વાર્તા તથા નવલકથા-ક્ષેત્રોમાં પણ તેમની કલમ ચાલતી. દૈનિક 'મુંબાઈ સમાચાર'માં પણ એમની ચાલુ વાર્તાઓ આવતી. આ સર્વ સાહિત્યમાં કલાતત્ત્વ કરતાં નવી વિચારસરણી અને સમાજસુધારાના બંડખોર પ્રચાર તરફ તે વધુ ઢળતા અને કુલીનશાહી સામે જેહાદ ચલાવતા. 'ગરીબ' નામની એમની કથા પરથી ફિલ્મ પણ ઊતરેલી.

'હિંદુસ્તાન' બંધ પડતાં મુંબાઈના પત્રકારત્વને ત્રીસ વર્ષ સેવા આપી તેઓ અમદાવાદ આવ્યા અને ત્યાંના 'ગુજરાત સમાચાર'-'પ્રજાબંધુ'માં જોડાયા. ત્યાં એ પત્રોના દીવાળી અંકનું સંપાદન પણ તે કરતા. ત્યાર પછી સ્વ. રમણલાલ જાનીનું નવું દૈનિક 'વર્તમાન' શરૂ થતાં તેમાં થોડો સમય કામ કર્યું.

નિવૃત્ત થયા પછી તેઓ પોતાને વતન કડી જઈ વસેલા. ત્યાં પણ 'સુમટ ગ્રંથાવલિ' આદિ એમની લેખનપ્રવૃત્તિ અને લોકહિતનાં કાર્યો તો ચાલુ જ હતાં. સમાજસેવાના ક્ષેત્રમાં એમને તરુણ વયથી જ રસ હતો. હોમરૂલ લીગના વખતમાં ઈ. ૧૯૧૮ તથા ૧૯૧૯નાં કૅાંગ્રેસનાં અધિવેશનોમાં સ્વયંસેવક તરીકે તે ગએલા. મુંબાઈવાસ દરમિયાન સાન્ટાક્રુઝ કૅાંગ્રેસ સમિતિના તે સક્રિય કાર્યકર હતા. અસ્પૃશ્યતાનિવારણની સંસ્થાઓમાં વર્ષો સુધી એમણે કામ કર્યું અને ૧૯૧૮માં ઈન્ફ્લ્યુએન્ઝાની મહામારી વખતે મુંબાઈની મદનપુરા ઑસ્પિટલમાં ખડેપગે એમણે સેવાઓ આપેલી. કડીમાં લેખક-મિત્રોના 'સાહિત્યવર્તુળ'ના તેઓ પ્રમુખ હતા.

થોડાં વર્ષ પહેલાં વિક્રમના બેસતા વર્ષે જ સવારમાં એમનાં પત્ની શ્રી મણિબેનનું એકાએક ધનુર્વાથી અવસાન થયું એ પછી પોતે નિઃસંતાન હોઈ એમનું જીવન તદ્દન એકલવાયું બની ગએલું. છેલ્લે છેલ્લે તો બહાર જમવાનું છોડી રસોઈ પણ જાતે કરી લેતા. જીવનની એ કારમી એકલતા તે હસતે મોંએ નિભાવી લેતા. સ્વભાવે સ્વમાની અને સત્યને પણ કહ્યા વિના ન છોડે એવા દૃઢ હોઈ પોતાની લોકપ્રિયતાને ભોગે પણ સમાજમાં જ્યાંજ્યાં ઊણપ, શિથિલતા કે અણઘટતું જુએ ત્યાં એ ચીંધ્યા વિના ન રહે.

પોણોસો વર્ષની વયે પણ નવું વાંચવા-જાણવાનો એમનો ઉત્સાહ એવો ને એવો જ રહ્યો હતો. નવાં વહેણોથી તેઓ સદા પરિચિત રહેતા. ગયા વર્ષે અમદાવાદમાં ભરાએલા કવિતા-સત્રમાં આધુનિક કવિતાનાં નવાં વહેણથી પરિચિત થવા તે હોંશથી આવેલા. દસેક નવલકથાઓ, ટૂંકી વાર્તાઓના ત્રણ સંગ્રહો, બે કાવ્યસંગ્રહો તથા નિબંધ ને જીવનચરિત્રનાં બે પુસ્તકો ઉપરાંત અનેક છૂટા લેખો વાર્તાઓ એમણે લખ્યાં છે.

જીવનમાં ખૂબ કરકસરથી રહી પાઇએ પાઇનો હિસાબ રાખ્યો, પણ એમના મૃત્યુ પછી પોતાની સઘળી મિલકત (લગભગ પાંત્રીસેક હજાર રૂપિયા) કેવળ શિક્ષણ પાછળ ખર્ચવાનું વિલમાં લખતા ગયા છે! પોતાનાં સ્વ. માતા અને સ્વ. પત્નીના સ્મરણાર્થે મુંબાઈ, વડોદરા, કડી અને પ્રાંતીજની સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓમાં તેઓએ દાન કર્યાં છે. વળી, વસિયતનામા દ્વારા પોતાની પાછળ કોઈ પણ પ્રકારની ધાર્મિક ક્રિયા, શ્રાદ્ધ, ભોજન વગેરે નહિ કરવાનું પણ સૂચવતા ગયા છે.



મુંબાઈમાં પ્રગતિશીલ પત્રકાર



અમદાવાદમાં પાછલી અવસ્થામાં

કલાયાત્રી

આંગ્લ કલાકાર સ્ટેલા સ્નીડ

કેટલીક વ્યક્તિઓ અમુક માર્ગે પોતાની કારકિર્દીનું ઘડતર આરંભે છે અને કોઈ પલટો આવતાં એમની પ્રતિભા વળી નવા જ ક્ષેત્રમાં ઝળકી ઊઠે છે. આંગ્લ કલાકાર શ્રી સ્ટેલા સ્નીડના જીવનમાં પણ એવું જ બન્યું.



ઈ. ૧૯૧૦માં એમનો જન્મ. ઑઝેનફન્ટ પાસે ચિત્રકળા અને હેન્રી મૂર પાસે શિલ્પકળા શીખી તેઓ સર રીઆલિસ્ટ કલાકાર બન્યાં. ઇ. ૧૯૩૯માં તેઓ અમેરિકા ગયાં અને ત્યાં રહી એમણે પોતાની કલાસાધના આગળ વધારી ૧૯૪૧ અને '૪૩માં ન્યૂ યૉર્કમાં પોતાની કલાકૃતિઓ પ્રદર્શિત કરી. '૪૬માં લંડન પાછાં ફરીને ત્યાં પણ બે પ્રદર્શનો કર્યાં. '૪૬ થી '૫૦ તેઓ ન્યૂ મેક્સિકો જઈ રહ્યાં ને તાઓસ, સાન્ટા ફે, આલ્બુકર્ક, લૉસ ઍન્જેલિસ, સાન્ટા બાબરા, સાન ડીઆગો વગેરેમાં પોતાની કૃતિઓ રજૂ કરી. આ ઉપરાંત પણ ઘણાં પ્રદર્શનોમાં એમણે ભાગ લીધો. '૪૯માં કાર્નેગી ઇન્ટરનેશનલ એક્ઝિબિશનમાં પણ તેમણે ભાગ લીધેલો ને '૫૦માં લંડનમાં એમણે ત્રીજી વાર પોતાની કલાકૃતિઓ પ્રદર્શિત કરી. '૫૧માં એમણે ન્યૂ યૉર્કમાં કાપડ માટેની ખાસ ડિઝાઇનો વેચી અને પછી ચિત્રકામ છોડી બે વર્ષ ભારતનો પ્રવાસ કર્યો।

દેશવિદેશનો પ્રવાસ એ જાણે એમનો એક નવો શોખ થઇ પડ્યો. ૧૯૫૬માં એ કેવળ ગામેગામની મોટરબસોમાં જ બેસીબેસીને ઇંગ્લંડથી છેક ભારત સુધી જમીનમાર્ગે જ આવ્યાં. એ વખતે એમણે એક કૅમેરા ખરીદેલો ને માર્ગમાં છબિઓ પાડતાં આવેલાં. સાથોસાથ એમણે આ પ્રવાસ વિષે થોડું લખવા પણ માંડ્યું. એમના જીવનમાં એક નવો ઝોક આવ્યો. લેખન અને ફોટોગ્રાફી બે જ હવે એમનાં વ્યાસંગ બની રહ્યાં. પ્રવાસને આગળ લંબાવીને એમણે પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી કરીને લંડન પાછાં ફર્યાં.

ઈ. ૧૯૫૮માં રશિયામાંથી સમરકંદ ને અફઘાનિસ્તાન થઈ ફરી ભારત આવ્યાં. ભારત એમને એટલું તો ગમી ગયું કે એમણે અહીં મુંબાઈમાં વસવા માટે જુહુમાં પોતાનું મકાન બનાવ્યું. અને ફરી, એશિયામાં થઇ મૅક્સિકો ને ગ્વાટેમાલાનો પ્રવાસ કર્યો.

આ બધા વિસ્તૃત પ્રવાસોમાં એમણે ઘણા ફોટોગ્રાફો લીધા. વસતિથી દૂર જંગલોમાં દટાએલા-ઢંકાએલા ભગ્નાવશેષોના ફોટો લેવા આ પાછલા પ્રવાસોનું એક લક્ષ્ય હતું. ખાસ આ જ વિષય પર તેઓ એક અભ્યસનીય સચિત્ર ગ્રંથ તૈયાર કરવા ઇચ્છતાં હતાં. ૧૯૫૯માં તેઓ યુનાઇટેડ સ્ટેટ્સ પહોંચ્યાં ત્યારે પોતાના આગલા મોટરબસ પ્રવાસ વિષેનું પુસ્તક તેમણે પૂરું કર્યું હતું.


બીજે જ વર્ષે પાછાં ભારત આવીને એમણે મુંબાઈમાંના પોતાના મકાનમાં વસવાટ કર્યો. '૬૧માં તેઓ લંડન ગયાં. જંગલોમાં ખોવાએલા ભગ્નાવશેષો વિષે તેમણે ત્યાં ગ્રંથસંશોધન કર્યું અને '૬૨માં 'રૂઈન્સ ઈન જંગલ' નામે પોતે લીધેલા ફોટોગ્રાફો સાથેનું એક સુંદર પ્રકાશન પ્રકટ કર્યું. ભારતના પ્રવાસમાં એમણે પ્રાણીશિલ્પોના પણ સંખ્યાબંધ ફોટો લીધા, જે મ્યૂરીઅલ નેફ સાથે સહકારથી પ્રકટ કરવા ધારેલા ગ્રંથ માટે પાડેલા છે.

હવે એમણે ફોટોગ્રાફીમાં કેટલાક નવા પ્રયોગો આદર્યા. અવનવાં પોત અને ભાત એ એમના ચિત્રવિષયો હતા. ફરી એમણે યુરોપ, ઇજિપ્ત, સુદાન અને ઈથિયોપિયાનો પ્રવાસ કરી અનેક નવાં ફોટોચિત્રો એકઠાં કર્યાં. દરમિયાન અમેરિકન કવયિત્રી ડેઈઝી આલ્ડન સાથે મુલાકાત થઈ. બંનેએ મળીને હમણાં 'સેવ સેવન' (સાત સાત) નામે એક પ્રકાશન કર્યું છે જેમાં સ્ટેલાનાં સાત સુંદર ફોટોચિત્રો તથા ડેઈઝીનાં સાત સુંદર કાવ્યો છે.

મુંબાઈમાં હમણાં એમણે પોતાનાં દરિયાકિનારાનાં ફોટોચિત્રોનું 'બીચ ઍબ્સ્ટ્રૅક્ટ' નામે પ્રદર્શન કર્યું હતું જેમાં દરિયાકાંઠાની સૃષ્ટિમાં વણકેળવાએલી આંખે અછતા રહેતા સૌંદર્યને એમણે એક નવી જ રજૂઆત આપી છે. એમાંનું એક આ સાથે તથા બે આ અંકમાં પાછળ આપેલી ફોટોપ્લેટમાં આપ્યાં છે.

ગયે વર્ષે એમણે કુલુ, કાંગડા, કાશ્મીર ને ચિત્રાલનો પ્રવાસ કર્યો. 'ઍનિમલ્સ ઈન ઇન્ડિયન સ્કલ્પચર' (ભારતીય શિલ્પમાં પ્રાણી)નું છેલ્લું પ્રકરણ તેમણે આ દરમિયાન પૂરું કર્યું. જે 'આર્ટ ઍન્યુઅલ—ન્યૂ યૉર્ક'માં એમનાં ફોટોચિત્રો સાથે પ્રકટ થયું છે. ભારતીય શિલ્પમાં પ્રાણીઓ પર એક ફોટો-પ્રદર્શન પણ એમણે ન્યૂ યૉર્કમાં યોજ્યું હતું.

એકાકીપણે કામ કરવું એમને વધુ ગમે છે અને એટલે જ કદાચ એમને ફોટોગ્રાફી ઘણી ફાવે છે ને ગમે છે એમ તેઓ માને છે. મધ્ય અમેરિકાનાં ગાઢ જંગલો જેવાં સ્થળોએ પણ, સ્ત્રી હોવા છતાં, એકલપંડે લાંબા પ્રવાસો ખેડવામાં એમને જરાયે ચિંતા કે સંકોચ થતાં નથી. તેઓ કહે છે કે "ઊલટું ન્યૂ યૉર્કના સેન્ટ્રલ પાર્ક જેવા વિસ્તારમાં ફરવું વધારે બિનસલામત છે! પ્રવાસોમાં લોકો હું ધારું એ કરતાં પણ વધુ સહકાર આપે છે અને મને લાગે છે કે મારા ધોળા વાળ પણ કદાચ મને એમાં સહાયરૂપ થઈ પડતા હશે."



દરિયાકાંઠાની રેતીમાં જીવડાએ ચાલીને પાડેલી ભાત

અમેરિકા અને આપણે

☆ ☆ ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

૧૧

૭ ફેબ્રુઆરી ૧૯૬૫

વ્હાલાં બાળકો,

ગયે શનિવારે, એટલે ૩૦મી જાન્યુ. એ રાત્રે ૧૦-૦ વાગ્યે સીએટલથી પુલમન આવવા માટે અમે ટ્રેનમાં નીકળ્યાં. રવિવારે સવારે ૭-૦ વાગ્યે સ્પોકેન પહોંચી ત્યાંથી ૮-૪૫ વાગ્યે ગાડી બદલી. પુલમન સવારે ૧૧-૦ વાગ્યે પહોંચવાનો પ્રોગ્રામ હતો. પરંતુ તે અરસામાં ગરમી વધવાથી (અહીં ગરમી વધે એટલે ૩૨°Fને બદલે ૩૬°થી૩૮°F થાય એટલે ગલનબિન્દુ ઉપર ૪,૬ ડિગ્રી વધે) પહાડો અને મેદાનો ઉપરના બરફના થર પીગળવા લાગ્યા હતા. તેથી નદીનાળાં ઊભરાયાં હતાં અને રસ્તામાં કેટલીક જગ્યાએ ૩-૩ ફૂટ પાણી હતાં. આથી ધીમી વેગે ચાલતી ગાડી સવારે ૭-૦ને બદલે ૧૧-૦ વાગ્યે સ્પોકેન પહોંચી. સ્પોકેનથી નીકળતી પુલમનની ગાડી તો ૮-૪૫ વાગ્યે નીકળી ચૂકી હતી. આમ પહેલાં આપણે ત્યાં કાઠિયાવાડમાં થતું હતું તેવું મિસકનેકશન થયું. હવે પુલમનની બીજી ગાડી તો બીજે દિવસે સવારે જ મળે. એટલે પછી તે દિવસે બપોરે ૨-૦ વાગ્યે ઊપડતી બસમાં પુલમન જવાનું નક્કી કર્યું. આવી રીતે રખડી પડેલા એક બીજા પુલમન જનારાં પૅસેન્જર પણ હતાં. તેમની સાથે અમે રેલવે સ્ટેશનેથી બસ સ્ટેશન પર આવ્યાં.

આ પૅસેન્જર વેટરેનરી સર્જન (પશુ-ડાક્ટર) હતા. ૩૫ વર્ષની ઉમર હશે. સીએટલથી ઉત્તરે આવેલા કોઈ ગામમાં તેમનું ખાનગી દવાખાનું હતું. અહીંની કુટુમ્બવ્યવસ્થા એવી છે કે પરણીને દીકરો જુદો રહે એટલે પચાસેક વર્ષનાં પતિ-પત્ની સામાન્યરીતે એકલાં થઈ જાય. તેથી વણપરા માટે ઘરમાં કૂતરું કે બિલાડું પાળે અને બાળકની જેમ તેને ઉછેરે. સીએટલમાં અમે જેને ઘેર ઊતર્યા હતાં તે મિ. બ્રાઝલે પણ એક નાનું કૂતરું પાળ્યું છે; અને બ્રાઝલે તો કહે છે કે 'હવે હું ઘેર આવું છું ત્યારે મને જોઈને જેમ બાળકો નાનાં હતાં ત્યારે રાજી થતાં હતાં, તેવું જ રાજી થવાવાળું કોઈક આવ્યું છે!' આમ દરેક ઘેર એક પાળતુ પ્રાણી હોય એટલે માણસના ડાક્ટરની જેમ પશુ-ડાક્ટરની પણ અહીં ખૂબ જ જરૂરત રહે છે. વળી અહીં ડેરીઉદ્યોગ પણ ઘણો વિકસ્યો છે. અમારા જોડીદારની ડેરીઉદ્યોગમાં ધીખતી પ્રેક્ટિસ હતી. અમારી યુનિવર્સિટીમાં પ્રાણીઓની સર્જરીની નવી પદ્ધતિઓ શીખવવા માટેના એક અઠવાડિયા માટેના વર્ગો ૧લી ફેબ્રુઆરીથી શરૂ થતા હતા. તે વર્ગો ભરવા આ ડાક્ટર પુલમન આવતા હતા. એમની સાથેની વાતચીતમાં જ્યારે એમણે અમારાં બાળકો વિષે જાણ્યું ત્યારે તેમને બહુ નવાઈ લાગી. તેમના શબ્દોમાં કહું તો, 'ઓ, હો... તમારે ૨૩ અને ૬ વર્ષ વચ્ચેની ઉમરનાં ચાર બાળકો છે? મારે તો ૧૪ અને ૪ વર્ષ વચ્ચેની ઉમરનાં ૬ બાળકો હતાં, હવે પાંચ છે.' અહીં લગભગ દરેક નવું યુગલ મોટું કુટુમ્બ ઉછેરવા ઇચ્છે છે અને તેથી પરણીને ૧૦-૧૨ વર્ષમાં પાંચ છ બાળકો થાય એમ ઇચ્છે; છ એટલે એમને આપણી વ્યવસ્થા વિષે નવાઈ લાગે. પણ મને તો તેમનાં છમાંથી હવે પાંચ બાળકો છે તે વિષે નવાઈ લાગી. અહીં બાળ-મરણ નહિવત્ છે એટલે મેં પૂછ્યું તો તેમની કથની બહુ કરુણ નીકળી. તેમના જ શબ્દોમાં કહું: 'મારો સૌથી મોટો દીકરો ૧૪ વર્ષનો રેલવે અકસ્માતમાં ગુજરી ગયો. હજુ ગયા ઑગસ્ટમાં જ અકસ્માત થયો. મારે દવાખાનેથી મારો દીકરો તથા તેનો મિત્ર સાઈકલ ઉપર ઘેર જવા નીકળ્યા. વચ્ચે રેલવેના પાટા ઓળંગવાના આવે. અહીં પાટા ઉપર ફાટક હોતાં નથી. પાટા આગળ લાલ લાઇટ હોય અને ગાડી આવવાનો વખત થાય. ત્યારે લાઇટ ઝબૂક ઝબૂક થાય. એટલે વાહનો ધીમાં પડે અને ગાડી આવતી દેખાતી ન હોય તો પાટા ઓળંગી જાય. હવે એક પાટા ઉપર આવતી પૅસેન્જર ગાડી રસ્તા ઉપરથી કેવી રીતે દેખાય? લાલ લાઇટ ઝબૂક ઝબૂક થતી હતી. મારા દીકરાની સાઈકલ આગળની બે મોટરો પસાર થઇ ગઇ, મિત્ર પણ સાઈકલ ઉપર પસાર થઇ ગયો અને પાછળ જ આવતી મારા દીકરાની સાઈકલ ૬૫ માઈલની ઝડપે જતી ટ્રેનની હડફેટમાં આવી. મારો પુત્ર ૧૪૦ ફૂટ દૂર ફેંકાઇ ગયો...' આટલું કહેતાં તો તેમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમણે આગળ ચલાવ્યું: 'પેલી માલગાડીનો ડ્રાઈવર બાજુનાં કૉફી હાઉસમાં બેસીને નાસ્તો કરતો હતો. તેણે તરત જ માલગાડીને પાછળ હઠાવી લીધી જેથી તેનો દોષ ન દેખાય. પણ બાજુના બંગલાવાળાએ આ જોયું હતું, એટલે તેની જુબાનીથી સાચી વાત બહાર આવી...ખેર, કાયદો કાયદાનું કામ કરશે, પણ મને તથા મારાં પત્નીને કારી ઘા લાગ્યો છે તેનું શું? આવે પ્રસંગે ચિત્તને શાંતિ આપી શકે તેવું શું? રાજ્ય, પોલીસ, કાયદો, સમાજ બહુબહુ તો નુકસાનીના થોડા પૈસા અપાવી શકે, ફરી આવું ન થાય તે માટે નિયમો ઘડી શકે, ગાડીના ડ્રાઈવર કે માલગાડીના ડ્રાઈવરને સજા કરે. પરંતુ મને, મારાં પત્નીને, મારાં સગાંજુ બાળકોને જે ચિત્તવિક્ષોભ થયો, જે કારી ઘા લાગ્યો છે તેનું કાંઈ ઓસડ ખરું?' ૩૫ વર્ષની ઉમરના, ધરખમ પ્રૅક્ટિસ ધરાવતા, પોતાના વિજ્ઞાનમાં ઊંચામાં ઊંચી પદવી ધરાવતા ડાક્ટરના દિલનો આ વલોપાત હતો.

દુનિયાના કોઈ પણ ભાગમાં વસતા કોઈ પણ માનવીને સંસારચક્રની ઘટમાળમાં કેટલા યે એવા પ્રસંગો આવે છે જ્યારે તેને દુનિયાદારીની સઘળી આધિભૌતિક સગવડો નકામી જણાય છે અને ચિત્તશાંતિ માટે ભૌતિક દુનિયાથી પર એવી આધ્યાત્મિક વાત તરફ તેનું લક્ષ થાય છે. ડૉક્ટરે આગળ ચલાવ્યું: 'તમે તો હિન્દુ છો. મેં સાંભળ્યું છે કે હિન્દુ ધર્મના સિદ્ધાન્તો ઘણા ગૂઢ છે. આવા સંયોગોમાં ચિત્તશાંતિ અર્થે તમારો ધર્મ તમને શો રસ્તો બતાવે?'

આ ડાક્ટરે મને વિચાર કરતો કરી મૂક્યો. આપણો ધર્મ આમાં શો માર્ગ બતાવે? આમ તો આપણી વિચારસરણી એવી છે કે માનવી મૃત્યુ પછી બીજો અવતાર પામે છે. એટલે અત્યારે જે અવતાર આપણને મળ્યો છે તેની પહેલાં પણ એક અવતાર આપણો હતો. ત્યારે કોઇ કુકર્મ કર્યાં હોય તો તેનું ફળ આ ભવમાં ભોગવવું પડે. પણ આ વાત પેલા ડાક્ટરને ગળે ન ઊતરી. તે કહે: 'તેનો અર્થ તો એ થયો કે મારી ભૂલને કારણે મેં મારો પુત્ર ગુમાવ્યો છે. આ વાત મારું મન કોઈ રીતે સ્વીકારી શકે નહિ.' ગયા ભવમાં કરેલી ભૂલનું પરિણામ આ ભવમાં ભોગવવું પડે તે તેની સમજમાં ન ઊતરી શક્યું. એમ તો આપણા સમજુ વર્ગની સમજમાં પણ તે નથી ઊતરતું.

પછી મેં વાતમાં ને વાતમાં કહ્યુ કે અમે તો એમ માનીએ છીએ કે જેમ માનવીને માનવી માટે પ્રેમ હોય છે તેમ પ્રભુને પણ માનવી માટે પ્રેમ હોય છે. એવું કેમ ન બને કે પ્રભુને તમારો પુત્ર વહાલો લાગ્યો અને તેથી તમારા રક્ષણમાંથી તેને પોતાના રક્ષણમાં લઇ લીધો હોય? તમે તમારા બાળક પ્રત્યેની બધી ફરજ બજાવી છે; તમે તમારું કર્મ કર્યું છે. ઈશ્વરની ઇચ્છા પ્રમાણે તેનું ફળ આવે છે; તમે ધારો તેવું તેનું ફળ આવે એ તો ધારવું જ ખોટું. એ તો પ્રભુનું કાર્ય તમારા હાથમાં લેવા જેવું થાય. માટે જે પરિણામ આવ્યું છે તેનો અફસોસ

કેમ કરાય? ડૉક્ટર બોલી ઊઠ્યા: 'ખરેખર' આ વાત સાચી લાગે છે: મારો ધર્મ મારાં બાળકોનાં ઉછેર-સંભાળ કરવાનો અને તેમને પ્રેમ કરવાનો છે. મારા પુત્ર માટે મેં મારી એ ફરજ બજાવી છે. હવે અફસોસ કરીને મારાં બીજાં બાળકો પ્રત્યેની મારી ફરજ કેમ વિસરી શકું? મારી પત્ની મને જ્યારે પૂછતી કે હવે તમે બાળકોને એટલી જ લગનીથી ચાહી શકો છો ત્યારે હું હા તો પાડતો, પણ હવે મને ખબર પડી કે શા માટે હવે હું મારાં બાળકોને વધુ ચાહું છું.'

હિન્દુ ધર્મની તત્ત્વપ્રણાલિમાંનો તેમનો વિશ્વાસ દૃઢ થયો હશે એવો કાંઈક સંતોષ મને થયો.

લિ. કાકાના આશિષ

૧૨

૧૪ ફેબ્રુ. ૧૯૬૫

વહાલાં બાળકો,

ચરોતરના પટેલને કે સુરતના અનાવિલને જેમ 'ચાર દીકરીઓ છે' એ જાણીને ધ્રાસકો પડે એવો જ કાંઈક ધ્રાસકો મિસિસ બ્રોઝલેને પડ્યો. અમને તો બહુ નવાઈ લાગી. આપણો સામાન્ય ખયાલ એવો છે કે યુરોપ–અમેરિકામાં લગ્ન પ્રસંગે 'મોટાં ખર્ચ' થતા નથી, પહેરામણી કે પૈઠણ હોતાં નથી અને તેથી એ પૂરેપૂરો આનંદનો જ પ્રસંગ હશે. પણ સીએટલમાં અમે જ્યારે એક લગ્નપ્રસંગમાં હાજરી આપવાનું નક્કી કર્યું અને તેના અનુસંધાનમાં મિસિસ બ્રોઝલેને ખબર પડી કે મારે ચાર દીકરીઓ છે ત્યારે તેમનાથી બોલાઈ ગયું: 'Four daughters! God bless!!' પછી તે લગ્નમાં જે કોઈ મોટી ઉંમરનાં તેમનાં સંબંધી મળે તેમની સાથે અમારી ઓળખાણ કરાવતાં કરાવતાં આ હકીકત પણ કહેતાં જાય: 'They have four daughters, but they say marriage is not expensive there.'

આપણે ત્યાં જેમ લગ્નનું ખર્ચ મધ્યમ વર્ગને બોજા જેવું લાગે છે તેમ અહીં પણ છે. પરંતુ આપણે ત્યાં લગ્નના ખર્ચનો બોજ દીકરીના બાપને અને દીકરાના બાપને સરખો જ લાગે છે. (અમુક કોમમાં દીકરીના બાપને પૈઠણના રિવાજને કારણે ઘણો વધુ બોજ હોય છે). અહીં લગ્નપ્રસંગે વરના બાપ કરતાં કન્યાના બાપને ઘણું વધુ ખર્ચ સહન કરવું પડે છે. ખર્ચના પ્રકાર આપણા કરતાં તદ્દન જુદા છે.

લગ્નની તારીખ નક્કી થાય એટલે લગ્ન પહેલાંના એક માસમાં શાવર્સ(showers)શરૂ થાય. કન્યાનાં સગાંસંબંધીઓ કન્યાને શાવર્સ માટે આમંત્રે. આ શાવર્સ એટલે શું એ સમજવા માટે આપણે એક દાખલો લઈએ. ધારો કે આપણા કોઇ સંબંધીની પુત્રી દિવ્યાનું લગ્ન નક્કી થયું છે અને આપણે તેને શાવર આપવા માગીએ છીએ. તો આપણે રીતસરની આમંત્રણપત્રિકા કાઢીને આપણા મિત્રમંડળને જમવાનું આમંત્રણ આપીએ. સાથે લખીએ કે ચિ. દિવ્યાનો કિચન શાવર, કે ચાયના-શાવર, કે ફર્નિચર શાવર કે જ્યુએલરી-શાવર ઊજવવા માટે પધારજો. આ બધા શાવરના પ્રકાર છે. ધારો કે આપણે કિચન-શાવર માટે આમંત્રણ કાઢ્યું. તો તે દિવસે દિવ્યા પોતાની જાતે કોઈ પણ દુકાને જઈ રસોડામાં કામ આવે તેવી વસ્તુઓ પસંદ કરીને ખરીદી લે. તેનું બિલ આપણે ચૂકવવાનું. તે રાત્રે આપણે ત્યાં ભોજન-સમારંભ થાય. સમજુ કન્યા શાવર આપનારની સ્થિતિ જોઇને વસ્તુ પસંદ કરે. પરંતુ મિસિસ બ્રોઝલેની યાદમાં કેટલાયે પ્રસંગો હતા જેમાં શાવર માટે કરેલા ખર્ચને પાછળથી ૧૦ કે ૧૨ હપ્તે ભરપાઈ કરવાનો વારો આવે! આપણે ત્યાં સગાંસંબધીને ઘેર લગ્ન હોય ત્યારે એક કે બે રૂપિયા ચાંદલો આપવાનો રિવાજ છે અથવા નવા જમાનામાં શક્તિ અનુસાર ભેટ આપવાનો રિવાજ છે, ત્યારે અહીં સંબધીની દીકરી પરણે એટલે મધ્યમ વર્ગનાં બધાંને ફફડાટ થાય! સમાજના રિવાજ પ્રમાણે અને સમાજના આપણા સ્થાન પ્રમાણે શાવર તો આપવો પડે, પણ તેમાં શો ખર્ચ થશે તેનો આપણને જરા ય અંદાજ ન આવે. કન્યા કરે તે ખરચ!

લગ્નને આગલે દિવસે લગ્નનું રીહર્સલ થાય. આ વિધિપૂર્વકનો કાર્યક્રમ ગણાય છે. વર, ચાર અણવર, કન્યા, ચાર 'અણકન્યા', વરનાં મા-બાપ, ધર્મગુરુ તથા બને પક્ષનાં નજીકનાં સગાંસંબધી ભેગાં થાય. ચર્ચની અંદર લગ્નનો પૂરો કાર્યક્રમ ભજવાય. તે રાત્રે પીણું, નાસ્તો કે ભોજન વરના બાપને ખર્ચે. બસ, વરના બાપને આ એક જ ખર્ચ. બીજું લગ્નના દિવસે ફૂલનું ખર્ચ. બાકી બધું ખર્ચ કન્યાના બાપને માથે.

લગ્નનો મૂળ વિધિ એક કલાક ચાલે. ખાણીપીણી, નૃત્ય વગેરેના બે થી ચાર કલાક. આ બધા જ કાર્યક્રમનું ખર્ચ કન્યાના બાપને માથે; અને તેમાં કેટલા મહેમાન આવશે તેની તેને ખબર પણ ન હોય!

અહીં લગ્ન માબાપ ગોઠવતાં નથી એટલે બે પક્ષો એકબીજાના બહુ પરિચયમાં આવ્યા ન હોય. ઘણી વાર તો લગ્નના રીહર્સલને સમયે જ વર અને કન્યાનાં બાપ એકબીજાને પહેલી વાર મળતાં હોય છે. લગ્ન પ્રસંગે બન્ને પક્ષે કેટલાકને આમંત્રણ અપાયું છે તે બીજાને ઘણી વાર માહિતી ન પણ હોય. જે ચર્ચમાં લગ્ન થવાનું હોય તેના દરવાજા આગળ વર પક્ષનાં માણસો ઊભાં હોય. તમે તેમને કહો એટલે કન્યા પક્ષનાં માણસો સ્વાગત માટે ઊભાં હોય તે જગ્યા તમને બતાવે. બંને પક્ષનાં માણસોને બેસવાની અલાયદી વ્યવસ્થા.

વર, કન્યા, અણવરો તથા અણકન્યાઓએ લગ્નપ્રસંગે પહેરવાનાં ખાસ કપડાં આવે. મધ્યમ વર્ગનો માનવી સામાન્ય રીતે આ કપડાં ભાડે લઈ આવે. કન્યાનો સફેદ ડ્રેસ કાં તો તેની માએ લગ્ન માટે વાપરેલો હોય અથવા કોઈ પાડોશણનો ભાડે આણેલો હોય. સારી સ્થિતિનાં માણસો ડ્રેસ સિવડાવતાં પણ હોય છે.

લગ્ન પછીનું પીણું, નાસ્તો કે ભોજન કોઈ પોતાને ઘેર ગોઠવે, કોઈ હોટેલ કે કલબમાં ગોઠવે, પણ તેનું ખર્ચ ખૂબ જ થાય. અમેરિકામાં જે વસ્તુ યંત્રથી થાય તે ખૂબ સસ્તી, અને જ્યાં માણસની મદદની જરૂર પડે તે બધું ખૂબ જ મોંઘું. ખાવાપીવાની વસ્તુ કે જમવા બેસવાનાં ખુરશી-ટેબલ મોંઘાં ન પડે, પણ તે ગોઠવનાર, પીરસનાર, સાફ કરનાર બહુ મોંઘા પડે. સો-બસો માણસની વ્યવસ્થા પણ ઘરમાં ગોઠવવી હોય તો મુશ્કેલી પડે, એટલે કોઇ હોટેલ કે કલબનો આશરો લેવો પડે. અને પ્રમાણમાં તેનું ખર્ચ ઘણું જ આવે. આ સઘળું ખર્ચ કન્યાના બાપે ભોગવવાનું. અહીં મધ્યમ વર્ગના ચાર દીકરીના બાપની અરધી જિન્દગી બૅન્કની લોનના હપ્તા ભરવામાં જાય!

પણ અહીં એક મોટો ફેર છે. દીકરી કે દીકરો પરણ્યો એટલે મા-બાપની બાળક પ્રત્યેની આર્થિક જવાબદારી પૂરી થઈ. જેમ પંખીને પાંખ આવે એટલે તે સ્વતંત્ર અને તેની પંખી-માતપિતાને કોઈ ચિંતા નહિ, તેવું અહીં છે. પુત્ર કે પુત્રીને પરણાવ્યાં એટલે તે સમાજનું સ્વતંત્ર એકમ બન્યાં અને તેના ભરણપોષણનો બીજા ઉપર બોજ નહિ.

આપણા સમાજમાં તો લગ્ન પછી પણ ઘણા પ્રસંગોએ દીકરીનાં માબાપ ઉપર દીકરીનો આર્થિક બોજ થોડોઘણો રહે જ છે. આ મિસિસ બ્રોઝલે માટે નવી વાત હતી. પરંતુ એકલી આર્થિક દૃષ્ટિ નજર સમક્ષ ન રાખીએ તો આપણી વ્યવસ્થાની એક ઊજળી બાજુ પણ છે. આપણી વ્યવસ્થામાં આખી જિન્દગી પુત્ર-પુત્રી અને માબાપ વચ્ચે બાળક-માવતરનો સંબંધ રહે છે. અહીં અમુક ઉંમરે ફક્ત મિત્રતાનો જ સંબંધ રહે છે.

લિ. કાકાના આશિષ

શિશુનો આહાર

આહાર અને આરોગ્યનો ૭૦મો હપતો

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

નાના બાળક માટે ગાય અગર બકરીનું દૂધ પસંદગીયોગ્ય છે. શહેરમાં આની મુશ્કેલી હોવાથી ભેંશનું દૂધ વપરાય છે. ગાય અને ભેંશના દૂધનાં વધારે પ્રમાણનાં પ્રોટીન તથા ભેંશના દૂધની વધારે ચરબી શિશુને માફક નથી આવતી. તે પચવા સાથે બીજી મુશ્કેલી ચેપની છે. ત્રીજી મુશ્કેલી બાળકના એ દૂધ પ્રત્યેના આરંભના અણગમા વિરોધ ને અભાવની છે; જોકે તે આપવાનું ચાલુ રાખતાં પછી એ ખુશીથી લે છે.

દૂધમાત્રમાં સદા સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુઓ હોય છે. તેમની સંખ્યા વધતી ઘટતી રહે છે. ચોખ્ખાઈથી દોહેલું ને પાશ્ચરણીવાળું દૂધ વિશુદ્ધ છે, પણ એની લાંબી ક્રિયાઓમાં કોઈ ઠેકાણે ક્ષતિ થવાથી દૂધમાં પાછા જીવાણુઓ ભળે છે. માટે બાળકને દૂધ પાતાં અગાઉ એને અચૂક ગરમ કરવું જોઈએ. દૂધ માટેનાં વાસણો તેમજ માતાના હાથ પણ ગરમ પાણીથી ધોએલા સ્વચ્છ જોઈએ.

ચાર મહિના સુધીના બાળકના દૂધમાં પાણી ઉમેરવાની જરૂરત છે. પહેલા બે મહિના માટે દૂધ ને પાણી સરખા પ્રમાણમાં, ને ત્રીજા મહિને બે ભાગ દૂધમાં એક ભાગ પાણી રાખવાં. જન્મ કરતાં બાળકનું વજન બેવડું થાય ત્યારે કે તેની ચાર માસની ઉંમરે દૂધમાં પાણી ઉમેરવાની જરૂર નથી. છ માસની ઉંમરના બાળકને ભેંશનું નકરું દૂધ આપી શકાય. ભેંશના દૂધમાં ચરબી વધારે હોવાથી બાળકને ઝાડા થતા હોવાનું મનાય છે, પણ એ ઝાડા ચરબીથી નહિ પણ ચેપના લીધે થાય છે. છતાં ય જો ચરબીની બીક રહેતી હોય તો ગરમ કરેલા દૂધને વલોવવું. આથી દૂધની આઠ ટકા ચરબી ઘટીને ત્રણ ટકા થશે અગર તો ગરમ કરેલા દૂધને ઠંડું પડવા દેવું અને દૂધ ઉપર બાઝેલી તર કાઢી લેવી.

બહારનું દૂધ આપવું શરૂ કર્યું તો પછી તેનું પ્રમાણ પણ જાણવું જોઈશે. આ માટે ઉષ્માંક (કૅલરી)ની ગણતરી કરવાની છે. બાળકના એક રતલ વજન દીઠ રોજ પચાસ ઉષ્માંક જોઇએ. ગાયના એક ઔંસ દૂધનો ઉષ્માંક ૨૦ છે, તો ભેંશના દૂધનો ૩૦. બાર રતલ વજનના બાળકને રોજ ત્રીસ ઔંસ માતાનું કે ગાયનું દૂધ ને વીસ ઔંસ ભેંશનું દૂધ જોઈએ. જો બાળકને દિવસમાં છ વાર ધાવણ અપાતું હોય તો દરેક વખતે તે પાંચ ઔંસ ધાવણ લેતું હોવાનું માનવું. જો તેને ધાવણના બદલે એક વાર ગાયનું દૂધ આપવું હોય તો તે પાંચ ઔંસ જોઇએ અગર જો ભેંશનું દૂધ હોય તો સાડા ત્રણ ઔંસ દૂધમાં દોઢ ઔંસ પાણી ઉમેરી પાંચ ઔંસ પ્રમાણ બનાવવું. બાળકની છ માસની ઉંમર બાદ તે નકરું આપી શકાય એ આપણે આગળ જોઈ ગયા.

ગાય કે ભેંશનું દૂધ ધાવણ જેટલું મીઠું ન હોવાથી તેમાં ખાંડ (પાશેર દૂધે એક ચમચો) નાખવી; પણ તે જરૂરી છે એવું નથી. ખાંડના બદલે પતાસાં નાખવાનો રિવાજ પણ છે. કોક વળી ગ્લુકોઝ વાપરે છે, પણ આના વધુકા પ્રમાણથી બાળકને ચૂંક, પેટ ચડવું ને ઝાડાની તકલીફ થાય છે. બાળકને ઝાડા થતા હોય ત્યારે ખાંડ કે ગ્લુકોઝના બદલે ડેકસ્ટ્રી માલ્ટોઝ વાપરવું સારું છે. તંદુરસ્ત બાળકને ખાંડને બદલે એક વાર મધનું ગળપણ આપવા જેવું છે. તેનાથી તેને પુષ્ટિ મળે છે.

તાજા દૂધને બદલે દૂધના પાઉડરના કેટલાક ફાયદા છે. તે ચેપમુક્ત વિશુદ્ધ ને પચનીય છે. ચાર મહિનાની ઉંમર સુધી 'હ્યુમેનાઈઝડ મિલ્ક પાઉડર' અને ત્યાર બાદ 'ફુલ ક્રીમ મિલ્ક પાઉડર' આપવો. જુદીજુદી ઉંમરે તે આપવાનાં ને તેની મેળવણીનાં પ્રમાણ દૂધના ડબા ઉપર દર્શાવેલાં હોય છે. ગળપણ માટે તેમાં ખાંડ નાખવાની જરૂર નથી. મિલ્ક પાઉડરની ઘણી જાતો છે, પણ જ્યારે જોઇએ ત્યારે સહેલાઈથી મળે તે જ વાપરવાનું ખાસ ધ્યાનમાં રાખવું તાજું દૂધ સહેલાઈથી મળતું હોય તો પછી પાઉડરના ડબા વાપરવાની જરૂર નથી.

નવ માસ કે ત્યાં સુધી માત્ર ધાવણ ઉપર ઉછરતા બાળકને ધાવણ છોડાવતાં બે મુશ્કેલીઓ પડે છે. એક તો તેને યોગ્ય ને પૂરતું પોષણ મળતું નથી. અને બીજું. તેની ઇચ્છાશક્તિ વિકાસ પામી હોવાથી તેને આનંદ ને સંતોષ આપનારી બાબત છોડવા તે પુષ્કળ વિરોધ દર્શાવે છે. આ માટે બાળકને ચોથા કે પાંચમા મહિનાથી ધાવણ છોડાવવાની શરૂઆત કરવાની છે. આ સમયે જો બાળકને બહારનો ખોરાક આપવો શરૂ ન કર્યો હોય તો દસમાં મહિના પછી ધાવણ છોડાવવું માતા ને બાળક બન્નેને ભારે પડે છે. બાળકના હિતની ખાતર માતાએ કઠણ બનીને બાળકને એકએક ટંક ધવડાવવાનું છોડવાનું છે. કેટલાક તજ્જ્ઞોના કથન મુજબ બાળકની ઉંમરના બીજા મહિનાથી એક ટંક ચમચીપુર ફળના રસથી શરૂઆત કરવાની છે, જે મહિનાના અંતે એક ઔંસ જેટલો આપવો. પછી સૂપ આપવો; શાકાહારી માટે શાકનો સૂપ ને માંસાહારી માટે માંસ કે મચ્છીનો સૂપ. શરૂઆત પાતળા સૂપથી કરી ચાર મહિનાના અંતે જાડો આપવો. ને છ મહિનાના અંતમાં સૂપનું દ્રવ્ય વધારે મસળેલું રાખવું. પાંચ મહિનાના અંતમાં છૂંદેલાં કે બાફીને મસળેલાં ફળ સાંજના છ વાગ્યે એક વાર આપવાં. મુંબાઈના બાળરોગનિષ્ણાત ડૉ. કોહેલો બાળકને ત્રણ મહિનાની ઉંમરથી શુકધાન્યો આપવાની સલાહ આપે છે, જ્યારે હચિન્સન છ મહિનાની ઉંમરે. કારણ કે આ ઉંમર સુધી બાળકનાં આંતરડાંનાં સ્ટાર્ચ પચાવનારા પાચક રસ બરાબર કામ કરતા નથી. આપણે ત્યાં પણ બાળકની છ માસની ઉંમરે પ્રથમ વાર ખોરાક આપવાની અન્નપ્રાશન વિધિમાં દૂધમાં ચોળી નાખેલો ભાત આપવાનો એક જૂનો રિવાજ છે. ચોખા, ઘઉં, બાજરી ને મકાઇ એ ગુજરાતમાં વપરાતાં શુકધાન્યો છે. ચોખા રાંધીને અને બીજાં શુક ધાન્યોના લોટની બનાવટ દૂધમાં ભેળવીને દિવસમાં એક વાર આપવાથી બાળકને ખોરાકનો અનુભવ વધવા સાથે વેળાસર લોહ મળે છે. બાકી માત્ર દૂધ ઉપર ઉછરતાં બાળકોમાં લોહન્યૂન રક્તક્ષય સામાન્ય છે. બીજાં બે અગત્યનાં ખનિજ-દ્રવ્યો કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ દૂધમાંથી મળે છે.

બાળકની આઠ માસની ઉંમરે રોટલા ભાખરી કે બિસ્કિટનો ભૂકો દૂધમાં ભેળવી આપી શકાય. શાક ને ફળ તો આપવાં જ. સફરજન, ગાજર, ટોસ્ટ. બિસ્કિટ. ભાખરી ચાવવા આપવાં. ફળનો ગરભ કે રસ આપવો. લીંબુના રસમાં ખાંડ ને મીઠું નાખી આપી શકાય. પરવડે તો નારંગી કે મોસંબીનો રસ આપો. બારે માસ સસ્તાં ફળમાં પોપૈયાં ને કેળાં છે. ઋતુ ઋતુમાં મળતાં ફળોમાં કેરી, ચીકુ ને જામફળ છે. રાંધેલાં શાક શાકના રસમાં જ છૂંદી નાખી આપવાનાં છે. શાકમાં લીલોતરી શાકની ખાસ અગત્ય છે. સાત માસના અંતે બાળકને શાક, દૂધ શુકધાન્ય વગેરે બે ટંક આપવાનાં છે. માંસાહારમાં ઈંડાં, દૂધમાં બનાવેલું એગ ફલિપ, અરધું બાફેલું ઈંડું કે એગ-કસ્ટાર્ડ આપી શકાય. દૂધ ને ભાખરી સાથે કે ભાત ને દૂધ સાથે ઇંડાં પુડિંગના રૂપમાં અપાય. આમાં કેળાંનો સૂકો ભૂકો ઉમેરાય. બાળકને ખોરાક માફક આવવાનો પ્રશ્ન રહેતો નથી. ઝાડા થાય તો તે ચેપ કે એલર્જીના કારણે હોય છે અગર તો શરીરની રોગાવસ્થાને કારણે ખોરાક ન શોષાવાથી ઝાડા થાય છે. એ વખતે ખોરાક બંધ કરવા કરતાં દાક્તરની સલાહ લેવી

ધાવણ આપતી વખતે માતાને બહારથી વિટામિનો લેવાની સલામણ આપણે આગળ જોઈ ગયા. માતા જો આવી રીતે વિટામિનો ન લેતી હોય તો બાળકને એ ટીપાં રૂપે આપવાં હિતાવહ છે. ધાવણ કે માત્ર બહારના દૂધ ઉપર નભતા બાળકને દૂધમાં કમીના હોવાથી વિટામિન 'સી'નાં ટીપાં આપવાની ખાસ જરૂર છે.

એક વર્ષની ઉંમરે બાળકને ત્રણ ઘટ્ટ ખાદ્યો ને બે દૂધનો-પેયનો ખોરાક હોઈ શકે. આની વહેંચણી આમ રાખવી: સવારમાં દૂધ, દસ વાગ્યે દૂધ-ભાત કે ભાખરી-દૂધ ભાત કે ભાખરી-દૂધ. એક વાગ્યે શાક કે મચ્છીમાંસનો સૂપ, લચકો દાળ ને ઘી અથવા બાફેલાં શાકનો છૂંદો અને ખીચડી-દૂધ. ચાર વાગ્યે દૂધમાં છૂંદેલાં કેળાં કે ચીકુ ને દૂધ. સાત વાગ્યે દૂધ સાથે બિસ્કિટ કે ભાખરી અને રાતના એકલું દૂધ. શાક ને ફળમાંથી ખનિજ દ્રવ્યો ને વિટામિનો મળે છે. તદુપરાંત તેમનાં પાચક દ્રવ્યોથી દસ્ત સાફ આવે છે. બાકી એકલા દૂધ ઉપર નભતાં બાળકોને બંધકોશના સફેદ ઝાડા થાય છે. ઉપર દર્શાવેલા ખોરાકમાં વિવિધતા હોવાથી બાળકની સ્વાદવૃત્તિ કેળવાય છે.

બાળકને કંઈ બધો ખોરાક માફક આવતો નથી. એટલે તેને ખોરાક શરૂ કરવામાં ઘણી મુશ્કેલીઓ છે. ખોરાક આપવાની કે તેને બદલવાની બહુ ઉતાવળ ન કરવી. શરૂઆતમાં બાળક બહારનો ખોરાક સ્વીકારતું નથી. ઊલટીથી માંડી ચૂક ને ઝાડા થવાની સંભાવના છે. પણ યાદ રાખવાનું છે કે બાળક મોટું થતાં તે અગાઉની જેમ દૂધ પીતું નથી અને વળી તેને દૂધ ઉપરાંત બીજી બાબતોમાં રસ જાગે છે, એટલે થોડી ધીરજ રાખી ખોરાક આપવાનો ચાલુ રાખવાથી બાળકના અવરોધ ને બીજી મુશ્કેલીઓ દૂર થાય છે ને આરોગ્યભરી વૃદ્ધિ થાય છે.

ઉછરતી વયના બાળકના આહારની આયોજનામાં શરીર બાંધનારા ને રક્ષણાત્મક ખોરાકો પૂરતા પ્રમાણ હોવા બહુ જરૂરી છે. આ જળવાય એટલે બાળકની ભૂખ દ્વારા આપોઆપ શક્તિદાતા ખોરાકનું' પ્રમાણ જળવાશે. ભૂખ સંતોષાયા કરતાં વધારે બાળક ખાતું નથી. વળી, વધારે ખાવા કરતાં ઓછું ખાવું ખરાબ છે, બાળકની ભૂખ સંતોષાય એટલે કૅલરીની ગણતરી કરવાની જરૂર રહેતી નથી.

શરીરના બંધારણ માટે વનસ્પતિજ ખોરાકો કરતાં પ્રાણિજ ખોરાકો વધારે કીમતી છે. ઊગતી વયનાં બાળકો માટે દૂધ અતિ મૂલ્યવાન છે. તેમાં શરીર બાંધનારાં દ્રવ્યો ઉપરાંત કૅલ્શ્યમ ને વિટામિનો છે. માંસાહાર પામતા બાળકને રોજ સવા શેર દૂધ પૂરતું છે. એક વર્ષની ઉંમરના શાકાહારી બાળક માટે દોઢ શેર દૂધ ને ત્યાર બાદ છ વર્ષની ઉંમર સુધી રોજ સવા શેર દૂધ મળવું જોઇએ. જો આટલું દૂધ આપવું પરવડી ન શકે તો તેને શરીર બાંધનારાં દ્રવ્યો, ખનિજદ્રવ્યો ને વિટામિન-સમૃદ્ધ કઠોળ મગફળી, તાજાં શાક ને ફળો મળવાં જોઇએ.

બાળકોને વિટામિનો ઔષધરૂપમાં આપવા કરતાં ખાદ્યોમાં કુદરતી રૂપમાં મળે તે ઘણું સારું છે. લીલોતરી શાક, ગાજર, કેરી ને પોપૈયામાં વિ૦ 'એ' સારા પ્રમાણમાં છે. તાજાં ખાટાં ફળમાંથી વિ૦ 'સી' મળે છે. બેચાર ઔંસ લીંબુ, નારંગી, મોસંબી, આમળાં, ટમેટાંના રસમાંથી તેનું રોજિંદુ પ્રમાણ મળી રહે છે. બાળકને વહેલી સવારના ઉઘાડા શરીરે સૂર્યતાપમાં રાખવાથી, શરીરમાં વિ૦ 'ડી' ઉત્પન્ન થાય છે. દૂધ કઠોળ, મગફળી, માંસ ને ઇંડાંમાંથી 'બી' જૂથનાં વિટામિનો મળે છે. પણ જ્યાં સુધી બાળકના આહારમાં ખોરાકોની ઉપલી વિવિધતા ન હોય ત્યાં સુધી તેને બહારથી બધાં વિટામિનોનું સંમિશ્રણ પ્રવાહી રૂપમાં આપવું આવશ્યક છે. એકથી ત્રણ વર્ષના બાળકને ત્રણ ટંક ખોરાક સાથે સવારે ને સાંજે કાચુંકોરું ખાવાનું જોઇએ બે વર્ષની ઉંમર સુધી મોટા ચમચાપુર છૂંદેલું શાક બરાબર છે. પછીથી

લઘુકથા

ગતિભંગ

મોહનલાલ પટેલ

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને એની વહુ ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. પત્નીનો પાછળ પાછળ આવવાનો અણસાર મોળો પડી જતાં ડુંગરે પાછળ જોયું. પત્ની રસ્તા ઉપર નજર ફેરવતી ધીમી પડી રહી હતી. 'શું ખોળે છે?'

'કાંઈ નહિ' પત્નીએ જવાબ આપ્યો ને ઝડપથી પગ ઉપાડવા પ્રયત્ન કર્યો. થોડાં ડગલાં ચાલ્યા પછી વળી એનો વેગ મંદ પડી ગયો.

'આમ ગાંડાની માફક અડવડિયાં શું ખાય છે?' ડુંગર ગુસ્સે થયો: 'દિવસ આથમવા આવ્યો; આમ કર્યા કરીશ તો રસ્તામાં જ અંધારું થઈ જશે, કાં તો!'

પત્ની થોડાં ડગલાં આગળ ચાલી ખરી; પણ પછી તો એ બેસી પડી.

પાછો ફરીને ડુંગર પાસે આવ્યો: 'તેં આજ ધાર્યું છે શું? ગાડી ચૂકી જઈશું તો નહિ ઘરનાં કે નહિ ઘાટનાં એવી દશા થશે. રાત કાઢીશું ક્યાં?' પત્ની કશું જ બોલી નહિ. ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધૂળ ઉપર પસવારી રહી હતી. 'જોયું?' એ બોલી.

'શું? મને તો કંઈ દેખાતું નથી!'

પત્ની આંગળીનો છેડો છેક જમીન પાસે લઈ ગઈ એક ઘાટીલી પગલીની છાપ એ બતાવી રહી હતી: 'આપણી બબલીની જ પગલી જાણે! હું તો ક્યારની ય આ પગલીઓ જોયા જ કરતી આવું છું... બરોબર એ જ પગલું...આંગળાંની બોર જેવી જ છાપ...'

'ગાંડી, એવાં પગલાં તો ઘણાં ય હોય. લે ચાલ, મોડું થશે.' બાળકનાં પગલાંની છાપ જોઈ, મૃત સંતાનની હાલી ઊઠેલી સ્મૃતિથી ડગી ગએલી પત્ની પ્રત્યે સહાનુભૂતિનો બોલ પતિએ કાઢ્યો.

પત્ની બેસી જ રહી. એ બોલી: 'ખેતરે જતાં અને આવતાં આગળ આગળ દોડી જતી બબલીની પગલીઓ મારે હૈયે જડાઈ ગઈ છે. આ એ જ પગલી...' પગલીના બીબામાં પત્નીની નજર ઢળી હતી.

ડુંગર એક વાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો. અને પછી પોતાની નજર ગગનના કોઈ માર્ગ તરફ વાળી લીધી. બંને જણ સ્થિર થઈ ગયાં.

લાકડીના ટેકે ગગન તરફ મોં કરીને ઊભા રહી ગએલા પતિને જોઇને પત્ની સાવધ બની ગઈ. એણે કહ્યુ: 'લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ...ગાડી ચૂકી જઇશું.'

અને બંને જણે વળી બમણા વેગથી ચાલવા માંડયું.

છૂંદયા વગરનાં શાક બે ચમચાપુર જોઈએ. ફળો ને શાક જેવા રક્ષણાત્મક ખોરાક તથા રોજ સવા શેર દૂધથી શરીર બાંધનારા ને પેશીઓ મરામત કરનારા પૂરતા ખાદ્ય-પ્રાણો મળે છે. ત્રણથી છ વર્ષ દરમિયાન બાળકને રોજ ૧૦૦૦ થી ૧૩૦૦ ઉષ્માંક ખોરાક જોઈશે. આ ઉંમરે જોકે તેનો ખોરાક મોટી ઉંમરના લોકો જેવો હોઈ શકે, પણ તેની ઊગતી વય હોવાથી તેને શરીર બાંધનારા ને રક્ષણાત્મક ખોરાકો વધારે જોઈએ છે. માંસાહારી ખોરાકમાં શેરથી સવા શેર દૂધ ને બે ચાર ઔંસ માંસ-ખાદ્ય જોઇએ. અન્નાહારીને સવા શેરથી દોઢ શેર દૂધ મળવું જોઈએ. તે એકલું કે બીજાં ખાદ્યોની બનાવટમાં આપી શકાય.

દૂધની ઉપયોગિતા પ્રથમ કક્ષાનાં પ્રોટીનોને લીધે છે. જિંદગીનાં પહેલાં બે વર્ષ શરીરની ઝડપી વૃદ્ધિનાં છે. આવો બીજો ઝડપી વૃદ્ધિકાળ દસથી સોળની વયનો છે. દૂધમાંથી યોગ્ય જાતનાં પ્રોટીનો મળે છે. પ્રોટીન જેવી બીજી જરૂરત ચરબીની છે. પણ તે આવશ્યક ન લેખાય, કારણ કે ખોરાકના કાર્બોહાઇડ્રેટ ઘટકોમાંથી શરીર તેને બનાવી લે છે.




માધુકરી

પીળાં પર્ણો ફરી નથી થતાં કોઈ કાળે જ લીલાં,
ભાંગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઇ કાળે રસીલાં;
પામે વૃદ્ધિ ક્ષય પછી શશી, પ્રાણીનું એ ન ભાવી,
ના'વે એને ભરતી કદી, જ્યાં એકદા ઓટ આવી.


—રમણભાઈ નીલકંઠ

ગુરુનો ભ્રમણમાર્ગ

આકાશમાં ગુરુનાં નિરીક્ષણો ઉપરથી તેની આસપાસના તારાઓની સરખામણીમાં સૂર્યની આસપાસના તેના ભ્રમણમાર્ગની એક સળંગ કાલ્પનિક રેખા દોરીએ તો એ માર્ગરેખા માત્ર ગોળાકાર જ ન બનતાં આ નીચેની આકૃતિઓ મુજબની બનશે, એટલે કે નિરીક્ષણોમાં ગુરુ આગળ ખસતાં પહેલાં પાછો ખસતો જણાશે. હકીકતે તો ગુરુ પણ પૃથ્વીની પેઠે એક જ દિશામાં એકધારો ચાલ્યો જાય છે, પણ પૃથ્વીના પોતાના ભ્રમણને કારણે પૃથ્વી ઉપરથી આપણને ગુરુના ભ્રમણમાર્ગનો આવો ભ્રમ થાય છે. નીચેની આકૃતિ જોતાં આપણને એનું કારણ સમજાશે. એમાં દર્શાવ્યા પ્રમાણે સૂર્ય, પૃથ્વી (પ-૧) અને ગુરુ (ગ) એક સીધી રેખામાં આવે ત્યારે ગુરુ (ગ) પૃથ્વીની વધુમાં વધુ નજીક અને પૃથ્વીની બરાબર સામે હોય છે. ત્યારે એની આસપાસના તારાઓ વચ્ચે એ અ-૧ને સ્થાને દેખાશે. પણ પોતાના માર્ગે આગળ વધતી પૃથ્વી પ-રના સ્થાને પહોંચે ત્યારે ત્યાંથી જોતાં ગુરુ (ગ) અ-રના સ્થાને દેખાશે. હજી પણ આગળ જતી પૃથ્વી પ ૩ના સ્થાને પહોંચે ત્યારે ત્યાંથી જોતાં ગુરુ (ગ) અ-૩ના સ્થાને દેખાશે. હકીકતે તો ગુરુ પોતાની ભ્રમણકક્ષામાં સીધો આગળ (ગ-૧ તરફ) જઈ રહ્યો હોય છે. પણ પોતાના ભ્રમણને કારણે પૃથ્વીના થએલા સ્થાનફેરથી આપણને ગુરુનો ભ્રમણમાર્ગ જુદી રીતે જતો લાગે છે. એટલે કે અ-૧ના સ્થાનેથી અ-૩ તરફ જતાં પહેલાં એ અ-૨ તરફ પાછો ખસેલો લાગે છે. વળી, ગુરુની ભ્રમણકક્ષા પૃથ્વીની ભ્રમણકક્ષાની સમ-સપાટીએ નથી એટલો એનો માર્ગ આકૃતિમાં બતાવ્યા મુજબ ગાળિયા લેતો લાગે છે. માત્ર ગુરુ જ નહિ પણ બધા ગ્રહોના ભ્રમણમાર્ગ આ જ રીતે નાનામોટા ગાળિયા લેતા જણાય છે. ગ્રહ પૃથ્વીથી જેમ વધુ દૂર તેમ તેના ગાળિયા વધુ નાના. પૃથ્વીના ભ્રમણમાર્ગની અંદરના ગ્રહો પરથી જોઇએ તો ત્યાંથી પૃથ્વીનો ભ્રમણમાર્ગ પણ આવો જ ગાળિયાવાળો દેખાય. આ સાથેની આકૃતિમાં કેટલાક ગ્રહોની આવી માર્ગરેખાની આકૃતિઓ દર્શાવી છે. મિથુન રાશી તરફ જતા ગુરુને નીરખવામાં હવે વધુ રસ પડશે.




પૃથ્વી પરથી દેખાતો ગુરુનો સ્થાનફેર



બુધ શુક્ર મંગળ ગુરુ શનિ

પૃથ્વી પરથી દેખાતા કેટલાક ગ્રહોના ભ્રમણમાર્ગની આકૃતિઓ

તારા-પરિચય-૩



જો તમે રોજ અમુક એક જ સમયે તારાઓ જોતા હશો તો જણાશે કે મૃગમંડળ હવે પશ્ચિમ તરફ વહેલું ઢળી જાય છે. આપણે અહીં નવથી બારના ગાળામાં મધ્યાકાશમાં દેખાતા તારાઓની જ ઓળખાણ હાલ કરીએ છીએ. ઉત્તર દક્ષિણના તારાઓ આપણે પછી જોઈશું.

આકાશગંગાની પાર આર્દ્રાની સામે પૂર્વમાં એક ચળકતો તારો છે અને એની નજીકમાં જ ઉત્તર તરફ એક બીજો તારો પણ છે. બે તારાનું આ યુગલ તુરત પકડી શકાય તેવું છે. એ છે શુની(મંડળ). એમાંનો વધુ ચળકતો તારો તે 'પ્રભાસ' (Procyon). એ યુગ્મ-તારો છે. પેલો બીજો તારો તે શુની. શુની એટલે શ્વાનિકા–કૂતરી. અને વ્યાધ જેમાં છે એ તારામંડળનું નામ છે 'શ્વાન'.

પણ ખરું યુગલ તો છે શુનીમંડળની ઉત્તરમાં લગભગ એની પેઠે જ ગોઠવાએલા બે બીજા તારાનું યુગલ. લગભગ સરખા ચળકાટવાળા દેખાતા એ બે તારામાં દક્ષિણ તરફનો તારો વધુ તેજસ્વી છે. એ છે 'પુરુષ' (Pollux) અને પેલો એની જોડનો તારો તે 'પ્રકૃતિ' (Castor). આ બંને તારા પુનર્વસુ નક્ષત્રમાં છે. 'પુરુષ' અને 'પ્રકૃતિ'ને મસ્તક કલ્પી નજર નીચી ઉતારશો તો એમની જોડી પૂર્ણ થતી જણાશે. નકશામાં દર્શાવેલું એ તારામંડળ તે 'મિથુન' (Gemini) રાશિ છે.

ગુરુને તો હવે ઓળખો જ છો. એની બાજુમાં ઉત્તર તરફ એક ચળકતો તારો છે. એ 'અગ્નિ' (Nath) છે. ત્યાંથી પૂર્વ-પશ્ચિમ ફંટાઇને ઉત્તર તરફ જતું 'બ્રહ્મમંડળ' (Auriga) નામે તારામંડળ રચાય છે. એમાં ઉત્તર તરફ પીળાશ પડતો ચળકતો તારો 'બ્રહ્મહૃદય' (Capella) આ મંડળનો મુખ્ય તારો છે. તેજસ્વીતામાં એ આકાશમાં છઠ્ઠે નંબરે આવે છે. આપણાથી તે ૪૨ પ્રકાશવર્ષ દૂર છે.

બે પ્રતિભાવાન ગુજરાતી ઉદ્યોગ–અગ્રણીઓ

મનુષ્યની પ્રતિભાનો ઉન્મેષ કેવળ સાહિત્ય કે રાજકારણના ક્ષેત્રમાં જ પ્રગટે છે એવું નથી. સાચી પ્રતિભા કોઇ પણ ક્ષેત્રમાં એક સરખી ઉજ્જ્વળ રીતે પ્રકટી ઊઠે છે. કલકત્તાની વિખ્યાત જીવણલાલ (૧૯૨૯) લિમિટેડના મૅનેજિંગ ડિરેક્ટર રા. બ. હીમચંદ કે. શાહ અને વડોદરાનાં વિખ્યાત ઍલેમ્બિક કારખાનાંઓના સર્વાધ્યક્ષ શ્રી રમણભાઈ બી. અમીનની પ્રતિભાઓ આ જ રીતે ઉદ્યોગના ક્ષેત્રે પ્રકટેલી છે.

રાયબહાદુર હીમચંદભાઈ કે. શાહ

કલકત્તાની વિખ્યાત પેઢી જીવણલાલ (૧૯૨૯) લિમિટેડના મૅનેજિંગ ડિરેક્ટર અને ભારતના ઍલ્યુમિનિયમ-ઉદ્યોગના અગ્રણી મહારથી સજ્જન શ્રી હીમચંદભાઈ શાહનું ગઈ ૭મી ફેબ્રુઆરીએ વડોદરામાં અવસાન થતાં દેશને એક લોકહિતચિંતક ઉદ્યોગપતિની ખોટ પડી છે.



ભડકડ નામે ગુજરાતના નાના ગામમાં એમનો જન્મ. આરંભનું શિક્ષણ ત્યાં જ લઈ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં જોડાયા, પણ ૧૯૨૦ની રાષ્ટ્રીય ચળવળ ઊપડતાં એ છોડી ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા.

એમની ઇચ્છા તો હતી ગુજરાતમાં એક સારી શિક્ષણસંસ્થા સ્થાપી તેના દ્વારા ગ્રામવાસીઓને શિક્ષણ વડે ઊંચા લાવવાની; પણ એવામાં એમના ગામમાં એક આગમાં કેટલાંક ઘર તારાજ થઈ ગયાં. એમને સહાય આપવા એમણે આસપાસનાં કેટલાંક અગ્રગણ્ય સુખી કુટુંબો પાસે ટેલ નાખી, તેમાં ઉત્તર બહુ નિરાશાજનક મળ્યો. એટલે એમણે ગાંઠ વાળી કે ખાલી હાથે લોકસેવા થવી અશક્ય છે, અને તે જ ઘડીએ લોકહિતાર્થે ધન કમાવાનો એમણે સંકલ્પ કર્યો.

ગ્રૅજ્યુએટ થઈ તેઓ જીવણલાલ કંપનીમાં જોડાયા. ઍલ્યુમિનિયમનાં વાસણો બનાવનારી કલકત્તાની એ વિખ્યાત પેઢીનો વેપાર ઈ. ૧૯૨૯માં કૅનેડિયન વહીવટ સાથે જોડાયો. એમાં હીમચંદભાઈએ ટૂંક સમયમાં જ પોતાની કાર્યશક્તિનો જે પરિચય આપ્યો તેથી નવા વહીવટદારો એટલા તો પ્રભાવિત થયા કે એમણે મદ્રાસમાં કંપનીની શાખા સ્થાપવાની મોટી જવાબદારી એમને સોંપી. એ તકને ઝડપી લઈ એમણે પોતાના કુશળ વહીવટથી મદ્રાસ શાખાને કંપનીની બીજી બધી શાખાઓમાં મોખરે લાવી મૂકી. પોતાની વેપારી ચોંપ, વહીવટી દક્ષતા, તીવ્ર બુદ્ધિ ને અદમ્ય ઉત્સાહથી એમણે વિદેશી વહીવટદારોનો ઊંડો વિશ્વાસ અને માન મેળવી લીધાં. પરિણામે, ૧૯૪૦માં તો કંપનીનો બધો જ વહીવટ એમને સોંપાયો. બીજા વિશ્વયુદ્ધના એ કાળમાં સ્થાનિક ઉત્પાદનની અછત અને ઍલ્યુમિનિયમની આયાત પરના પ્રતિબંધો જેવી કટોકટીમાં યે એમણે સફળ કારભાર ચલાવ્યો.

૧૯૫૧માં વિદેશીઓ ખસી ગયા પછી એમના નેતૃત્વ તળે કંપની એટલી ઝડપથી વિકસી કે આજે દુનિયાભરમાં એક જ એકમ રૂપે ઍલ્યુમિનિયમનાં વાસણો બનાવનાર મોટામાં મોટી સંસ્થા એ છે, એટલું જ નહિ. પણ હજી વધુ વિકાસ સાધી શકે એવી સદ્ધર સ્થિતિએ તે છે. એ ઉદ્યોગ સાથેના એમના દીર્ઘ અનુભવથી તેના અટપટા પ્રશ્નો વિષેની એમના જેટલી સૂઝ ને જ્ઞાન ધરાવનાર આ દેશમાં ગણ્યાગાંઠ્યા હશે.

ઉદ્યોગક્ષેત્રમાં તેઓ જેમ અગ્રણી હતા તેમ મળતાવડા અને ઉદાર સ્વભાવથી તેઓ સમાજમાં પણ પ્રિય થઈ પડ્યા હતા. કલકત્તામાં એમના જ પ્રયત્નથી સાડા ત્રણ લાખથી યે વધુ ખર્ચે એક ઉત્તમ બાલસંસ્થા સ્થપાઈ છે અને જરૂરિયાતવાળા અનેક મેધાવી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ પણ અપાતી રહી છે.

શ્રી રમણભાઈ બી. અમીન

સમસ્ત ભારતદેશનાં વિવિધ વેપારી મહામંડળોના બૃહદ સંઘના પ્રમુખસ્થાને પહોંચવું એ અસાધારણ શક્તિ માગી લે છે. 'ફેડરેશન ઑવ ધી ઈન્ડિયન ચૅમ્બર્સ ઑવ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ FICCI)' જેવી વિખ્યાત સંસ્થાના ઇ. ૧૯૬૬–'૬૭ના વર્ષ માટે પ્રમુખપદે વરાએલા વડોદરાના અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી રમણભાઈ અમીન ગુજરાતની એવી પ્રતિભાશાળી વ્યક્તિ છે.



વડોદરાના વિખ્યાત ઍલેમ્બિક કેમિકલ વર્કસના સ્થાપક રાજમિત્ર ભાઈલાલભાઈ ડી. અમીનના એ પુત્રે જર્મનીમાં મિકૅનિકલ એન્જિનીઅરિંગનો અભ્યાસ કરી આવી પિતાના ઊગતા ઉદ્યોગની ધુરા પોતાના જુવાન ખભા ઉપર ઉઠાવ્યા પછી જે વિશાળ પાયા ઉપર આજે એને પહોંચાડયો છે તે આશ્ચર્યચકિત કરે એવું છે. બીજી બાજુ જ્યોતિ લિમિટેડ નામે યંત્રઉદ્યોગની સ્થાપના કરી એમણે પંપ, કાગળ કાપવાનાં યંત્રો, રાસાયણિક ઉદ્યોગમાં ઉપયોગી યંત્રસામગ્રીઓ અને વીજળીની મોટરો તથા ગીઅર સ્વિચો વગેરે બનાવવાનો આરંભ કરીને એ વિસ્તારમાં પિતાની પેઠે એક બીજો નવો ઉદ્યોગ પણ ધીકતો કર્યો. આજે 'જ્યોતિ' વરસે ૩ કરોડથી યે વધુ કિંમતનું ઉત્પાદન કરે છે.

ઍલેમ્બિકમાં એમણે કોઇપણ પરદેશી કંપની સાથે સંયુક્ત સાહસ કર્યા વિના કેટલીક વિશિષ્ટતાઓ દાખલ કરી. તે ઉપરાંત દીર્ઘદૃષ્ટિ વાપરીને 'ઍલેમ્બિક ગ્લાસ વર્ક્સ' ઊભું કરીને એમણે એ ઉદ્યોગમાં પણ ઊંચું સ્થાન મેળવ્યું છે. આજે ટોચે પહોંચેલા એ બંને ઉદ્યોગોનાં સંઘટન, આધુનિકકરણ ને વિસ્તરણમાં રમણભાઇનો પુરુષાર્થ જ રહેલો છે. ફાર્મસી, ડિસ્ટિલરી અને એગ્રોકેમિકલ વિભાગો સાથે ફાર્મેકૉલૉજિકલ, માઇક્રોબાયોલૉજિકલ ને છેલ્લે વાઇરસ લૅબોરેટરીઓથી સુસજ્જ ઍલેમ્બિક સંસ્થા આજે સંપૂર્ણપણે ભારતીય એવો ઍન્ટિબાયોટિક પ્લાન્ટ પણ ધરાવે છે; તેમ ઍલેમ્બિક ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝમાં કાચની તમામ ચીજો પૂર્ણપણે સ્વયંસંચાલિત યંત્રોથી બને છે એટલું જ નહિ, ત્યાં કાચ ઉપર થતી છપાઈ એ તો ભારતભરમાં એની એક આગવી વિશિષ્ટતા છે. એ 'ઍલેમ્બિક કેમિકલ વર્ક્સ' અને 'ઍલેમ્બિક ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ' બંને સાથે મળીને વરસે નવ કરોડથી યે વધુ કિંમતનું ઉત્પાદન કરે છે, અને આશરે ૪૪૦૦ માણસોને પોષે છે.

તાલીમનો ઓપ પામેલી રમણભાઈની વ્યવહારુ બુદ્ધિ ગૂંચવાડાભરેલા વિચારો કે બિનજરૂરી વિલંબને સહી શકતી નથી તેમજ ધંધાકીય વિગતોમાં ઊંડા ઊતરવામાં જરા યે કંટાળતી નથી. ધંધા ઉપરાંત વિવિધ વાચન, ફિલસૂફી, શિક્ષણ અને શહેરી જીવનના પ્રશ્નોમાં પણ એમને ઊંડો રસ છે. અનેક વ્યાપારી સંસ્થાઓ સાથે સંકળાએલા હોઈ તેઓ અનેક સ્થળે પ્રમુખ અધ્યક્ષ, ડિરેક્ટર કે કાર્યવાહક સમિતિઓના સક્રિય સભ્ય તરીકેની જવાબદારીઓ સંભાળે છે.

વહાણડૂબ વહાણ

હોન્શુ, ક્યુશુ. શિકોકુ અન હોકાઇડો એ ચાર મુખ્ય ટાપુઓ ઉપરાંત લગભગ ૨૦૦૦થી યે વધારે નાનાનાના બેટડાઓમાં વિસ્તરેલા જાપાનમાં હોન્શુ અને ક્યુશુ એ બે ટાપુઓ જ એની વચ્ચેના દરિયાની નીચેથી એક ટનલ દ્વારા જોડાએલા છે. બાકીના બધા ટાપુઓ પર આવનજાવન માટે વહાણ-હોડી વપરાય છે અને એટલે ત્યાં વર્ષોથી તેની સલામતી માટે સંશોધનો ને અભ્યાસ થતો રહ્યો છે.

હમણાં 'શાનુકી મારૂ' નામે એક જહાજને જાપાને 'વણડૂબ વહાણ' બનાવ્યું. એની રચના એવી છે કે એ જહાજના પેટાળને અગિયાર વિભાગોમાં વહેંચી નાખેલું છે. વચ્ચેની દીવાલને લીધે એક બીજાથી અલગ પડી જતા આ વિભાગોમાં અકસ્માત એકબેમાં કાણું પડે તો એ દ્વારા જહાજમાં ધૂસી આવેલા પાણીને લીધે વહાણ ડૂબી ન જાય. કેમ કે પાણી એ એક વિભાગ પૂરતા વિસ્તારમાં જ ભરાઈ શકે. આમાં એક ભય એ હતો કે એ પાણીના એક તરફના વજનથી કદાચ જહાજ ઊંધું વળી જાય.

એ ભય ટાળવા પોલીયુરેથીન નામે એક એવા પદાર્થનો એમણે ઉપયોગ કર્યો છે કે જે, વહાણના પડખામાં કાણું પડે તોયે દરિયાના પાણીને તે વાટે જહાજમાં પેસવા ન દે. હવે પછી બનતા બધા જાપાનિઝ વહાણોમાં આ પદ્ધતિનો ઉપયોગ થશે.

ટાઈમ્સ ઑવ ઇંડિયામાં આ સમાચાર છપાયા પછી તેના તંત્રી પર આવેલો એક પત્ર પણ રસપ્રદ છે. તેમાં લખ્યું છે કે—

'...પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન શ્રી દિનશા બલસારા અને મેં વણડૂબ વહાણની એક યોજના વિચારેલી. સ્વ. શ્રી એચ. ડી. પદમજીએ એમાં આર્થિક ટેકો આપેલો. અમારી એ શોધ માટે અમને હિંદ સરકાર અને અન્ય દેશોનું પેટન્ટ પણ મળેલું. આપના પત્રમાં વર્ણવ્યા પ્રમાણેની રચના જ અમે વિચારેલી અને એ મુજબ જહાજના એક નાના નમૂનામાં વિભાગો રાખી એની કામગીરી ઈ. ૧૯૧૮-માં નૌકાદળના અને સૈન્યના અમલદારો પાસે પ્રદર્શિત કરેલી. એ નમૂનાના જહાજમાં તળિયે અનેક કાણાં પાડયા છતાં અને કેટલાક વિભાગોમાં પાણી ભરી દીધા પછી યે એ જહાજ ડૂબ્યું નહોતું.

જાપાનની સરકાર એ શોધ માટે અમને તેર લાખ રૂપિયા આપવા તૈયાર થઈ હતી, પણ એ પેટન્ટ મળ્યું ત્યારે યુદ્ધકાળ હતો અને અમે અંગ્રેજ સરકારના પ્રજાજન હતા એટલે સરકારે અમને એ શોધ વેચતા અટકાવેલા. આજ આટલાં વર્ષો પછી અમારી એ મહેનતનું ફળ તાદશ થતું જોવાનો સંતોષ માત્ર અમને છે.' —કૅપ્ટન પી. એમ. મહેતા

કેટલાક નવા સિક્કા

બર્મ્યુડાએ ચાંદીના ક્રાઉન બહાર પાડયા છે. લંડનની શાહી ટંકશાળમાં તૈયાર થએલા એ કુલ ૫,૦૦,૦૦૦ સિક્કા પર એક તરફ રાણી એલિઝાબેથ બીજાની છબિ અને પાછળ સિંહે ટેકવેલી બર્મ્યુડાની ઢાલ-સંજ્ઞા છે. સાથે ૧૯૬૪ની સાલના ઉલ્લેખ સાથે Quo Fata Forunt એટલે કે 'જ્યાં અમને ભાગ્ય દોરી જાય' એવું સૂત્ર લખેલું છે.

પનામાએ પોતાના પ્રથમ સુવર્ણ-સિક્કા બહાર પાડયા છે. ૧૦ બાલ્બોઆનો એ સિક્કો ૧૦ અમેરિકન ડૉલર બરાબરનો છે અને બર્નેમાં સ્વિસ ફેડરલ મિન્ટમાં તૈયાર થયા છે. પનામાના એક રેડ ઇન્ડિયન વીરના નામ પરથી 'યુરેકા'ના નામે આ ઓળખાય છે.

'ન્યાસાલૅન્ડ પ્રૅાટેક્ટરેટ 'મલાવી'ના નામે આફ્રિકાનું નવું સ્વતંત્ર રાજ્ય બન્યા પછી હમણાં એણે પોતાના છ પેન્સ, શિલિંગ, ફ્લોરિન ને અરધા ક્રાઉનના સિક્કા બહાર પાડયા છે. ચારે નિકલ અને ચાંદીની મિશ્ર ધાતુના છે અને ગ્રેટ બ્રિટનની શાહી ટંકશાળમાં તૈયાર થયા છે. એના પર ત્યાંના વડા પ્રધાન ડૉ. હેસ્ટિંગ્સ બ્રાન્ડાની છબિ છે.

આર્જેન્ટિનાના બ્યુએનો આરીસની ટંકશાળમાંથી પાંચ પેસોના નવા સિક્કા બહાર પડયા છે એના પર 'ફ્રિગેટા સારમીએન્ટો' નામક યુદ્ધજહાજનું આલેખન છે.

પેરૂની લિમા ટંકશાળમાંથી ½ લિબ્રા, ¼ લિબ્રા અને એક લિબ્રાના સોનાના સિક્કાઓ બહાર પડયા છે. ૧૯૬૪ની સાલની છાપવાળા આ સિક્કા સંગ્રાહકોને પ્રાપ્ય છે ખરા, પણ પેરૂની સરકાર તેને સામાન્ય વહેવારમાં મૂકવાની નથી. એના પર 'ન્યાય'નું ચિત્રણ છે.

ફ્રાંસે પણ દસ ફ્રાંકના ચાંદીના સિક્કા બહાર પાડયા છે. 'સ્વતંત્રતા' અને 'સમાનતા શબ્દો'ની વચ્ચે તેના પર હર્ક્યુલસનું ચિત્ર છે. અને આસપાસ Libertè Equlitè, Fraternitè એ શબ્દો છે. પાછલી બાજુએ પુષ્પમાળા વચ્ચે સિક્કાની કિંમત અને ૧૯૬૪ની સાલ તથા તેની આસપાસ Rèpublique Francaisè લખેલું છે.

નવી શોધો

❙ વિમાન ચલાવી શકે, દરિયામાં એકલે હાથે જહાજ ચલાવી શકે અથવા ભૂગર્ભ-તેલ શુદ્ધ કરવાના કારખાનાનું નિયંત્રણ કરી શકે તેવું નાનું ગણતરી યંત્ર ફેરાન્ટા લિ. નામની બ્રિટિશ પેઢીએ બનાવ્યું છે.

❙ ઇંગ્લંડમાં છાપાંના કાર્યાલયો અને સમાચાર સંસ્થાઓને સંદેશાઓની પેઠે તાર દ્વારા સ્વયંસંચાલિત રીતે છબિઓ પણ મેળવવાનું યંત્ર બનાવ્યું છે. જેમાં એક જ રોલમાંથી ઉચ્ચ પ્રકારની ૪૫૦ છબિ નીકળી શકે છે.

ઋતુઓ	રાશિ	ચોક્કસ પશ્ચિમી સમય	તેને મળતા માસ		અનુકૂળ ક્ષારો
૧. ગ્રીષ્મ	મેષ	૨૧ માર્ચથી ૨૧ એપ્રિલ	ચૈત્ર	(લગભગ)	પોટાશ-ફૉસ્ફેટ
	વરખ	૨૧ એપ્રિલથી ૨૧ મે	વૈશાખ	,,	સોડા-સલ્ફેટ
૨. વર્ષા	મિથુન	૨૧ મેથી ૨૧ જૂન	જેઠ	,,	પોટાશ-ક્લૉરાઈડ
	કર્ક	૨૧ જૂનથી ૨૨ જુલાઈ	અષાડ	,,	કૅલ્સ્યમ ફૉસ્ફેટ
૩. શરદ	સિંહ	૨૨ જુલાઇથી ૨૩ ઑગસ્ટ	શ્રાવણ	,,	મેગ્નેશિયા ફૉસ્ફેટ
	કન્યા	૨૩ ઑગસ્ટથી ૨૩ સપ્ટેંબર	ભાદરવો	,,	પોટાશ-સલ્ફેટ
૪. હેમંત	તુલા	૨૩ સપ્ટેંબરથી ૨૩ ઑક્ટોબર	આસો	,,	સોડા-ફૉસ્ફેટ
	વૃશ્ચિક	૨૩ ઑક્ટોબરથી ૨૨ નવેંબર	કાર્તિક	,,	કૅલ્સ્યમ-સલ્ફેટ
૫. શિશિર	ધન	૨૨ નવેંબરથી ૨૧ ડિસેંબર	માર્ગશીર્ષ	,,	સિલિકમ-(ફ્લિન્ટ)
	મકર	૨૧ ડિસેંબરથી ૨૧ જાન્યુઆરી	પોષ	,,	કૅલ્સ્યમ-ફૉસ્ફેટ
૬. વસંત	કુંભ	૨૧ જાન્યુઆરીથી ૨૦ ફેબ્રુઆરી	મહા	,,	સૉડિયમ-ક્લૉરાઇડ
	મીન	૨૦ ફેબ્રુઆરીથી ૨૧ માર્ચ	ફાગણ	,,	ફેરમ-ફૉસ્ફેટ

એપ્રિલ ફૂલની ઉત્પત્તિ

તમને જાણીને સાનંદાશ્ચર્ય થશે કે આજે આપણે 'એપ્રિલ ફૂલ' નામે જાણીતા થએલા પર્વની ૨૦૮મી જયંતી ઊજવીએ છીએ. આજથી બરાબર ૨૦૮ વર્ષ પૂર્વે, એટલે ઈ. ૧૭૫૮માં આ પર્વનો જન્મ ઇંગ્લંડના એક પરગણાની નાનકડી શાળામાં થયો હતો. ફ્રાંસમાં તે 'એપ્રિલ ફિશ' અને સ્કૉટલૅન્ડમાં 'એપ્રિલ ગૉક' કહેવાય છે.

દરેક પર્વની પાછળ કોઈ ને કોઇ કથા રહેલી હોય છે—પછી તે હોળી હોય કે દિવાળી, શિવરાત્રિ હોય કે રામનવમી. એ જ રીતે 'એપ્રિલ ફૂલ'ના પર્વ પાછળ પણ એક રમૂજી કથા રહેલી છે.

ભૌગોલિક રીતે જુદાજુદા દેશ પરિસ્થિતિ અને વાતાવરણમાં રહેતા હોવા છતાં માનવીઓનાં મન, હૃદય અને વૃત્તિઓમાં ઘણું સરખાપણું હોય છે; અને એમાં ય બાળકોમાં તો સવિશેષ. ભલે પછી તે રશિયાનાં હોય કે ફ્રાન્સનાં, મધ્યપ્રદેશનાં હોય કે આપણી શાળાનાં.

૧૭૫૮ના માર્ચની વીસમી તારીખે એ શાળાનો આલ્ફ્રેડ નામનો ભલોભોળો, વિદ્યાર્થીપ્રિય શિક્ષક પોતાના વર્ગમાં ગયો ત્યારે એનાં બાળકોએ એના પર આગામી પરીક્ષાના પ્રશ્નપત્રો વિષે પ્રશ્નોની ઝડી વરસાવી. પેપરની પદ્ધતિ અગત્યના પ્રશ્નો અને પ્રશ્નોના ગુણાંક વિષે અનેક પ્રશ્નો એને પૂછ્યા. આલ્ફ્રેડ શરૂઆતમાં તો મૂગો જ રહ્યો. એક આદર્શ શિક્ષક હોવાથી પોતે પૂછેલા પ્રશ્નો વિષે કશું જ કહેવા એ તૈયાર નહોતો, પણ જ્યારે પ્રશ્નો પૂછનાર વિદ્યાર્થીઓમાં એણે પોતાના પટ્ટ—અને 'પેટ'—શિષ્ય પીટરને પણ જોયો ત્યારે એનું મન ઢીલું પડયું અને એણે પેપરના સવાલોની પદ્ધતિ કહેતાંકહેતાં કંઈક આડકતરી અને કંઈક સીધી રીતે થોડાક સવાલો કહ્યા.

પહેલી એપ્રિલે પરીક્ષા શરૂ થઇ. પોતાના ગુરુએ સૂચવેલા પ્રશ્નોના ઉત્તરો બરાબર તૈયાર કરીને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પ્રફુલ્લ ચહેરે પરીક્ષાખંડમાં દાખલ થયાં, પણ જેવા પ્રશ્નપત્રો એમના હાથમાં આવ્યા, એવા જ એમના મોતિયા મરી ગયા. આલ્ફ્રેડે કહેલા પ્રશ્નોમાંનો એક પણ પ્રશ્નપત્રમાં ન હતો! પરીક્ષા તો એમણે ગમે તેમ કરીને આપી; પણ સમય પૂરો થતાં જ સૌ આલ્ફ્રેડ પાસે ગયાં. એમના સૌના ભારે કકળાટ સામે એણે માત્ર એક જ શબ્દ ઉચ્ચાર્યો: 'એપ્રિલ ફૂલ!' અને એમ આ જાણીતા પર્વનો જન્મ થયો.

આ ઘટના છાપામાં છપાઇ અને પછી તો દર વર્ષના એપ્રિલની પહેલીએ આવી જાહેર મજાકો થવા લાગી. ધીમે ધીમે એ પર્વ યુરોપની સીમાઓ ઓળંગી દુનિયાભરમાં જાણીતું થઈ ગયું.

તમને કદાચ થશે કે આ કોઈ દંતકથા હશે અથવા મેં મારા ભેજામાંથી ઉપજાવી કાઢી હશે; પણ હકીકતમાં આ તદ્દન સાચી ઘટના છે. 'કુમાર' માસિકના ગયા માર્ચ માસના અંકમાં 'એપ્રિલ ફૂલ'ની ઉત્પત્તિ વિષે ત્રણ પાનાંનો એક લાંબો લેખ આવેલો છે. એ લેખમાં એપ્રિલ ફૂલના દિવસે બનેલા અનેક રમૂજી કિસ્સાઓ આપેલા છે. એ આખો લેખ હવે તમે જાતે વાંચી જજો

હરિવદન પટેલ

(એક કન્યાહાઈસ્કૂલમાં 'પહેલી એપ્રિલ'ની સભામાં આપેલું ભાષણ)

અનુસંધાન] રંગગઠરિયાં [પૃ ૮૯થી

રાજા લીઅર, અને નવી અભિનયકલાનો પ્રવર્તક સ્ટાનિસ્લાસ્કી એના સંપર્કમાં આવે છે. એટલું જ નહિ પણ જ્યારે એ હિટલરના ત્રાસથી નાસે છે, ત્યારે એ જાય છે ડેનમાર્ક, ત્યાંથી ફિનલૅન્ડ, ત્યાંથી રશિયા, ત્યાંથી ટ્રાન્સ સાઇબિરિયાની ટ્રેનમાં ચીન, જાપાન, કલકત્તા, બનારસ, દાર્જીલિંગ, બરમા થઈ અમેરિકા, એમ ઠેકઠેકાણે ફરતાં જોતાં જે અવનવું જુએ છે તે ગ્રહણ કર્યે રાખે છે. 'ગરીબો નાના મનના છે, પૈસાદારો ઘાતકી અને અણઘડ છે, યુદ્ધ એ મનુષ્યનો સ્વભાવ છે, ન્યાય જેવી કોઈ પ્રથા હસ્તીમાં જ નથી, એક માનવી બીજા માનવીનો પ્રામાણિકપણે અભિપ્રાય આપી શકે નહિ, બદી ચારેકોર ખદબદી રહી છે ને રહેશે' એવીએવી એની માન્યતાઓ. એ એની કૃતિઓમાં પણ જોવા મળે. રંગભૂમિ ઉપર માયાજાળ બાંધવાની જરૂર નથી. પ્રેક્ષકોના ભાવ ઉપર અસર કરવાને બદલે એમની બુદ્ધિને જ સંકોર્યા કરવી; એમને ઉશ્કેરવા નહિ; નટે પાત્ર સાથે કશું તાદાત્મ્ય સાધવું નહિ; સસ્પેન્સ સાધવાની જરૂર નથી; નાટકશાળા એટલે બોધ દેવાનો એક ખંડ;—એવાંએવાં એનાં મંતવ્યો. ક્યાંક વિરોધાભાસ પણ જડે. રજૂઆતમાં આજે તો જોવા મળે જ છે. એના જીવનના પ્રેમ પ્રસંગોને છણવાનું આ સ્થાન નથી. પરંતુ એની એ બધી ચિત્રવિચિત્ર માન્યતાઓ બાજુએ રાખીએ તો પણ એ એક બહુ મોટો કવિ હતો એ કબૂલ કર્યા વિના સૌકોઈને છૂટકો નથી થતો.

એનો ભાષા ઉપર ભારેનો કાબૂ. એણે નવી જ ભાષા અને શબ્દરચના આપી. લખાણમાં ભારોભાર કવિતા. એનો અનુવાદ કરવો મુશ્કેલ. કહેવાય છે કે એણે નાટકો 'લખ્યાં' નથી, (લખ્યા ઉપર ભાર) એણે નાટકો 'રચ્યાં' છે, કાવ્યરચના કે સંગીતકૃતિઓની રચના કરવામાં આવે એમ. એવી એની ઢબ હતી. (રચવા ઉપર ભાર) એના સાહિત્ય ઉપર ભારે વિવેચના થઈ છે. એની નટની તાલીમ-વ્યવસ્થા માટે, રંગમંચ ઉપર નટની ક્રિયા માટે પણ ઘણી ચર્ચા થઈ છે. નટે પાત્રમાં તાદાત્મ્ય સાધવાનું નહિ, પણ શરૂઆતમાં સાધી, રંગભૂમિ ઉપર એણે પાત્રથી અળગા થઈ પ્રેક્ષકોને પાત્રની કર્મ–કુકર્મ–અપકર્મની ક્રિયાસરણી વિષે સજાગ કરી વિચારતા કરી દેવા જોઇએ. વિધિમાં એ માનતો નહિ. માનવી સમાજને પલટાવી શકે છે, એવું એ માનતો. રોશનીના ઉઘાડ ઓથારમાં કે રંગભૂમિને ભારોભાર સજાવવામાં એ માનતો નથી. પરદા-બત્તી બને એટલાં ઓછાં રાખી અભિનય કર્યે જાઓ, એમ એ કહેતો. ભાવનો અતિરેક કરવો નહિ. માયાજાળ ઊભી કરવી નહિ. નાટકની ગૂંથણીમાં પણ. અક્કલમાં ન ઊતરે એવું ગોઠવી દેતો. ખોટું જ હમેશાં જીતે, અસત્યનો જ જય છે. એ એનો મહામંત્ર! એ જ વાસ્તવિક સંસાર છે અને એમ જ ચાલતું આવ્યું છે અને એમ જ ચાલ્યા કરશે એવી ચિત્રવિચિત્ર માન્યતાઓથી એની કૃતિઓ ભરેલી છે. 'બેબી એલિફન્ટ' નાટકમાં હાથીના બચ્ચાએ માનું ખૂન કર્યું; એમાં મા જીવતી નીકળી; અને બચ્ચુ માનું નહિ, મા એ બચ્ચાની પણ નહિ. એમ સાબિત થયું; તો પણ બચ્ચાને ખૂન માટે ફાંસીની સજા તો થઈ જ! મગજમાં ન ઊતરે, પણ વાત બરાબર છે; કારણ આપણી દુનિયામાં ઘણી વાર સાચો ખૂની છટકી જતો આપણે જોવામાં આવે છે અને નિર્દોષ ફાંસીને માચડે ચડે પણ છે. (ચાલુ)

આ માસ (માર્ચ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ

રા. બ. વિશ્વનાથ ધુરંધર

અંગ્રેજોના રાજ્ય અમલ પછી ચિત્રકળાનું પદ્ધતિસરનું શિક્ષણ આરંભાયું તેમાં મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ ઘણુંમહત્ત્વનુંસ્થાન ધરાવેછે. ત્યાં તૈયારથએલા ચિત્રકારોમાં રાવ બહાદુર વિશ્વનાથ ધુરંધરની કારકિર્દી ઘણી જ યશસ્વી ગણાઈ છે. એ શાળામાં જ એમણે કલાભ્યસ કર્યો અને આગળ જતાં એના સંચાલનમાં બહુ અગ્રસ્થાને તેઓ પહોંચ્યા, એટલું જ નહિ પણ દેશવિદેશમાં પણ એમણે સારી ખ્યાતિ મેળવી હતી. પાછળથી નામના કાઢનારા ઘણા ચિત્રકારો એમની પાસે શિક્ષણ પામ્યા હતા.



એમનો જન્મ ૧૮૭૧ના માર્ચની ૧૮મીએ મુંબાઇમાં થએલો, પણ એમનો શાળાભ્યાસ કોલ્હાપુરમાં થયો. મૅટ્રિક થયા પછી તેઓ સર જે. જે. કળાશાળામાં ચિત્રકળા શીખવા જોડાયા. વિદ્યાર્થી તરીકેની એમની ત્યારની કારકિર્દી ઘણી જ ઉજ્જ્વળ હતી. એ કાળે તેમણે બૉમ્બે આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં સુવર્ણચંદ્રક મેળવેલો. સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં અભ્યાસ કર્યા પછી ત્યાં જ ઉત્તરોત્તર અધ્યાપક, ઈન્સ્પેકટર, વાઈસ પ્રિન્સિપલ વગેરે જુદાજુદા સ્થાને રહીને એ શાળા દ્વારા એમણે ચિત્રકાર તરીકે અને ચિત્રશિક્ષક તરીકે ઘણી સારી કીર્તિ સંપાદિત કરી હતી.

સેવાનિવૃત્ત થયા પછી યે ત્યારે હિંદીઓને ક્વચિત જ પ્રાપ્ય એવા ઓફિશીએટિંગ ડાયરેકટર બનવાનું માન પણ શ્રી ધુરંધરને પ્રાપ્ત થયું હતું. એ વર્ષો દરમિયાનનાં ગુજરાતી મરાઠી ને અંગ્રેજી પ્રકાશનોમાં ધુરંધરનાં ચિત્રો અગત્યનાં આકર્ષક અંગ ગણાતાં હતાં. એ કાળે પરદેશમાં રજૂ થતા ભારતીય કલાના નમૂનાઓમાં એક યા બીજી રીતે ધુરંધરની સહાય અવશ્ય રહેતી. હિંદી કળા વિષેના પરદેશમાં પ્રગટ થએલાં જર્નલોમાં પણ એમની ઘણી કૃતિઓ રજૂ થએલી છે. અજંતા વિષેના ગ્રિફિથ્સે તૈયાર કરેલાં અને આજે તો અત્યંત મૂલ્યવાન ને અપ્રાપ્ય ગણાતા ગ્રંથોમાં ધુરંધરની પણ ઘણી સહાય લેવાએલી હતી.

ઈ. ૧૮૯૫માં એમનાં લગ્ન થએલાં. એ પત્નીનું બે વર્ષ પછી મરકીની મહામારીમાં અવસાન થતાં એમણે ફરી લગ્ન કરેલું. એમના પુત્ર ગણપતરાવ એક સારા ડૉક્ટર છેઅને પુત્રી અંબિકા ધુરંધર પણ ચિત્રકાર હોઈ ચિત્રકલાના વર્ગ ચલાવે છે.

ઇ. ૧૯૨૮માં એમને રાવબહાદુરનો ખિતાબ મળેલો. આ ખિતાબ મેળવનાર તેઓ પહેલા હિંદી ચિત્રકાર હતા. અને પોતાની કલા-કામગીરી માટે તો એમણે અનેક સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા.

નવી દિલ્હીમાં ઈમ્પીરીઅલ સેક્રેટરીએટના મકાનમાં પણ એમણે ચિત્રો કરેલાં. સકુટુંબ એમણે વિદેશમાં પ્રવાસ પણ કરેલો. ઇ. ૧૯૩૨માં લંડનમાં એમનાં ચિત્રોનું પ્રદર્શન થયું. એમાંનું એક ચિત્ર રાણી મેરીએ બકિંગહામ પૅલેસમાં રાખેલું. ત્યાં તેમને રૉયલ સોસાએટી ઑવ આર્ટના ફેલો બનાવવામાં આવેલા. વેમ્બલીમાં પણ એમનાં ચિત્રો સારી પ્રશંસા પામ્યાં હતાં.

ચિત્રકળામાં એમને ચિત્રસંયોજનો દ્વારા વધુ ખ્યાતિ મળી હતી. સ્ત્રીપાત્રોથી ભરપૂર ધાર્મિક, ઐતિહાસિક કે સામાજિક વિષયો પર એમનું પ્રભુત્વ સવિશેષ સુંદરતાથી રજૂઆત પામતું.

મરાઠી, અંગ્રેજી અને ગુજરાતીમાં શ્રી ધુરંધરે કેટલાંક પુસ્તકો પણ પ્રકાશિત કરેલાં. જૂની પેઢીના તેઓ એક યશસ્વી ચિત્રકાર અને નવી પેઢીના પુરસ્કર્તા કલાકાર તરીકે એમની ગણના થાય છે.

ઇ. ૧૯૪૪માં એમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૩ ભારતના મહાન ઉદ્યોગપતિ ને શાહી સખાવતી સર જમશેદજી તાતાનો જન્મ, ૧૮૩૯.

તા. ૪ જગતમાં સૌપહેલી વાર વીજળીની ટ્રામગાડીઓનો વહેવાર ચાલુ થયો, ૧૮૮૨.

તા. ૮ રશિયામાં જાલિમ રાજાશાહી સામે જબ્બર લોકક્રાંતિનાં મંડાણ થયાં, ૧૯૧૭.

તા. ૧૨ ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહની એમની ઐતિહાસિક દાંડીકૂચનો આરંભ કર્યો, ૧૯૩૦.

તા. ૨૨ નેતાજી સુભાષચન્દ્ર બોઝની આઝાદ હિંદ ફોજે ઇમ્ફાલમાં પ્રવેશ કર્યો, ૧૯૪૪.

તા. ૨૩ લાહોર કાવતરા કેસ અંગે ક્રાંતિવીર ભગતસિંહ તથા અન્ય શહીદોને ફાંસી અપાઇ ૧૯૩૧.

તા. ૨૮ હિંદમાં બાળલગ્ન પર પ્રતિબંધ મૂકતો ઐતિહાસિક સારડા કાયદો અમલમાં મુકાયો, ૧૯૩૦.

તા. ૩૦ હિંદુસ્તાન અને ઇંગ્લંડ વચ્ચે વિમાન-વ્યવહારનો આરંભ થયો, ૧૯૨૯.

પ્રસંગવિશેષ : ઈંગ્લંડ અને સ્કૅાટલૅન્ડનું જોડાણ, ૨૪મી માર્ચ ઇ. સ. ૧૬૦૩

ઈંગ્લંડ અને સ્કૅાટલૅન્ડ બંને એક સમય અલગ મુલક જ ગણાતા હતા. ઇંગ્લંડની ઇંગ્લિશ પ્રજા સ્કૅાટલૅન્ડની સ્કૅાટ પ્રજાથી આજે યે ભિન્ન જણાઈ આવે છે. ત્રણ સદીઓ પહેલાં તો એ ભિન્નતા ઘણી જ તીવ્ર હતી. એમની ધર્મભાવના, એમના કાનૂનો, એમની શિક્ષણપ્રથા અને એમની રમૂજવૃત્તિમાં પહેલેથી જ ઘણો તફાવત જોવા મળે છે. બંને પ્રજા અને એમની સંસ્કૃતિનાં મૂળ અલગઅલગ જ છે. અને એટલે એ બંને પ્રજા વચ્ચે હમેશનો ઝગડો તથા અનેક રાજદ્વારી કાવાદાવા ચાલતા જ રહ્યા હતા. સ્કૅાટલૅન્ડની રાણી મેરીના ઇંગ્લંડની રાણી ઇલિઝાબેથ પહેલીએ શા હાલ કરેલા એ તો ઈતિહાસવિદિત છે. પણ ઈંગ્લંડની કુંવારી રાણી ઈલિઝાબેથ પહેલીનું અવસાન થયું ત્યારે એના પછી ગાદીવારસ તરીકે એ વખતે નજીકમાં નજીકનો હકદાર સ્કૅાટલૅન્ડનો રાજા જેમ્સ ચોથો જ હતો. ઈ. ૧૬૦૩ની ૨૪મી માર્ચે એ જેમ્સ પહેલાના નામે ઇંગ્લંડની ગાદી પર બેઠો. અકબરના મૃત્યુ પહેલાંનાં બે વર્ષ પરનો એ પ્રસંગ છે. ઈંગ્લંડ અને સ્કૅાટલૅન્ડને વર્ષોના વિગ્રહો પણ એક નહોતા કરી શક્યા એ કામ આમ તદ્દન સરળતાથી પતી ગયું. જેમ્સ (પહેલો) રાજાના દૈવી હકના સિદ્ધાંતમાં માનતો હતો. પાર્લમેન્ટ પ્રત્યે એને અણગમો હતો. ઇલિઝાબેથ જેટલી રાજદ્વારી ચતુરાઈ એનામાં નહોતી. થોડા જ વખતમાં પાર્લમેન્ટ સાથે એને ઝગડા થવા માંડ્યા. એના વખતમાં જ ઇંગ્લંડના અણનમ પ્રૉટેસ્ટંટો પોતાના વતનનો હમેશ માટે ત્યાગ કરીને 'મે ફ્લાવર'માં બેસી આટલાંટિક મહાસાગરની પેલી પાર નવા અને જંગલોથી છવાએલા મુલકમાં જવાને નીકળી પડ્યા. આ જેમ્સ પહેલાનો પુત્ર ચાર્લ્સ પહેલો પણ બાપને પગલે ચાલી પોતામાં દૈવી અંશ હોવાનો ઘમંડ સેવતો હતો ને પરિણામે લોકોએ એની સામે બંડ કરી એનો શિરચ્છેદ કર્યો. ગમે તેમ પણ ઇંગ્લંડની ગાદી પર સ્કૅાટ રાજા આવવાથી એ બંને પ્રદેશોનો રાજ્યવહીવટ એકબીજા સાથે સંકળાયો તો ખરો જ. જોકે ઇંગ્લંડની પાર્લમેન્ટમાં તો છેક ઇ. ૧૭૦૭ પછી સ્કૅાટ પ્રતિનિધિઓ બેસતા થયા હતા.

ધન જોબન ને ઠાકરી, તે ઉપર અવિવેક,
એ ચાર ભેગાં મળ્યે, કરે અનર્થ અનેક.

આધુનિક શસ્ત્રક્રિયાના 'પિતા' ગણાતા હાર્વે કુશિંગની સામે ઑપરેશન થીએટરના ટેબલ પર એક બીમાર સ્ત્રી પડી હતી. ઑપરેશન માટેનાં તમામ સાધનો તૈયાર હતાં. અરધા કલાકમાં ઑપરેશન થઈ જાય તો જ બાઈ બચે એમ હતી. ત્યાં તો બહારથી કોઈ સમાચાર લાવ્યું કે ડૉક્ટરના મોટા પુત્ર મોટર અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે! ક્ષણેક માટે હાલી ગએલા ડૉક્ટરે પોતાની જાતને તરત સંભાળી લીધી ને ઑપરેશન પતાવીને બહાર નીકળ્યા પછી જ પોતાના પુત્ર માટે આંસુ સાર્યાં.

કહેવતોના અર્થ: 'ઘેંશમાં કોઈ ઘી ન નાખે.' નમાલા માણસને કોઈ માન ન આપે, અથવા નિર્માલ્ય વસ્તુ પર કોઈ નિરર્થક ખર્ચ ન કરે કે તેની પાછળ વૃથા મહેનત ન કરે એ ભાવ વ્યક્ત કરવા માટેનું આ કહેવતમાંનું ઉદાહરણ સમુચિત છે. એને મળતી બીજી કહેવતો: 'ગધેડા પર અંબાડી'; 'ધૂળ ઉપર લીંપણ'.

એક અક્ષરનો અનેકાર્થી શબ્દ

ધી—અક્કલ, ચતુરાઇ, જ્ઞાન; તેજ; દુર્ગાદેવીનું એક નામ; દીકરી, બેટી; ભક્તિ; મન; એક રુદ્રાણી, રુદ્ર મન્યુની સ્ત્રી; વિચાર.

જાણો છો?

'ઍપ્રિલ ફૂલ'નો દિવસ મનાવવાનો આરંભ ચારસો વર્ષ પહેલાં ફ્રાંસમાંથી થયો હતો.

અણુ બૉમ્બ ફોડનારા

અમેરિકા:	●૨૪૧	ફોડ્યા
રશિયા:	●૧૨૭	,,
બ્રિટન:	● ૨૪	,,
ફ્રાન્સ:	૫	,,
ચીન:	૨	,,


● હાઇડ્રોજન બૉમ્બ સાથે સંખ્યા


ચશ્માંની શોધ ઈ. ૧૨૯૩માં એક ઈટાલિયને કરી.

દક્ષિણ-પૂર્વ રેલમાર્ગ પર ભારતમાં માત્ર બે જ અક્ષરો (IB)ના નામવાળું સ્ટેશન છે!



સીલોને ગયા મહિને બહાર પાડેલી આ ચાર નવી ચાલુ ટપાલ-ટિકિટોમાં દરેક પર ત્યાંનું એક એક મુખ્ય પક્ષી બહુ સુંદર રંગોમાં છાપેલું છે. (પ્રેષક: પી. એન. વર્મા, અમદાવાદ)






કલાકણિકા: ડિસેમ્બર અંકમાં આપેલા નમૂનાઓના અનુસંધાનમાં આયર્લૅંડના પ્રાચીન 'કેલ્ટ' સંસ્કૃતિકાળના ગ્રંથ સુશોભનના બે નમૂના.

એટલો આત્મવિશ્વાસ કેળવો કે દુનિયાને જેની સૌથી વધારે જરૂર છે એ વ્યક્તિ **તમે** છો.


ઝંડુ
બાલામૃત
ઝંડુ
સતાવરેક્ષ
સ્ત્રીઓ માટે, ખાસ, કરીને ગર્ભાધાન તથા ધાવણ આવવાના સમયમાં અત્યંત ઉપયોગી ટૉનિક.
પંચારિષ્ટ
ZANDU
ઝંડુ ફાર્માસ્યૂટિકલ વકર્સ લિમિટેડ, મુંબઈ–૨૮



સાગરકાંઠાનું સૌન્દર્ય (ફોટો · સ્ટેલા સ્નીડ) ઓટનાં ઊતરતાં પાણી દરિયાકાંઠાની રેતીમાં જે અદ્‌ભુત સૃષ્ટિ રચે છે એ આપણી નરી આંખે તો અછતી રહી જાય પણ ફોટોકલાકાર સ્ટેલા સ્નીડની (પરિચય આ અંકની કલાવાર્તામાં) સૌન્દર્યપારખુ કલાદૃષ્ટિએ એના સૌન્દર્યને અચૂક પારખી લીધું છે.

